

ર્ષ ૧ લું

નવચેતન પ્રકાશન ૪૫ — પુસ્તક ૧ લું

નતન ગ્રંથમાળા પુ. ૧. — આવૃત્તિ ૨ જી

ત્રણ હૈયાં

લેખક

શ્રી. કૃષ્ણલાલ શાહ

●

નવચેતન સાહિત્ય મંદિર

૨૪૫૬ : ભદ્ર, અમદાવાદ.


પ્રકાશક
પુરુષોત્તમ પૂ. પારેખ
નટવરલાલ લ. વોરા
નવચેતન સાહિત્ય મંદિર : ૨૪૫૬; ભદ્ર : અમદાવાદ

૧ લી આવૃત્તિ : કારતક ૨૦૦૦
૨ જી આવૃત્તિ : ફાગણ ૨૦૦૦

કિંમત
પાકું પૂંઠું રૂા. ૨-૧૨-૦.

વાર્ષિક લવાજમ દેશમાં
પાકું પૂંઠું રૂા. ૮)
પોસ્ટેજ અલગ

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ



અર્પણ

વડીલ તરીકે જેઓ
મને સદાએ પૂજનિય છે
એ
પિતાતુલ્ય પૂજ્ય મામા
શ્રી. નંદલાલ બોડીવાળાને

નિવેદન

અમને જણાવતાં હર્ષ થાય છે કે, 'નૂતન ગ્રંથમાળા' નામની નવી ગ્રંથમાળાનું પ્રકાશન અમે નવા વર્ષથી હાથ ધર્યું છે. જેનું પહેલું પુસ્તક "ત્રણ હૈયા" શ્રી. કૃષ્ણલાલ શાહ કૃત ગુજરાત સમક્ષ મૂકતાં અમને આનંદ થાય છે. ગુજરાતે જેમ ગૃહલક્ષ્મી ગ્રંથમાળાને પોતાની કરી છે તેમ આ 'નૂતન ગ્રંથમાળા'ને પણ પોતાની કરી લેશે એવી અમને શ્રદ્ધા છે.

શ્રી. કૃષ્ણલાલ શાહ એક આશાભર્યા યુવાન લેખક છે. ભૂતકાળમાં તેમની અનેક નવલિકાઓના સંપર્કમાં અમે આવ્યા છીએ અને એમનું આ 'ત્રણ હૈયાં'નું સર્જન એ નવલિકાઓની ઉત્તમ કસોટી પછી સર્જાયલું અલૌકિક સર્જન છે. એ વાંચક જાતે જ વાંચી વિચારશે તો લેખકની સ્વતંત્ર વિચારશ્રેણી નૂતનયુગમાં પગલીઓ પાડતી માલૂમ પડશે. ભવિષ્યમાં તેઓ આથી પણ વધુ સમૃદ્ધ સાહિત્ય સર્જે એવી આશા આપણે કાં ન સેવીએ !

'ત્રણ હૈયાં'ને અમારી સંસ્થાને આપવા બદલ ભાઈ કૃષ્ણલાલ શાહના અમો આભારી છીએ.

અમારૂં આવતું પુસ્તક 'જીવનસાથી' ગુજરાતના સમૃદ્ધ સાહિત્યકાર શ્રી ડુંગરસી સંપટનું બહાર પડશે.

લિ૦

નવચેતન સાહિત્ય મંદિર
ભદ્ર, અમદાવાદ

પુરુષોત્તમ પારેખ
નટવરલાલ વોરા
સંચાલકો

૨ જી આવૃત્તિનું નિવેદન

નવચેતન સાહિત્ય મંદિરે આજ દસ વર્ષથી અનેક ગ્રંથો પ્રસિદ્ધ કરી લોકહૃદયમાં સ્થાન મેળવ્યું છે તે બદલ વાંચકવૃંદના અમો આભારી છીએ.

અમને જણાવતાં આનંદ થાય છે કે, અમારા અગાઉના અનેક પ્રકાશનોમાં 'ત્રણ હૈયાં' એ જનતાના હૃદયને સ્પર્શ્યું છે.

જનતા જનાર્દન છે. એને આદર્શો સાથે વાસ્તવિકતાનાં દર્શન અને માર્ગ સાંપડે તો એ સાહિત્યને કેવી રીતે ઝીણી લે છે તેનો પૂરાવો 'ત્રણ હૈયાં'ની ૨ જી આવૃત્તિથી સાંપડે છે.

ભાઈ કૃષ્ણલાલ શાહે સાહિત્ય જગતના પગથારે પહેલું જ પગથિયું ભર્યું ત્યાં તો 'ત્રણ હૈયાં'ને જનતાના હૈયાંએ ઓળખ્યાં અને તેમને આવા અનેક હૈયાંઓની મૂંઝવણના ઉકેલનો માર્ગ સરળ કરી આપ્યો; ભવિષ્યના તેમના સર્જનો કાજે તેમના હૈયાનો ભાર પણ હળવો કરી દીધો એ શું આશ્ચર્યની ઘટના નથી ?

લેખક અને પ્રકાશકની ઊર્મિઓ-ભાવના જનતા પિછાણે છે, એનો 'ત્રણ હૈયાં' પૂરાવો છે.

ગુજરાતના શિષ્ટ સમાજે 'ત્રણ હૈયાં'ને અપનાવ્યું છે તે બદલ તેમના ખરેખર અમે ઋણી છીએ.

લિ૦ સેવકો,
પુરુષોત્તમ પારેખ
નટવરલાલ વોરા
સંચાલકો

નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬ : ભદ્ર : અમદાવાદ

લેખકનું નિવેદન

હું નવલકથાકાર કે સાહિત્યકાર નથી. સાહિત્યકાર હોવાનો દાવો પણ કરતો નથી.

સને ૧૯૪૦ માં પૂ. મહાત્માજીની રાહબરી હેઠળ વ્યક્તિગત સત્યાગ્રહનાં મંડાણ થતાં સને ૧૯૪૧ ના માર્ચની ૧૦ મી તારીખે હું જેલવાસી બન્યો, અને સને ૧૯૪૧ ના ઑગસ્ટની ૧૦ મી તારીખે જેલમાંથી બહાર આવ્યો આ પાંચ માસના જેલવાસ દરમિયાન મને મારા મિત્ર શ્રી જ્યંત પાઠક તરફથી "અખબાર નવેશની આત્મકથા" એવું કંઈક લખવા માટે વારંવાર આગ્રહ થયા કરતો હતો; પરંતુ એ વિષય લખવાની મેં શરૂઆત કરવા છતાં અધુરો

રહ્યો હતો અને એને બદલે મારી કલ્પનામાં રમી રહેલી એક આદર્શ નર્તકીની જીવનકથા આલેખવાનો મેં પ્રયાસ કર્યો અને "અલકાને" નામે મેં મારી વાતનો આરંભ કર્યો પરંતુ નર્તકી "અલકા"ની સાથે બે વધુ પાત્રોએ ભાગ ભજવ્યો. તે મારી વાતોનાં "બિહારી" અને "સુમિત્રા" આમ બે સ્ત્રી અને એક પુરુષના વિધવિધ જીવનની બાજૂઓ મેં આ વાતોમાં ઉતારવાનો પ્રયાસ કર્યો છે. એને પરિણામે આખી નવલકથા ત્રણ પાત્રોમાં વણાઈ ગઈ હોવાથી મારી "અલકા" "ત્રણ હૈયાં" બનીને આજે બહાર પડે છે. એવામાં અચાનક અમદાવાદમાં ભભૂકેલી કોમી આગ અને શાંતિસેવક સંઘના આદર્શે "અલકા"નું નવેસરથી ઘડતર કર્યું. આ બનાવોને પરિણામે "અલકાના" આત્મા અને કલેવરનું નવસર્જન થયું. એક નર્તકી, જીવનભર સેવાની આહલેક જગવનાર અજોડ કાર્યકર અને એની સખી સમી એક યુવતી એમ ત્રણ વ્યક્તિઓના જીવનનો સુમેળ સાધીને "અલકા" આજે "ત્રણ હૈયાં" રૂપે બહાર પડે છે.

આ પુસ્તકના ગુણદોષોમાં કેટલાક સુધારા વધારા સૂચવી તેમાં જરૂરી ફેરફાર કરવા માટે હું મારા મિત્ર શ્રી લક્ષ્મીપ્રસાદ જ. આચાર્યનો આભારી છું.

સૌથી વિશેષ આભાર તો મારે નવચેતન સાહિત્ય મંદિરના સંચાલકો શ્રી પુરુષોત્તમ પૂ. પારેખ અને નટવરલાલ લ. વોરાનો માનવાનો રહે છે, કે જેઓએ આ પુસ્તકના પ્રકાશનમાં ઉત્સાહપૂર્વક સાથ આપ્યો છે. આ ઉપરાંત આ પુસ્તકમાં પોતાની જાહેર ખબરો આપી મારા પ્રકાશનમાં પ્રોત્સાહન આપવા બદલ હું તેઓનો પણ આભારી છું. "ત્રણ હૈયાં" જેવું છે તેવું, ક્ષતિઓ દરગુજર થવાની આશા સાથે, લગભગ અઢી વર્ષના ગાળા બાદ પુસ્તક રૂપે રજૂ કરતાં મને આનંદ થાય છે. "ત્રણ હૈયાં" વાંચક વર્ગને ગમશે કે નહિ એ હું તેમની પરજ છોડું છું.

શાહપુર, અમદાવાદ. **કૃષ્ણલાલ ચીમનલાલ શાહ**

૨ જી આવૃત્તિનું લેખકનું નિવેદન

"ત્રણ હૈયાં"ની બીજી આવૃત્તિ આટલા ટૂંક સમયમાં થશે એની મને કલ્પનાએ ન હતી પરંતુ "ત્રણ હૈયાં"ની બીજી આવૃત્તિ કરવાનો વિચાર જે ઘડીએ નવચેતન સાહિત્ય મંદિરના સંચાલકો શ્રી. પુરુષોત્તમ પૂ. પારેખ અને શ્રી. નટવરલાલ લ. વોરાએ મારી આગળ મૂક્યો ત્યારે મેં તેને સંમતિ આપી.

લાંબુ વિવેચન નહિ કરતાં ગુજરાતની જનતાએ "ત્રણ હૈયાં"ને પોતાના હૈયાંમાં સમાવી જે આવકાર આપ્યો છે તે બદલ તમામ ગુજરાતી સાહિત્ય પ્રિય સ્ત્રી પુરુષનો હું ખુબજ ઋણી છું. "ત્રણ હૈયાં"ને આવકારવા બદલ હું ગુજરાતી જનતાનો અને પ્રકાશકો શ્રી. પુરુષોત્તમ પારેખ અને શ્રી. નટવરલાલ વોરાનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

"ત્રણ હૈયાં" સૌના "હૈયાં"માં વસ્યાં છે એજ મારો આનંદ છે.

તા. ૧૮–૨–૪૪ લી. કૃષ્ણલાલ શાહ

પ્રસ્તાવના

ભાઈ કૃષ્ણલાલ શાહના આ પુસ્તકને ગુજરાતી વાંચકો સમક્ષ રજૂ કરતાં મને આનંદ થાય છે. ભાઇ કૃષ્ણલાલ ઉત્સાહી તરુણ છે સર્જનાત્મક સાહિત્ય ક્ષેત્રમાં એમનો આ પ્રથમ પ્રયાસ છે છતાં તેમણે નવલ કથાની લેખન કળા સારી રીતે હસ્તગત કરી છે એટલું જ નહિ પણ કેટલેક સ્થળે તો શિષ્ટ બંગાળી નવલકથાનું સ્મરણ થાય છે. એમની શૈલી સરળ અને ભાવવાહી છે. અને

કથાની નાયિકા અલકાની જેમ સ્વતંત્ર પણ છે અર્થાત્ એને ઝાઝા બંધનો નડતા નથી. દાખલા તરીકે એકજ વાકયમાં જીવન જેવા સંસ્કૃત શબ્દ સાથે લુત્ફ જેવા પરદેશી શબ્દનો પ્રયોગ પણ કરવામાં આવે છે. તેમ છતાં એ અલકાની પેઠે તે ભાવવાહી અને રમ્ય પણ છે.

વસ્તુગૂંથન તથા પાત્રવિધાન પણ સુંદર રીતે થયું છે. એકંદરે આ એક સફળ પુસ્તક છે એમ કહી શકાય.

આ કથાની ઝીણુવટભરી સમીક્ષા કરવાનો મારો હેતુ નથી. હૈયાંઓનું પૃથક્કરણ થઈ શકતું નથી; અને કોઈ કરવા બેસે તો તેમાં સાર નીપજતો નથી. હૈયાંઓની શુભ–અશુભ ઊર્મિઓ, એના નિશ્વાસો, એ બધાની રસગાથા પૃથક્કરણ જે સમીક્ષાઓથી પર–ઉપર હોય છે. એ જીવનના રસ ઉલ્લાસો જે રાગ–વિરાગ માત્ર અનુભવથી જ સમજી શકાય છે. પણ હૈયાંઓની આ વાર્તામાં સાથે સાથે એક બે સામાજિક વિષયો પણ ગૂંથી લીધા છે. પણ એ વિષયોની ચર્ચામાં ઉતરવું અત્રે અસ્થાને છે. હું તો માત્ર ભાઈ કૃષ્ણલાલને અભિનંદન આપી વિરમું છું.

અમદાવાદ

બટુભાઇ ઉમરવાડિયા

ધનતેરસ ૧૯૯૯

આભાર દર્શન

મિલ માલિક મંડળના કાર્યદક્ષ અને ગુજરાતના જાણીતા નાટય સાહિત્યકાર બટુભાઈ ઉમરવાડિયા કે જેઓએ પોતાના કિંમતી સમયના ભોગે તેમની નાદુરસ્ત તબિયત હોવા છતાં " ત્રણ હૈયાં "ની પ્રસ્તાવના લખી આપવા બદલ તેમનો હું અંતઃકરણ પૂર્વક આભાર પ્રદર્શિત કરું છું.

લેખક

અનુક્રમણિકા

ગૃહલક્ષ્મી ગ્રંથમાળાના પ્રકાશનો

તરંગિણી	(રમણિક મહેતા)	૦-૧૦-૦
જલિની	(દિવ્યાનંદ કૃત)	૦—૮-૦
રાસનલિની	(કેશવ શેઠ)	૧—૦-૦
ફૂઈબા કાકી	(સ્વ. જાગીરદાર)	૧—૪-૦
કવિવર ટાગોર	(કાન્તિલાલ શાહ)	૦-૧૨-૦
જીવંત જ્વાળા	(મનનિય લેખો)	૧—૦-૦
મંદાર માલા	(કેશવ શેઠ)	૧—૪-૦
આશા	(મકનજી પરમાર)	૧—૮-૦
પ્રીતમની પ્યાસ	(દિવ્યાનંદ કૃત)	૧—૮-૦
આનંદબત્રીસી	(જદુરાય ખંધડિયા)	૨—૦-૦
રાસરંજના	(જગુભાઈ, વાડીલાલ શાહ)	૧-૧૨-૦
આજકાલ	(પુરુષોત્તમ પારેખ)	૧—૮-૦
એકાકી	(નર્મદાશંકર શુકલ)	૧—૪-૦
વલ્કલ	(જસવંત ઠાકર)	૧—૪-૦
દત્તા	(શરદ બાબુ)	૧-૧૨-૦
દિગંત	(મોહિની ચંદ્ર)	૧—૪-૦
અનુરાધા	(શરદ બાબુ)	૨—૦-૦
યોગી કોણ ?	(દિવ્યાનંદ કૃત)	૧—૮-૦
ઉમા	(પ્રહલાદજી)	૧—૮-૦
શોભા	(ઈન્દ્ર વસાવડા)	૨-૧૨-૦
નિર્મળા	(પ્રેમચંદજી)	૧—૪-૦
જીવન નિર્માણ	(ચિરંતન)	૨—૦-૦
સ્વાધ્યાય	(ડૉ. હરિપ્રસાદ)	૧-૧૨-૦
કલ્યાણને માર્ગે	(રમણિકલાલ દલાલ)	૨—૪-૦
સુભગા	(સીતારામ શર્મા)	૩—૦-૦
ગંગાના નીર	(ઇંદ્ર વસાવડા)	૩—૦-૦
બહેન	(નીરૂપમાદેવી)	૪—૦-૦
ઇશ્વરનું ખૂન	(દિવ્યાનંદ)	૨-૧૨-૦
ગ્રામીઝમ	(શ્રી રામરાય મુનશી)	૩-૮-૦

શ્રીદેવી (બંકિમચંદ્ર) ૩-૮-૦   અક્કલના ખાં (બેકાર) ૩—૦-૦
ચંદા (ઇંદ્રવસાવડા) ૩-૦-૦   કુંદન (બંકિમચંદ્ર) ૩—૮-૦
કલાની સહચરી (સોમાભાઈ)૨-૮-૦   સોરવણાં (વિનોદ ભટ્ટ)૨—૮-૦

નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૫૬ : ભદ્ર : અમદાવાદ

ત્રણ હૈયાં

[સામાજિક નવલકથા]

રાત ઘેરાતી હતી

પ્રકરણ પહેલું

ચાંદની રાત જામતી હતી.

"બિહારી હજી ન આવ્યો !" અલકા તૃષાભરી દૃષ્ટિ માંડીને રાહ જોતી અટારીએ ઊભી હતી. જગત પર શશીએ એની રૂપેરી ચાદર બિછાવી હતી. "આજે હજી સુધી કેમ ન આવ્યો ! તોફાન તો નહિ થયું હોય !" અલકાની આંખમાં વેદના હતી.

કૌમુદીનાથ એનાં ધવલ કિરણો અલકાના ગૌર વદન પર રેલાવી રહ્યા હતા. જાણે ચંદ્રિકાને રિઝવતો હોય એ રીતે.

"કોણ જાણે શું થયું છે એને ! કોઈનું માનવું જ નહિ ને ! આજ તો ખબર લઈ નાંખું અને સાફ સાફ કહી દઉં કે, "હું તો તારાથી હવે થાકી—આ મજૂરોની બલા છોડવી છે કે નહિ ?" અલકા મનમાં ને મનમાં બબડી. મલય સમીરની લહેરીઓ અલકાના દેહ સાથે અથડાતી, એના લાંબા સુંવાળા કેશની લટો સાથે ગેલ કરી રહી હતી. સમીરના સૂસવાટા સાથે એના કેશ પણ નૃત્ય કરતા હતા.

અલકા હજી હમણાં જ સ્નાનાદિ કાર્યથી પરવારીને અટારીએ આવીને ઊભી હતી. પાણીથી ભીંજાયેલી રેશમી વાળની સેરો એના ગાલ પર આવીને પથરાઈ હતી. અલકા એની પીઠ પર ઝૂલો લેતા કેશકલાપને ઠીક કરતી. એના પિયુની વાટ જોતી અટારીએ ઊભી હતી.

"ઉસ્તાદજી, એને હું જેમ જેમ છૂટ આપતી જાઉં છું તેમ તેમ એ ખૂબ બેદરકાર બનતો જાય છે. ખાવાનું ભાન નહિ. પીવાનું

ભાન નહિ. આખો દહાડો એ અને એના મજૂરોની બલા! એ મજૂરીઆઓને પણ બીજો ધંધો નથી. તે આખો દિવસ બિહારીની આસપાસ ઘૂમ્યા કરે છે. હું આજે એને સાફ સાફ કહી દઈશ કે આ બધું મને નહિ પાલવે.ક્યાં તો હું નહિ કે એ લોકો નહિ. આ શું? આ કંઈ જીવન છે! ક્યાંએ શાંતિ જ નહિ. કેટલી મઝા પડે છે સંગીતના ગાનમાં અને સિતારના તાનમાં–જીવનની લુત્ફ છોડીને કામદારોની સિતાર પકડીને બેઠો છે." અલકા એકલી જ બોલે જતી હતી.

"કામદારોના ઘરોમાં વાગતી સિતાર આપણી સિતાર કરતાં વધુ દર્દભરી હશે અલકા!" બાજુમાં બેઠેલા ઉસ્તાદજીએ અલકા પ્રતિ નજર ફેંકીને કહ્યું.

"અલકા, તેં મજૂરોની ચાલીઓમાં વાગતી સિતાર કદી સાંભળી છે? અલબત્ત, એ આપણી સિતાર જેટલી મધુર નથી, કર્ણપ્રિય નથી પણ એ સિતારનાં ગીત જેઓ સાંભળે છે એમનાં જીવન બેદર્દ બને છે. એમની જિંદગી મજૂરોની એ દર્દભરી સિતારમાં ભળી જાય છે અને એ સિતારમાંથી ઊઠતો અવાજ એકે સ્થળે નથી સંભળાતો પણ જગતભરમાં એના પડઘા પડે છે. એવી અદ્દ્ભુત છે એ સિતાર. બિહારીને તો એ સિતારની લગની લાગી છે. એ તો નશો છે નશો, અલકા."

ઉસ્તાદે જોયું તો અલકાનું મોઢું પડી ગયું હતું એટલે તેમણે ફરીથી બોલવા માંડ્યું, "અલકા, એના માટે તારે રંજ ન કરવો જોઈએ. બિહારીએ જે માર્ગે પ્રયાણ કર્યું છે એ જ સાચો માર્ગ છે. મને તો બહુ મન છે કે હું પણ એની સાથે રાતદિન ભટક્યા કરું અને મારી સારંગીના સૂર આ મહાલયમાંથી નહિ પણ જ્યાંથી દુઃખ અને દર્દનો નાદ દુનિયાભરમાં ફેલાય છે ત્યાંથી મારી સારંગીના સૂર છોડું." અલકા એક ચિત્તે ઉસ્તાદના ઉદ્દગારો સાંભળી રહી હતી. એ કોઈ નવી દુનિયા પ્રતિ ખેંચાતી હોય એમ એને લાગ્યું.

"અલકા, આજ સુધીમાં આ ઘરમાં અનેક પુરુષો આવી ગયા છે. અનેક સ્હેલાણીઓ આ રંગમહેલની મોજ માણીને જતા રહ્યા છે

પરંતુ એક જ પુરુષ અહીં આવ્યો છે, જેના જીવનના રંગો અદ્‌ભુત છે. અલકા, બિહારી જેવો સાથી મેળવવા માટે તારે તારા જીવનને ધન્ય ગણવું જોઈએ." અલકા નિરુત્તર રહી. અલકાનો ઉસ્તાદ વૃદ્ધત્વમાં પ્રવેશી ચૂક્યો હતો. એની લાંબી દાઢી, મુખ પરની કરચલીઓ અને ઊંડી ગયેલી આંખો ઉસ્તાદની ઉંમરનો આછો ખ્યાલ આપતી હતી. ઉસ્તાદ અલકાનો નૃત્ય અને સંગીત શિક્ષક હતો. એની સાન્નિધ્યમાં રહીને અલકાએ નૃત્યનું શિક્ષણ સંપાદન કર્યું હતું અને સંગીત પર પણ કાબૂ મેળવ્યો હતો.

"ઉસ્તાદજી, આજે ગાવાની ઇચ્છા નથી થતી!" અલકાએ હારમોનિયમની પેટી પર હાથ ફેરવતાં ઉસ્તાદને સંબોધી કહ્યું.

"તો કંઈ નહિ, પણ નાચ તો કરીશને?"

"ના, નાચવાની પણ ઇચ્છા નથી." અલકાએ મોં બગાડીને જવાબ આપ્યો.

"નાચગાન વગર કેમ ચાલશે અલકા?"

"હું ક્યાં ના પાડું છું! પણ આજે દિલ નથી થતું" અલકાના ચહેરા પર ગમગીની હતી.

"બિહારી આવે તો?" ઉસ્તાદે બિહારીનું નામ લઈને અલકાના સામું જોયું. બિહારીનું નામ સાંભળતાં જ અલકાનું વદન પુલકિત થઈ ઊઠ્યું. એની આંખમાં ઉલ્લાસ ચમક્યો.

થોડીવાર મૌન રહી અલકાએ કહ્યું, "ઉસ્તાદજી, આ વખતે તો હું બિહારીની ખબર લઇ નાંખવાની છું. હું જેટલું કહું છું એ બધું હવામાં જ ઉડાડી દે છે. મેં એને એકવાર નહિ પણ હજારવાર કહ્યું કે આ બધી લપ તું છોડી દે, અને મારી સાથે મોજ કર. પણ મારું એ માનતો જ નથી."

"અલકા, તું જે ચાહે છે એ એનાથી કોઈ દિવસ નહિં બની શકે."

"નહિ શું બને? હું બનાવીશ ત્યારે જ છોડીશ."

ઉસ્તાદે ફરી અલકાની સામે મીટ માંડી અને એની બાલિશતા પર આછું સ્મિત ફેંક્યું. ઉસ્તાદે હસતાં હસતાં પોતાની સમીપ પડેલાં વાદ્ય અને મૃદંગ નજીક આણ્યાં અને મૃદંગ પર હાથ ફેરવતાં વાદ્યનો તાલ મેળવી અલકાને ઉદ્દેશી કહ્યું "ચાલ, હવે ઠેકી લે."

"તમે સાંભળતા નથી? મેં એક વખત તો ના પાડી કે આજ મારાથી કંઈ નહિ બને." અલકાએ છણકાઈને જવાબ આપ્યો. છતાં ઉસ્તાદ હસતો હતો. એણે એના વાદ્યને ક્યારનીએ ગતિ આપી હતી. અલકાની મનોદશાથી એ પૂરો પરિચિત હતો. રીસ પછીનું અલકાનું નૃત્ય અદ્‌ભુત વાતાવરણ સર્જતું. અલકાને ચીડવવામાં ઉસ્તાદને પણ મઝા આવતી હતી. અલકા મોં ફેરવીને બારીએ ઊભી ઊભી દૂર દૂર રસ્તા પર પ્રતીક્ષા કરી રહી હતી. બીજી બાજુ ઉસ્તાદે એના વાજિંત્રને વાચા આપી. ધીમી હલકથી વાદ્યના તાલ સાથે સૂર મેળવી એણે ગાવા માંડયું:

"પિયા મિલનકો આના........."

...અચાનક નીચે કોઈના આગમનનો પગરવ સંભળાયો, અલકાએ નીચે જોયું. એ બિહારી હતો. અલકાના ચહેરા પર તરવરતી ગમગીની દૃષ્ટિમર્યાદામાં જ ઉડી ગઈ અને એના વદન પર આનંદની રેખાઓ નૃત્ય કરી રહી. અલકાએ બારીનો સાથ છોડયો અને ઉલ્લાસમાં આવીને પગની ઠેકી લીધી. અલકાએ કહ્યું, "ઉસ્તાદજી, ચલાવો તમારાં વાદ્ય અને વાજિંત્ર, હું નાચ કરવા તૈયાર છું." ઉસ્તાદ હસ્યો અને એ હાસ્યનો પડઘો એણે પાસે પડેલા મૃદંગના તાલમાં સમાવી દીધો. અલકાના પગની ઠેકીએ ઓરડો ધમધમ્યો. ઉસ્તાદનું ગીત ચાલું હતું: "પિયા મિલનકો આના..." અને અલકાએ વીજળીક ગતિએ નૃત્ય આરંભ્યું. મેનકાનો અભિનય અને નૃત્ય એના અંગમાં પ્રવેશ્યાં હતાં. વિશ્વામિત્રને રીઝવવાની પણ ઉમેદ હતી. નૃત્યની ઠેકી લેતાં ખીંટી પર લટકતાં નૂપુર એણે પળવારમાં ઉપાડયાં અને એના નાજુક પગને ઝાંઝરથી જોતજોતામાં શણગારી દીધાં. અલકાનું નૃત્ય ચાલુ

હતું. ઉસ્તાદ તાનમાં આવ્યો હતો. સંગીત અને નૃત્ય એ બેનો અદ્દ્ભુત સંગમ થયો અને–અને અલકા નાચતી હતી. એના નાચ સાથે આસપાસનું વાતાવરણ પણ નૃત્ય કરતું હતું. ઉસ્તાદના હાથ વાદ્ય પર રમતા હતા અને એની આંખ પિયુના આગમનમાં મસ્ત બનેલી નર્તકીને જોતી હતી. પરંતુ નૃત્ય એકાએક થંભી ગયું. અલકાની દૃષ્ટિ દાદરના પગથિયાં માપી રહેલા બિહારી પર પડી અને એ ચમકી ઊઠી. ભયની એક તીણી ચીસ એના મોંમાંથી નીકળી ગઈ. બિહારીને એ કેટલોક વખત સુધી એમને એમ જોઈ જ રહી. મેડા પર આવીને બિહારી હીંચકે બેઠો હતો. અલકા એની પાસે ગઈ. એના કપાળ પર હાથ મૂકી માથાના વાળ સ્હેજ ઊંચાં કરતાં અંદરથી રક્ત વહેતુ હોય એમ જણાયું. બિહારીના લોહીનો સ્પર્શ અલકાના હાથને લાગ્યો અને એણે બૂમ મારી, “ઓય ! મા ! શું થયું તને પાછું ? હું કેટલીએ વાર કહું છું કે તું આ બધી લપ છોડી દે અને સુખી થા, પણ મારું તો માનવું જ નથીને !” અલકાની આંખમાં આંસુ હતાં. બિહારીએ એના સામું જોયું અને હસ્યો. અલકાના ખભા પર હાથ મૂકી એણે કહ્યું. “આ તો કંઈ નથી. ચાલ પગલી ! અંદર ચાલ.” છતાં અલકાની નજર તો બિહારીના ઘા પરજ ચોંટેલી હતી. થોડીવારમાં અલકાએ નર્સની કાળજીથી એના કપાળ પરનો ઘા સાફ કરીને એના પર દવા લગાવી સફાઈથી પાટો બાંધી દીધો અને છણકો કરતી હોય એ રીતે એ બોલી:

“ચાલ, હવે સુવાડી દઉં. તારે કંઈ હિસાબ નથી પણ અમે તો સ્ત્રી જાત, અમારો ક્યાં છૂટકો છે ?”

અલકાના ખભા પર હાથ ટેકવી અંદર જતાં બિહારીએ કહ્યું, “સ્ત્રીઓ ન હોય તો પુરુષોનું શું થાય ?”

“થાય શું વળી ? કંઈ અટવાતા મરે. સ્ત્રીઓનો ઉપકાર માનો ઉપકાર. સ્ત્રી વિના પુરુષ જીવી જ ન શકે.”

“એ તો હું નથી માનતો.”

"નથી માનતો તો હવે મનાવીશ. સ્ત્રીની જરૂર નહતી તો અહીં શું કરવા આવ્યો ?"

"મારે સ્ત્રીની નહિ પણ સ્ત્રીને મારી જરૂર હતી એટલે આવ્યો."

"જા હજી પાછો જવું હોય તો. આ એક ઘા પૂરતો નથી. બેચાર ઘા થવાની જરૂર છે." અલકાએ કૃત્રિમ રોષ પ્રગટ કરતાં કહ્યું.

* * *

અલકાએ અંતે બિહારીને પથારીમાં સુવાડ્યો. બિહારીના ઓશીકા નજીક પથારીમાં મોં ફેરવીને અલકા બેઠી હતી. બિહારી જાગતો હતો. અલકાનો હાથ એણે છાતી સરસો ખેંચ્યો.

અલકા છણકાઇને બોલી ઊઠી, "હું તારી સાથે બોલવાનીજ નથી."

"અબોલા લેવા છે?"

"હા, અબોલા"

"કેમ કંઈ થયું છે કે?"

"થાય શું વળી ? આ તારી જ ચિંતા કરી કરીને હું તો અડધી થઈ ગઈ. હવે તારે જંપીને બેસવું છે કે મને આમને આમ મારી નાંખવી છે?"

"મારા જીવનમાં જંપ છે ખરો અલકા ?" બિહારીએ અલકાને પોતાની નિકટ ખેંચતાં કહ્યું.

"નહોય તો શું કરવા આખી દુનિયાનો પોટલો લઇને ફરે છે?"

"હું જન્મ્યો છું જ એ માટે અલકા."

"તારી પાસે એ બધું હવે છોડાવીશ ત્યારે જ જંપીશ."

"મને કેદ કરી રાખીશ?"

"હા, જ્યાં સુધી વચન નહિ આપે કે હવે એ મજૂરોની બલામાં ફરીથી નહિ પડું ત્યાં સુધી."

"તું ભૂલે છે અલકા, જે દુનિયાના માનવીઓ સાથે મેં સંબંધ જોડયો છે એ જ આપણી ખરી દુનિયા છે. એમની વચ્ચે મેં મારી

જિંદગીને હોમી છે. પીડિતોની દુનિયામાં ઘૂમવું, એમની ચાલીઓમાં ફરવું અને એમના જીવનના રંગે રંગાવું એ બલા નથી અલકા. તમને ઉજળીઆતોને એ દુનિયાનો અંધકાર નહિ દેખાય. ત્યાં નથી રંગરાગ કે રોશની. ત્યાં અલકાનું નૃત્ય અને સંગીત પણ નથી. ત્યાં તો સદાએ હોય છે—ગરીબીની બેસૂરી અને દર્દભરી ચિત્કાર. એ જ મારી સાચી દુનિયા છે અલકા. મારે તો તને પણ ત્યાં ખેંચવી છે." બિહારીનો સ્વર ગંભીર બનતો હતો.

"મારે તારું લાંબું ભાષણ સાંભળવું નથી. બિહારી, તું મારી સાથે જ, મારી નિકટમાં રહે એમ હું ઇચ્છું છું. હું તને રિઝવવા રોજ નૃત્યની મહેફિલ કરીશ, તારી રાધા બનીને તારી પડખે રહીશ. તારી બંસરીના તાલે હું તારી સાથે શરદના અજવાળામાં રાસ ખેલીશ અને આપણે જીવનમાં સ્વર્ગ ઉતારશું. હું ચાહું છું કે બિહારી! તું મારાથી દૂર ન થા, તું મને છોડીને કંઈ ન જા."

અલકા બોલે જતી હતી અને બિહારી લાપરવા હતો. એના શબ્દોની એના પર લેશ પણ અસર થઈ નહોતી. તેણે અલકાનું મોં પોતાના બન્ને હાથે તેની તરફ ફેરવી આંખમાં આંખ મિલાવી અર્થ-સૂચક હાસ્ય કરતાં કહ્યું, "અલકા, તું મને ક્યારે સમજીશ?"

"મારે કંઈ સમજવું નથી. તારું ડહાપણ તારી પાસે રાખ." અલકાની આંખમાં રીસ હતી. "અલકા, તું મને માગે છે. રાતદિન તારી સોડમાં હું પુરાએલો રહું એમ તું ઇચ્છે છે. તારે મોજમજા મહેફિલ અને રંગરાગ જોઈએ છે, પરંતુ તું જાણે છે, બિહારીને એનો સ્પર્શ લાગી શકે તેમ નથી."

અલકા કેવળ નિરુત્તર રહી. બિહારીએ એના માથે વ્હાલથી હાથ ફેરવતાં કહ્યું, "અલકા, મારે તો એ અલકા સર્જવી છે જે પોતાના માટે નહિ પણ બીજાઓના માટે જીવે. અલકા એ એકલા બિહારીની નહિ પણ સૌની બને. એ સ્વાર્પણ અને આત્મત્યાગ તું કરી શકીશ?"

"તું આ બધું શું કહે છે? મને કાંઈ સમજ પડતી નથી, હું સૌની અલકા શી રીતે બની શકું!"

"બની શકીશ અલકા, માનવી માટે કશું જ અશક્ય નથી. એ દિવસ પણ આવશે જ્યારે તું આજની અલકા નહિ હોય." થોડી પળો સુધી બન્ને મૌન રહ્યાં. અલકાનો હાથ બિહારીના હાથમાં રમતો હતો. બિહારી એની નિકટ આવ્યો, અને અલકાને પોતાની ખૂબ નિકટમાં ખેંચી તેને પડખે લેતાં કહ્યું, "મજૂરોની મિટિંગ હતી, કેટલાક કોમવાદીઓએ તોફાન કર્યું અને સામસામા પત્થરો ફેંકાયા, એક પત્થરો મને વાગ્યો એનું આ નિશાન છે." બિહારીએ અલકાનો હાથ લઈ કપાળે બાંધેલા પાટા ઉપર મૂકયો.

"તો એવી મિટિંગોમાં ન જતો હોય તો! ગયા વગર ન ચાલે ખરું? તને એવા તોફાનોનો ખૂબ શોખ છે!"

"હું તોફાનમાં માનું છું, તારી સાથે પણ કયાં તોફાન નથી કરતો!" એમ કહીને બિહારીએ અલકાને છાતી સરસી ભીડી. જોરથી દબાવી પણ અલકા આંચકા મારીને છટકી ગઈ, અને સહેજ દૂર જઈને ઊભી. એણે કહ્યું, "હું તને ઓળખું છું." બન્ને ખૂબ હસ્યાં. થોડીવાર પછી અલકા બિહારીની નજીક ગઈ. બિહારી ખૂબ થાકેલો હતો. એની આંખો ઘેરાતી હતી અને અલકાનો હાથ બિહારીના વાંકડીઆ વાળ સાથે રમતો હતો. બિહારીએ અર્ધ મીંચેલાં નયન ખોલ્યાં અને અલકા પ્રતિ દષ્ટિ ફેંકી કહ્યું, "અલકા, સૂવું નથી?"

"ના, તું સુઈ જા. ખૂબ થાકી ગયો છે." બિહારી જોતજોતામાં નિદ્રાને ખોળે પડ્યો. અલકા એના માથા ઉપર હાથ ફેરવતી હતી. એ હાથ કયાં સુધી ફરતો રહ્યો એની એને ખબર પડી નહિ. એક ઊંડો નિશ્વાસ મૂકતાં એણે કહ્યું, "બિહારી! હું તને શી રીતે છોડી શકું? તું આ ભવે તો નહિ છૂટે."

વહેલી સવારે મિલની વ્હીસલે અલકાની આંખો ખૂલી ત્યારે એણે જોયું તો બિહારી તેની પડખે સૂતેલો ન હતો.

અલકાને ત્યાં

પ્રકરણ બીજું

અલકા નગરની વિખ્યાત નર્તકી હતી. એના નૃત્યની ફોરમ ચોગરદમ પ્રસરેલી હતી. એ કોણ હતી, ક્યાંથી આવી હતી, અને કેમ નર્તકી બની હતી એની કોઇને ખબર હતી નહિ. પણ એના નૃત્ય અને સૌન્દર્ય પર સૌ મુગ્ધ હતા. એ પાર્ટીઓ અને મહેફિલોમાં જતી. એના નૂપુરના ઝણકારે સૌનાં દિલ ડોલતાં હતાં, એના નયનબાણ કંઇકના કલેજાં ચીરતાં હતાં. એને ત્યાં આવતા હતા રાજામહારાજાઓ, જમીનદારો અને શ્રીમંતો. એના પગમાં લક્ષ્મીની રેલમછેલ થતી. એના પગની એક ઠેકી પર સુવર્ણહાર દેનારા પણ એને ત્યાં આવતા. સંગીતના સાધકો અને કલાપૂજકો પણ આવતા. સૌન્દર્યના અંબાર-સમી અલકાએ, એના નૃત્યથી આખા નગર પર જાદૂ પાથર્યું હતું. અપ્સરાઓને લજવે એવું એનું સૌન્દર્ય હતું. એના અંગેઅંગમાંથી સૌન્દર્યનો જામ છલકતો હતો. એનું અંગેઅંગ રસઝરતું હતું. એ આંખમાં કાજળ આંજતી અને હાથે પગે મેંદી મૂકતી. પગાં ઝાંઝર નાખી એ જ્યારે રૂપેરી સાડીમાં છુપાવેલા એના દેહમાં નૃત્યનો આવિર્ભાવ કરતી ત્યારે મોગરામાં મ્હેંકતી એના રેશમી કેશની લટો એની પીઠ પર ઝૂલતી. એની અતિનાજુક કટિના અંગમરોડમાંથી કોઈ અદ્‌ભુત સૌન્દર્ય ઝરતું હતું. એ રૂપની રાણી બનીને આવતી. એને ત્યાં રૂપ–યૌવન–સૌન્દર્ય–નૃત્ય અને સંગીતનો સુમેળ સધાતો હતો. અને ત્યારે એની આંખના ઇશારે મરનારાઓનો તોટો નહતો.

અલકા સ્વર્ગમાંથી પૃથ્વીપર ઉતરીને દુનિયાના માનવીઓને રિઝવતી હોય એમ સૌને લાગતું. નર્તકી અલકાએ આખા નગરને એની પાછળ ઘેલું કર્યું હતું. એના નૃત્ય અને સૌન્દર્યે અનેકના હૃદયમાં અવનવી લાગણીઓ જન્માવી હતી. કોઈ એની કલાના તો કોઈ એના નૃત્યના પૂજક હતા; કોઈ એના સૌંદર્ય પર મરતા તો કોઈ એના ઝમઝમતા ઝાંઝર પર મુગ્ધ હતા. અલકાએ અનેકના હૃદયમાં તૃષ્ણા, લાલસા, વિલાસ અને ભક્તિ જન્માવ્યાં હતાં. એને નીરખવાની સૌની દૃષ્ટિ જુદી હતી. અલકાથી એ દૃષ્ટિ છાની રહેતી નહિ. એ પણ માનવીઓનાં માનસ વાંચી શકતી હતી.

* * *

સવારે ઊઠીને અલકાએ જોયું તો બિહારી પલંગમાં ન હતો. અલકાએ બૂમ મારી, "ઉસ્તાદજી, બિહારી ક્યાં ગયો હતો ?"

"મને ખબર નથી અલકા."

"ચંદાને પૂછોને, એને ખબર છે ?"

ચંદા અલકાની દાસી–પરિચારિકા હતી. એણે બૂમ મારી, "ચંદા, બિહારી તને કંઈ કહેતો ગયો છે ?"

"ના, બહેન, કંઇ ખાસ કહેતા તો નથી ગયા, પરંતુ જતાં જતાં એટલું બોલતા ગયા કે એ એક અઠવાડિયું બહાર જવાના હોવાથી અહીં આવી નહીં શકે."

બિહારી પોતાને કહ્યા વિના જ ચાલ્યો ગયો ! એવું તે શું કામ હશે ? હશે વળી કંઈ બીજી ધમાલ ! પણ કેવો બેપરવા માણસ છે ! મને કહીને ગયો હોત તો......હા, કદાચ હું ના જવા દેત, એમજને !

*

શા માટે તે બિહારીના આટલા વિચાર કરે છે ? બિહારીને અને એને શું ? એક રાત અનાયાસે એ ઘેર આવી ચઢયો અને થોડી પિછાન થઈ, એમાં આટલી ચિંતા શા માટે ? અલકાને ત્યાં તો ઘણા

આવતા હતા. કોઈની તે આટલી ચિંતા કરતી ન હતી! તો શા માટે બિહારીની પરવા રાખે છે! અલકા એના હૃદયને પૂછતી હતી. બિહારી એના જીવનમાં શી રીતે પ્રવેશ્યો? કોઈના પર નહીં અને એના પર આટલું આકર્ષણ શા માટે? બિહારી માટે તે કેમ આટલી તડપતી હતી? પહેલી જ નજરે શા માટે બિહારીએ એના હૃદયમાં સ્થાન કર્યું હતું? એનામાં એવું તે શું હતું? અલકા વિચારતી હતી.

બિહારીના વિચાર કરતાં કરતાં અલકાને એના પ્રથમ મિલનનું સ્મરણ થયું.

એ રાતના જ્યારે બિહારી પહેલવહેલો અલકાને ત્યાં આવ્યો ત્યારે એના વીખરાએલા વાળ, લાલઘૂમ આંખો, એ બધું જોઈને તે ગભરાઈ ગઈ હતી. પરંતુ બિહારીએ જ્યારે એને કહ્યું કે, "હું આરામ કરવા માગું છું." ત્યારે અલકાએ પૂછ્યું.

"એટલે?"

"તમે સમજ્યાં નહીં. હું જરા દિલ બહેલાવવા માંગું છું. તમે એ કરી શકશો?"

"પણ... ..."

"ગભરાશો નહીં. તમારા જે પૈસા થશે તે આપી દઈશ. હું તમને ઓળખું છું. અત્યારે તો મારી પાસે પૈસા નથી. છેવટે આપ ન જ ગાઈ શકો તો મને બેચાર કલાક સૂવા દેશો તો પણ તમારો આભાર માનીશ."

"તમારું નામ?" અલકાએ પૂછ્યું.

"બિહારી."

"આરામ કરવા માટે બીજું સ્થળ નથી? તમારું કોઈ સગું નથી?"

"છે; મા છે, નાની બહેન અને એક ભાઈ પણ છે."

" તો ત્યાં કેમ નથી જતા ? "

" અત્યારે જઈ શકું તેવી સ્થિતિમાં નથી.

" કારણ ? "

" કંઈ નહીં. "

થોડો સમય અલકા ચૂપ રહી. પરંતુ એના આશ્ચર્યની સીમા રહી નહતી. દિલ બહેલાવવા માટે તો ઘણાયે માણસો એને ત્યાં આવતા. સંગીત અને નૃત્યની એની પાસે માંગણી ન થાય એવું હજુ બન્યું નહતું. પરંતુ આ માણસ તો અજબ હતો. અલકા ગાય તો એ સાંભળવા તૈયાર હતો, પણ ન ગાય તો તેને રંજ થાય એમ નહતું. એ દિવસે અલકાએ એને ત્યાં આવેલા કેટલાએ મહેમાનોને પાછા કાઢ્યા હતા. શા માટે ? એનો જવાબ અલકા પાસે નહતો. પરંતુ એ ચોક્કસ હતું કે બિહારીના અચાનક આગમનને પરિણામે અલકાએ તૃપ્તિ માંગતાં કેટલાંએ હૃદયોને નિરાશ કરી પાછાં વાળ્યાં હતાં.

" હું આ ગાદી પર સૂઈ જાઉં છું. આપ મને એકાદ કપ ચા બનાવી આપશો તો ઉપકાર થશે. "

બિહારીનું વર્તન તે અલકાનો નિકટનો સંબંધી હોય એવું હતું. બિહારીએ ગાદી પર લંબાવ્યું. અલકા જોઈ રહી. પણ, આ શું ! એનું અંગ કંપતું હતું, બેચેની એને પરેશાન કરી રહી હોય એમ લાગતું હતું.

" તબિયત ઠીક નથી ? " એણે પૂછ્યું.

" સાધારણ એવું છે કંઈ ! "

એકાએક કંઈ વિચાર આવ્યો અને અલકાએ એના માથે હાથ મૂકીને ગભરાઈને ઉઠાવી લીધો. અલકાએ જોયું કે બિહારીનું માથું ધગધગતું હતું, એને તાવ આવ્યો હતો. અલકા બૂમ મારી ઊઠી;

" ચચાજી, ચંદા, એને તો ખૂબ તાવ આવ્યો છે. "

એ રાતે અલકાની શુશ્રૂષા બિહારી ભૂલી શક્યો નહીં. અલકાને તો જાણે વર્ષોનો ખોવાયેલો સાથી પાછો મળ્યો હોય એમ લાગ્યું. અનેક લાગણીઓ એના હૃદયમાં જન્મી અને પ્રવાહ રૂપે વહેવા લાગી. અલકાએ બિહારીને ચા તો આપી પણ માએ, બહેને કે પત્નીએ ન કરી હોત એવી કાળજીપૂર્વક એની ચાકરી કરી હતી. સવારે વહેલાં ઊઠી રજા લેતાં બિહારીએ કહ્યું:

"તમને હવે નહીં ભૂલી શકું."

"એ આપની મહેરબાની." બિહારીએ જોયું કે હજી અલકા એની નર્તકીની ઢબે બોલતી હતી. એણે કહ્યું, "બીજું તો શું કહું પણ હૃદય, સંગીત અને મહેફિલ છોડી મારા જેવા અપરિચિતની જે કાળજી લીધી છે એનો ઉપકાર હું આ જન્મે નહીં ભૂલી શકું. તમારું હૃદય માનવતાથી ભરેલું છે એટલું જ બસ છે. બિહારીને એ જ જોઈએ છે." અને બે હાથ જોડી બિહારીએ વિદાય લીધી.

અચાનક અલકાથી પૂછાઈ ગયું.

"ફરી ક્યારે મળશો?"

"આપનું ઋણ ચૂકવવા તો આવવું પડશેને?"

"ઋણ શાનું?"

"તમારે ત્યાં રહ્યો અને તમારી ચાકરી પામ્યો તેનું."

"ઓહો! મારે એનો બદલો ન જોઈએ."

"તમારે તો ન જોઈએ પણ મારે કાંઈ આપ્યા વિના ચાલશે? એવો નગુણો હું નથી."

ચાર પાંચ દિવસ પછી જ્યારે બિહારી અલકાની ચાકરીના બદલા રૂપે પૈસા આપવા આવ્યો ત્યારે અલકાએ કહ્યું, "મારે એ ન જોઈએ. તમારે ફાવે તેવો તેનો ઉપયોગ તમે કરી શકો છો."

"મજૂરોની હડતાળના ફંડમાં આપી દઉં તો?"

"મને વાંધો નથી," અલકાએ જવાબ આપ્યો.

"પણ એક વખત ફંડમાં પૈસા આપશો તો વારંવાર માગીશ."

"ઇચ્છામાં આવે ત્યારે લઈ જઈ શકો છો. મને ખાતરી છે કે તમે તેનો દુર્વ્યય નહિ જ કરો,"

પછી તો પરિચય વધતો જ ગયો.

બિહારી એક આગેવાન મજૂર કાર્યકર હતો. રાતદિન મજૂરોમાં ઘૂમવું, એમની તકલીફો, ફરિયાદો અને મુશ્કેલીઓનો ઉકેલ આણવા એ તેના યુનિયન મારફતે યત્નો કરી રહ્યો હતો. હડતાલ, લોકઆઉટ, પગારકાપ જેવા પ્રસંગોએ મજૂરોની એ આગેવાની લેતો. મહિનાઓ સુધી એકધારી રીતે એ એના યુનિયન મારફતે હડતાલનું સંચાલન કરતો. એના વિચારો સમાજવાદી હતા. દુનિયાના મજૂરોની એકતા એ ઇચ્છતો હતો, ક્રાંતિની એને ઝંખના હતી પણ તે માત્ર ભાષણોથી, ચર્ચાઓ કે પોકારોથી નહીં પણ રાતદિન મજૂરજીવનનો અભ્યાસ કરીને, તેમના સંપર્કમાં રહીને તેમનામાં જાગૃતિ લાવવા માગતો હતો. પોલીસની આંખમાં પણ એ ખૂંચતો. વર્તમાનપત્રોમાં લેખો લખીને એ એનું ગુજરાન ચલાવતો. 'કામદાર' નામનું એક સ્વતંત્ર છાપું એણે શરૂ કર્યું હતું. સદ્‌ભાગ્યે બિહારીને અલકાનો સાથ મળ્યો. અલકાને એણે પોતાની ઉમેદો આદર્શો અને તમન્નાઓ સમજાવી. બિહારીને હવે અલકા તરફથી સારી મદદ મળતી હતી. "કામદાર"ના સંચાલન માટે અને હડતાળ ફંડોમાં પણ અલકા તરફથી એને જોઇએ એટલી આર્થિક સહાય મળી રહેતી. બિહારી માંગતો તે અલકા આપતી. એ વાત પણ બિહારીથી છૂપી રહી ન શકી કે તેની ખાતર અલકા હવે વધારે શ્રમ ઉઠાવતી હતી. મહેફિલોનાં ઘણાં આમંત્રણ પહેલાં તે નકારતી હતી પણ હવે તો પોતાના હાથમાં આવે તેનું મનરંજન કરી પૈસા ભેગા કરતી હતી. બિહારી આ સારી પેઠે જાણતો હતો. આમ કરવામાં અલકા ઘણીએ વખત થાકીને લોથપોથ થઈ જતી. બિહારીને પ્રશ્ન થતો કોણ મહાન? કામદારોના શોષણ

પર ઇમારતો રચી આરામથી જિંદગી વિતાવતા શ્રીમંતો કે પોતાની જાતને નીચોવી કામદારો માટે સર્વસ્વનું બલિદાન અર્પતી નર્તકી ? અલકાના હૃદયમાં જે માનવતા બિહારીએ જોઈ એનાથી એને ખાત્રી થઈ કે સમાજથી દૂર રહેવા છતાં સમાજની કોઈ પણ વ્યક્તિ કરતાં આ સ્ત્રી મહાન છે. એ નાચે છે પોતાને માટે નહિ પણ બીજાને માટે. એના નૃત્ય અને સંગીતની કિંમત બિહારીને મન ખૂબ મોટી હતી. જ્યારે અલકા તો જે કંઇ કરતી તે બિહારીની ખાતર કરતી હતી. કોણ જાણે શાથી, બિહારી જે કાંઈ કહેતો તેનો તે ઇન્કાર કરી શકતી નહિ.

શું બિહારી પ્રત્યેના પ્રેમ અને આકર્ષણનું તો એ પરિણામ નહિ હોય ?

માની માંદગી

પ્રકરણ ત્રીજું

બિહારીની મા આજ કેટલાય દિવસથી માંદગીને બિછાને પટકાઈ પડી હતી. છેલ્લા ચાર દિવસથી બિહારી ઘેર આવ્યો ન હતો. મા એના ખાટલામાં પડી પડી ચિંતા કરી રહી હતી. બિહારીની ગેર-હાજરીમાં સુમિત્રા માની શુશ્રૂષા કરતી હતી. માના બિછાના નજીક બેસીને એનું માથું દબાવી રહી હતી. વૃદ્ધત્વમાં પ્રવેશી ચૂકેલી માએ સુમિત્રા તરફ નજર માંડતાં પૂછ્યું, "બિહારી કેમ નથી આવ્યો બહેન, તેં એને ખબર આપી નથી?"

"મા! ખબર તો ક્યારનીએ આપી છે. એમના મિત્રો મારફત કહાવ્યું છે. પરન્તુ કામમાં ગૂંથાયા હશે એટલે નહિ આવી શક્યા હોય."

"એનું કામ હું જાણું છું, બહેન!"

"મા, એના કામમાં ખોટું શું છે?"

"બેટા, તું સમજતી નથી. મને એની ખૂબ ચિંતા થાય છે. રાત–દિવસ ગમે ત્યાં ભટક્યા કરવું, ખાવાપીવાનું પણ ભાન ન રાખવું, એ ઠીક કહેવાય! જોને, ચાર દિવસથી તો એનું મોઢુંય જોવા નથી પામી. ઘરડી માનો એ વિચાર કરતો નથી. ન કરે નારાયણ પણ એની આ બધી ધમાલમાં કંઈ થઈ જાય તો આ નાનાં છોકરા બીચારાં શું કરશે?" બોલતાં બોલતાં મારી આંખમાં આંસુ આવ્યાં અને સાથે જ માના કપાળ પર પણ બે ઉનાં આંસુ પડ્યાં.

"સુમિત્રા, ગાંડી તો નથી થઈને! રડે છે શાને?" મા ન જાણે તેમ સુમિત્રાએ આંસુ લૂછી નાંખી સ્વસ્થ થઈને કહ્યું, "મા, કેમ છે હવે?"

"ઠીક છે બહેન, તું હવે ઘેર જઈ આવ. મોડી એકાદ વખત આવી જજે."

"હું બધું પરવારીને આવી છું મા! અનિલ અને રમાને જમાડ્યા પછી જ હું જઈશ."

"એ બે શું કરે છે?"

"બહાર ફળિયામાં રમે છે."

"પણ ઘેર તારી જરૂર તો હશેજ ને! તું જા, હવે મને ઠીક છે."

"ઘેર શી જરૂર છે મા! મારા વિના પણ ત્યાં ઘણાં કામ કરનારાં છે."

માના આગ્રહ છતાં સુમિત્રા ત્યાંથી ખસી નહિ.

સુમિત્રા બિહારીની પડોશમાં જ રહેતી હતી. બંને જણાં કોલેજમાં સાથે ભણતાં હોવાથી એકબીજાના પરિચયમાં આવ્યાં હતાં અને આ પરિચય બંનેની દોસ્તીમાં પરિણમ્યો હતો. સુમિત્રા અને બિહારી એકબીજાને ઘેર પણ જતાં આવતાં થયાં હતાં. સુમિત્રાનું કુટુંબ સંસ્કારી હતું. એના પિતા જગદીશ બાબુ પૈસે ટકે સુખી હતા. શહેરની બેચાર મિલોમાં તેમનો દલાલીનો ધંધો ધમધોકાર ચાલતો હતો. બિહારીને પણ તેઓ પિછાનતા હતા. તેમની પણ એ ઇચ્છા હતી કે બિહારી–સુમિત્રાની જોડી સુખી થાય. સુમિત્રાના પિતા આગેવાન મહાસભાવાદી હોવાથી નાતજાતનો બહુ વિચાર કરતા નહિ. પણ છેલ્લા કેટલાક વખતથી તેમને બિહારીની કેટલીક પ્રવૃત્તિઓ પ્રતિ અણગમો ઉપજ્યો હતો. બિહારીના હાથમાં સુમિત્રાને સોંપવામાં એમનું મન આનાકાની કરતું. છતાં બિહારી અને સુમિત્રાના સંબંધમાં તેઓ આડે આવતા નહિ. પરિણામે પરસ્પર ગાઢ સંપર્કમાં આવ્યાં

હતાં. બિહારીથી પણ એ વાત છાની નહતી કે સુમિત્રા પણ બિહારીને ગમી ગઈ હતી. પરંતુ બિહારીના જીવનમાં એકાએક પલટો આવ્યો.

જગતના ઇતિહાસનાં આંદોલનો–રશિયન ક્રાંતિ–માર્ક્સની સમાજવાદી વિચારસરણી–હિંદની બેકારી અને ભૂખમરો–હાડપિંજર સમા ભૂખે મરતા હિંદના કિસાનો અને શહેરની ચમકતી રોશનીની પાછળ અંધારી દુનિયામાં રહેતા શ્રમજીવીઓનાં જીવને એના પર ઊંડી અસર કરી. બિહારી મજૂરોની ચાલીએ–ચાલીએ ફર્યો. એમની ભયાનક દુનિયાનાં સ્મરણો હૃદયમાં કાયમ કર્યાં. ગુલામી–અશાંતિ–બેઇજ્જતી–વ્યસન–દેહ અને આત્મા બંનેનાં લીલામ અને નરકાગારસમી દુનિયા જોઈને એનો આત્મા કકળી ઊઠ્યો. આ–જીવન મજૂરસેવાની એણે પ્રતિજ્ઞા લીધી. એણે સાથીઓ શોધ્યા. થોડા મળ્યા અને એમાંથી ય થોડા સરકી પડ્યા. એણે મજૂરોમાં જાગૃતિ લાવવાનું કામ શરૂ કર્યું. સૌથી પ્રથમ તો એણે નિરક્ષરતા–નિવારણ માટે મ્યુનિસિપાલિટી અને કોંગ્રેસ સમિતિના મોવડીઓની આંખો ખોલી શિક્ષણ વર્ગો શરૂ કરાવ્યા. મજૂરોને એણે ધીમે ધીમે પોતાની હાલતનું ભાન કરાવ્યું. એમના હક્કો માટે જાગૃત કર્યાં. દુનિયામાં શું બની રહ્યું છે એ મજૂરોને સમજાવવા માંડ્યું. દારુની બદી સામે એણે મજૂરોને ઘેર ઘેર જેહાદ જગાવી. મજૂર સ્ત્રીઓને જાગૃત કરી. મહાત્માજીના પુણ્ય-પ્રતાપે અને વરસોની લડતને અંતે હિંદમાં કોંગ્રેસ સરકારે સત્તા પર આવીને દારુબંધીનો જે મહાન અખતરો કર્યો તેને સફળ કરવા અને મજૂરોને પાયમાલ કરનાર દારુના રાક્ષસને નાબૂદ કરવા એણે એના સાથીઓ મારફત દારુબંધીની ચળવળને ખૂબ વેગ આપ્યો. રાતદિન એ મજૂરોના લત્તાઓમાં એના સાથીઓ સાથે ભટકતો. આ કાર્યમાં એને સુમિત્રાની મદદ કિંમતી થઈ પડી. સાથીઓને લઈને એણે મજૂરોના ઘેરઘેર પોતાનું સ્થાન જમાવ્યું. બિહારી હવે તો મજૂરોનો આગેવાન થઈ પડ્યો હતો. મજૂરોની નાની મોટી ફરિયાદો અને એમની માગણીઓનો હડતાળો દ્વારા કે બીજી રીતે કુનેહથી ઉકલ

લાવતો. એણે મજૂરોનું એક સ્વતંત્ર યુનિયન પણ સ્થાપ્યું હતું. આ યુનિયન ધીમેધીમે મજબૂત બનતું ગયું. બિહારીની કાર્યદક્ષતાએ એના "મજૂર યુનિયન"માં હજારોની સંખ્યામાં મજૂરો જોડાયા હતા. આ ઉપરાંત અલકાની દોસ્તીથી બિહારીનું કામ સરળ થયું હતું. યુનિયન માટે કે હડતાળ માટે એને અલકા તરફથી બધી સહાય મળી રહેતી એટલે બિહારીનું જીવન સંપૂર્ણપણે શ્રમજીવીમય થઈ ગયું.

* * *

અચાનક મોટરનું ભૂંગળું વાગ્યું અને સુમિત્રાએ બહાર આવી જોયું તો બિહારીને એક જુવાન સ્ત્રી અને એક અપટુડેટ જુવાન સાથે આવતો જોયો. સુમિત્રાએ ઘરમાં આવી માને કહ્યું, "મા! બિહારી આવે છે." રમા અને અનિલે બિહારીને મોટરમાંથી ઉતરતો જોવાથી બંને બાળકો ભાઈને વળગી પડ્યાં અને નવા માણસો તરફ આંગળી કરતાં બોલ્યાં, "આ કોણ છે ભાઈ!"

બિહારીએ જવાબ ન આપતાં ભાઈબહેનને આંગળીએ વળગાડી અંદર લઈ ગયો. સુમિત્રા માના ખાટલામાં બેઠી હતી. નજીકમાંથી ખુરસીઓ ખેંચી લાવી બિહારીએ અલકા અને ડૉ. મહેતાને બેસવા કહ્યું. અલકા પણ બિહારીની સાથે આવી હતી અને નવા આવનાર ડૉ. મહેતા હતા. તેઓ બિહારીના સમાજવાદી મિત્ર હતા. સુમિત્રા પાસેથી બિહારીએ થોડીવારમાં જ બધી વાત જાણી લીધી. તે માની નજીક ગયો. કપાળ પર હાથ મૂકયો. માથું ધગધગતું હતું. બિહારીએ માનું મોં હલાવી પૂછ્યું, "મા, જોને, હું આવ્યો છું!" માએ આંખ ઉઘાડી અને મીંચી લીધી. તાવ ખૂબ હતો. ડૉ. મહેતાએ માને તપાસીને કહ્યું કે, "તાવ ખૂબ છે, મેલેરિયા લાગે છે, ગભરાવા જેવું નથી, હમણાં જ દવાખાનેથી દવા લાવું છું અને સાથે એક ઇંજેક્શન પણ આપી દઉં છું, ત્યાં સુધી તું બરફ મંગાવી લે, બિહારી!"

બિહારી જાતે જ બરફ લેવા ઉપડયો. અલકા અત્યાર સુધી મૂંગી બેઠી હતી. તે પણ હવે ખુરસીમાંથી માના ખાટલામાં સુમિત્રાની

સાથે બેઠી અને માના સામું જોઈ તેના કપાળ પર હાથ મૂકી ઉઠાવી લીધો. માએ પૂછ્યું, "કોણ?"

"એ તો બિહારીનાં મિત્ર છે, મા!" સુમિત્રાએ જવાબ દીધો.

"તમારું નામ?" સુમિત્રાએ પૂછ્યું.

"અલકા" સુમિત્રાએ અલકા ન જાણે તેમ, તેના માથાથી તે પગ સુધી નજર ફેંકી લીધી. એને તુરત જ લાગ્યું કે અલકા તેના કરતાં વધુ સુંદર છે. પરન્તુ તે બીજી યુવતીઓ કરતાં કેમ જુદી પડતી હતી? અલકા ખૂબ સુંદર છે, છતાં એ કેમ કાજળ આંજતી હશે? સુમિત્રા વિચારવમળે ચડી પણ એવામાં જ અલકાએ પૂછ્યું, "શું વિચાર કરો છો, બહેન!"

"તમારી સુંદરતાનો." એ જવાબે અલકાનું મોઢું શરમથી લાલચોળ બની ગયું. કેટલીક વાર શરમની લાગણી સુંદરતામાં વધારો કરે છે. અહીં પણ એમ જ બન્યું.

ડૉકટર અને બિહારી આવી પહોંચ્યા. બિહારીએ ડૉકટરને કહ્યું, "તમે તમારું કામ શરુ કરો, હું જરા ખાઈ આવું." સુમિત્રા તરફ જોઇ એ બોલ્યો, "કેમ, કાંઈ છે કે નહિ?" સુમિત્રાએ હસીને જવાબ દીધો, "બધુંએ તૈયાર છે. અંદર જાવ.." સુમિત્રાએ અલકા તરફ ફરીને કહ્યું, "ચાલો, તમે પણ." "બધાને ખવડાવશો તો જેને જમવાનું છે એ ભૂખે મરશે." અલકાએ મજાક કરી. છતાં સુમિત્રાએ આગ્રહ કરીને એને જમવા બેસાડી. ડૉકટર મહેતાને માટે સુમિત્રાએ સ્ટવ સળગાવી ચા તૈયાર કરવા માંડી. અલકાએ સુમિત્રા પાસેથી સ્ટવ લઈ લીધો અને કહ્યું, "તમે બેસો, હું ચા બનાવી આપું છું." સુમિત્રાએ હસીને ચાનો સામાન આપતાં કહ્યું, "રોજ આવતાં રહો તો મારો ભાર ઓછો થાય, આવશોને?" અલકાએ ફરી લજ્જાવશ થઈ નીચી નજર કરી. સુમિત્રાએ બિહારીની સાથે અલકાને પણ હેતથી જમાડી. બિહારીની વાત પરથી સુમિત્રા એટલું

જાણી શકી કે અલકા બિહારીને ચાહતી અને તેની બધી પ્રવૃત્તિઓમાં મદદગાર બનતી. છતાં તેનો આખો ઇતિહાસ તે જાણી ન શકી. જમી પરવારી બધાં બહાર આવ્યાં ને વાતોએ ચઢયાં. બિહારીએ આવતી કાલથી શરૂ થનારી સામાન્ય હડતાળની વાત પણ કરી નાંખી. સાંજના પાંચ વાગતાં બિહારીએ સુમિત્રાને મા ન સાંભળે એ રીતે ખૂણામાં બોલાવી કહ્યું, "માને સંભાળજે, હું જાઉં છું."

"આવી સ્થિતિમાં મૂકીને? તાવ તો જુઓ!"

"સુમિત્રા, કાલથી અમે સામાન્ય હડતાળ જાહેર કરીએ છીએ. આજે તૈયારીઓ કરવાની છે. આજ સાંજની સભામાં હું ન જાઉં તો બધું ભાંગી પડે એમ છે. તું જ કહે, હજારો મજૂરોને જે લાભ થવાનો છે તે મારા એકના ખાતર કઈ રીતે જવા દેવાય?"

"શા માટે હડતાળ પડાવો છો?"

"એટલી ય ખબર નથી? મોંઘવારીનો વધારો આપવાની માલિકો ના પાડે છે અને અમારે આખરી શસ્ત્ર તરીકે હડતાલનો આશરો લેવો પડયો છે."

બિહારીને ખબર નહતી કે છેલ્લા ચાર પાંચ દિવસથી માના ખાટલા પર બેસી રહેનાર સુમિત્રાને છાપાં વાંચવાનો કે બહાર જવાનો સમય મળ્યો નહતો. બિહારી મા પાસે આવ્યો અને બોલ્યો, "માં, હું જાઉં છું. સુમિત્રા બેઠી છે. ડૉકટરે દવાનો બંદોબસ્ત કર્યો છે." માએ આંખો ખોલી. તાવથી ધ્રૂજતે શરીરે આંખમાં અશ્રુ સાથે મા બોલી, "તું જાય છે, પણ મારો વિચાર તો કર! આ છોકરાંઓ સામું તો જો!" અને માની આંખ અનિલ અને રમાને શોધવા લાગી. માના શબ્દોએ અલકા પર પણ અસર કરી. સુમિત્રા અને અલકા બેની આંખમાં આંસુ ઉભરાયલાં જોઇ બિહારીનું હૃદય દ્રવ્યું પણ તુરત જ એણે જાત પર કાબૂ મેળવી લીધો અને કહ્યું, "ચાલો ડૉકટર, અલકા, તારે આવવું છે કે નહિ?"

"ના, હું અહીં સુમિત્રાં બહેન પાસે બેસીશ."

"પણ તું મારી સાથે જ ચાલ, મારે તારું કામ છે. સુમિત્રાને તારું ઠેકાણું આપ. જરૂર પડશે તો એ તને બોલાવશે." અલકાએ સરનામું આપ્યું. અને બિહારી સાથે એ પણ ચાલી નીકળી. બિહારીએ જતાં જતાં માના ચરણ પર ભાવથી ઝૂકતાં કહ્યું, "મારી મા" અને બીજી જ પળે સુમિત્રા તરફ પ્રેમભરી દૃષ્ટિ ફેંકી બહાર નીકળતાં કહ્યું, "બધો ભાર તારા જ માથે છે; જરૂર પડે તો અલકાને બોલાવજે." અલકા બિહારીનો ભાવ જોઈ જ રહી. પગથિયાં ઉતરતાં રમા અને અનિલ સામાં મળ્યાં. બંનેએ પૂછ્યું, "ભાઈ, મા તો માંદી છે. તમે ક્યાં જાવ છો?" બિહારીએ બંનેને બાહુપાશમાં પકડી લઈ કાનમાં કહ્યું, "માને માટે દવા લેવા અને તમારા માટે બાઉ-બાઉ અને રમકડાં લેવા." બાળકાએ ખુશ થઈ મોટરમાં જતાં સૌને હાથ હલાવી વિદાય આપી. મોટર ઉપડે તે પહેલાં અલકાએ બંને બાળકોને બોલાવી તેમના હાથમાં કાંઈ મૂક્યું. મોટર પસાર થયા પછી બાળકોએ મુઠ્ઠીઓ ખોલી તો તેમાંથી એક એક રૂપિયો નીકળ્યો. બન્ને આનંદમાં આવી ઘેર દોડી ગયાં અને સુમિત્રાને કહ્યું, "બહેન! જુઓ, અમને રૂપિયા મળ્યા!"

"કોણે આપ્યા?" સુમિત્રા સમજી તો ગઈ, છતાં તેણે પૂછ્યું.

"ભાઈ જોડે પેલાં આવ્યાં હતાં ને, તેમણે."

સુમિત્રા બાળકોને જોઈ જ રહી.

હડતાળના પડઘા

પ્રકરણ ચોથું

યુરોપના મહાવિગ્રહને પરિણામે મોંઘવારીની આંધી શહેર પર ફરી વળી હતી. બિહારીએ એના યુનિયન દ્વારા મજૂરોમાં મોંઘવારી વધારાની ચળવળ શરૂ કરી હતી. લડાઈના પરિણામે વેપાર ઉદ્યોગમાં ભારે તેજી આવી હતી. તેથી માલિકોને અઢળક નફો થયે જતો હતો. બીજી બાજુ પરદેશથી ચીજો આવતી બંધ થવાથી મોંઘવારી વધે જ જતી હતી. બિહારીએ એના યુનિચન મારફત પચીસ ટકાના મોંઘવારી વધારાનું આંદોલન શરૂ કર્યું હતું.

કામદાર મેદાનમાં આજે મજૂરોની જંગી સભા મળી હતી. સભાનું પ્રમુખસ્થાન જાણીતા મજૂર નેતા 'ખાન'ને અપાયું હતું. સભામાં ઊગતા સમાજવાદી અને ઉદ્દામવાદીઓની હાજરી ખાસ તરી આવે તેવી હતી. સભામાં ડૉ.મહેતા, બિરાદર અનિલ, કૉમરેડ અબ્દુલ, કૉમરેડ નલિની અને કૉમરેડ સરલા પણ હાજર રહ્યાં હતાં. સરકારી જાસૂસખાતાના માણસો અને સભાના કામકાજની નોંધ લેવા માટે તે જ ખાતાના શૉર્ટહેન્ડ રિપોર્ટરો આમ તેમ ફરી રહ્યા હતા. સભાના મંચની એક બાજુએ ત્રિરંગી ધ્વજ અને બીજી બાજુએ લાલ ઝંડા ફરકી રહ્યા હતા. બન્ને ઝંડા કૉંગ્રેસ અને મજૂરોનો સંયુક્ત મોરચો રચી રહ્યા હતા. થોડી જ વારમાં "ઇન્કિલાબ ઝિંદાબાદ"ના પોકારો પછી સર્વત્ર શાંતિ ફેલાઈ. મજૂરોમાં પણ

શિસ્ત અને ગંભીરતા દેખાતાં હતા. એક મજૂરે ઊભા થઈ સભાની શરૂઆત કરતાં ગાવા માંડયું,

"ઇન્કિલાબ ઝિંદાબાદ,
ગુંજે આઝાદીકા નાદ—ઇન્કિલાબ ઝિંદાબાદ."

ગાન પૂરું થતાં જ બુલંદ અવાજે એણે સૂત્રોચ્ચાર કર્યો, "**કિસાન-મજૂર ઝિંદાબાદ, દુનિયાના મજૂરો એક હો.**" અને આખી સભાએ એનો પડઘો પાડ્યો. વાતાવરણ બદલાતું ગયું. ગાંભીર્ય વધ્યું. સૌથી પહેલાં બિહારી બોલ્યો. એણે એની તેજીલી જબાનમાં યુરોપની લડાઈનો આછો ખ્યાલ આપ્યો અને મોંઘવારીની લડતનું રહસ્ય સમજાવ્યું. મજૂરોની લડત ન્યાયી છે એમ ભારપૂર્વક જણાવી એણે સામાન્ય હડતાલ માટે જ્યારે યુનિયન તરફથી હાકલ પડે ત્યારે તૈયાર રહેવા જણાવ્યું. મજૂરોએ બિહારીના ભાષણને તાળીઓના ગડગડાટથી વધાવી લીધું. ત્યાર પછી બિરાદર અબ્દુલ, અનિલ અને નલિનીએ પણ મજૂરોને સંગઠિત બનવા અને લડતમાં મક્કમ રહેવા જણાવ્યું છેવટે પ્રમુખસ્થાનેથી ખાનસાહેબે એમની જોશીલી વાણીમાં મજૂરોને છેવટ સુધી લડી લેવા અને ગમે તે ભોગે પણ લડતને નીચી નહિ પાડવાનું જણાવ્યું. ત્યાર પછી પચીસ ટકાના મોંઘવારી વધારાની માગણી કરતા ઠરાવને અને તે ન સ્વીકારાય તો સામાન્ય હડતાલ પર જવાના નિર્ણયને મજૂરોએ "ઈન્કિલાબ ઝિંદાબાદ"ના નાદથી પસાર કર્યો. સભા બરખાસ્ત થઈ.

અનિલ અને સરલા મોટરમાં બેસવા જતાં હતાં ત્યાં જ તેમણે બિહારીને જોયો. સરલાએ પૂછ્યું, "આવવું છે ને?"

"હા, ચાલો. મને પણ રસ્તે ઉતારી દેજો." બિહારી મોટરમાં બેસી ગયો.

"આજે તો નલિનીએ કમાલ કરી. કેમ બિહારી?" મોટરમાં સરલા મૂંગી રહી ન શકી.

"હા, સારું તો બોલી જ." બિહારીએ વિવેકને ખાતર જવાબ દીધો. એ તો કાલની હડતાલના જ વિચાર કરી રહ્યો હતો. એને કેમ સફળ કરવી એ જ એનું લક્ષ્ય હતું; ત્યાં એને સભામાં કોણ સારું બોલ્યું અને કોણ નહિ એની શી પડી હોય?

"આવતી સભામાં હવે હું પણ સરસ બોલીશ. પછી જોઈ લેજે." સરલાએ તો એનો વિષય જારી રાખ્યો. અનિલ અને એ વાતે વળગ્યાં. અનિલને મુખેથી વારંવાર નલિનીનું નામ નીકળતું જોઈ સરલાના હૃદયમાં ઈર્ષા જાગી. એવામાં જ બિહારીએ મોટર થોભાવી એટલે તેમની વાતો અટકી.

"અહીં ક્યાં જાય છે, બિહારી?" જુદા જ પ્રકારનો લતો જોઈ સરલાએ પૂછ્યું.

"એક મિત્રને મળવા" એવો ઉત્તર આપી બિહારી રસ્તાની ડાબી બાજુની એક ગલીમાં વળી ગયો. અનિલને આ લતાની થોડી માહિતી હોવાથી એ તો બિહારી ભણી જોઈ જ રહ્યો. મોટર ચાલુ થતાં જ એ બોલી ઊઠયો,

"આ તો નર્તકીઓનો લતો છે! બિહારી અહીં કેમ ગયો હશે?"

"શું?" સરલાથી પૂછાઈ ગયું. અને બંને બિરાદરો—નીતિ-અનીતિનાં બંધનોને ન સ્વીકારનાર બિરાદરો—ના મનમાં બિહારી વિષે શંકા ઊઠી. થોડીવારે સરલાએ પૂછ્યું,

"બિહારી અહીં શા માટે જાય છે તેની તને ખબર છે?"

"ના. પણ એ ઘણીવાર ઘેર નથી જતો."

"તો શું તે અહીં કોઈને ઘેર પડયો રહે છે?"

"એમ તો શી રીતે કહી શકાય?"

ફરી બંને વિચારમાં પડયાં. બંને બિહારી વિષે વધુ જાણવા ઉત્સુક હતાં. સરલાએ પૂછ્યું, "તું કદી આ લત્તામાં ગયો છે?"

"ના. પણ સાંભળ્યું છે કે ત્યાં અલકા નામે એક નર્તકી રહે છે. તેની ખૂબસૂરતીનાં વખાણ મેં ખૂબ સાંભળ્યાં છે. એની અઢળક

દોલત વિષે પણ ઘણું સાંભળ્યું છે. એને રાજા–મહારાજાઓ, માલેતુજારો અને મિલમાલિકો એને નોતરે છે અને હજારો રૂપિયા તેને ચરણે ધરી દે છે. હમણાં હમણાં આપણા શહેરના શાહ–સોદાગરસમા શેઠ લક્ષ્મીનંદનનો પુત્ર જગતાપ ત્યાં ઘણી વખત જાય છે એમ સાંભળ્યું છે.”

“તારો પણ વિચાર છે કે શું?” સરલાથી સહી ન શકાયું એટલે એ બોલી ઊઠી.

“તું મંજૂરી આપે તો એકાદ વખત જોઈ આવીએ.”

“શું? કંઈ ભાન છે કે નહિ અનિલ?”

સરલા અનિલને ધમકાવતી હતી. એને ભય હતો કે કદાચ એ નર્તકી અનિલને એની પાસેથી છીનવી લે. મોટર પૂલ વટાવી સોસાયટીઓના બંગલા કાપી રહી હતી. અનિલે સરલાને એના બંગલા આગળ ઉતારી મૂકી અને બિહારી, અલકા તેમજ સરલાના વિચાર કરતાં કરતાં મોટર પોતાના બંગલા તરફ મારી મૂકી. અલકાએ એને મજૂરોની હડતાલની વાત થોડા સમય માટે ભૂલાવી દીધી.

* * *

બિહારી ખૂબ થાકી ગયો હતો. એના મગજમાં તો હડતાલ અંગેનું સતત્ મંથન ચાલી રહ્યું હતું. અલકાને ત્યાં આવતાં જ તેને ચંદાએ ખબર આપી કે અલકા શેઠ જગતાપ સાથે ફરવા ગઈ છે. વધુ કાંઈ જ ન બોલતાં ચંદાને ચા બનાવવાનું કહી તે અલકાના રૂમમાં ગયો. અને ખાટલામાં પડ્યો. ખાટલામાં પડતાં જ વિચારમાળા શરૂ થઈ. એની આંખ આગળ માંદી મા, નાના ભાઈ બહેન અને સતત્ સેવા કરતી સુમિત્રા ખડાં થયાં. મા માંદી હતી તો તે અહીં કેમ આવ્યો? ઘેર કેમ ન ગયો? માના વિચારોએ એનું હૃદય દ્રવી ઊઠ્યું. એને સુમિત્રા યાદ આવી. શા માટે તે એની માની આટલી ચાકરી કરતી હતી? સુમિત્રાની સાથે જ એને અલકા સાંભરી. પ્રશ્ન

થયો કે કોણ શ્રેષ્ઠ, સુમિત્રા કે અલકા ? એ બંનેની એણે મનના પલ્લામાં તુલના શરૂ કરી. પણ ચંદાએ ચાનો કપ આગળ ધરીને એની વિચારધારામાં ભંગ પાડયો. ચા પીને આખા દિવસના થાકને લીધે એ સૂઈ રહ્યો. સવારે જ્યારે એ જાગ્યો ત્યારે એણે અલકાનો હાથ પોતાના માથા પર ફરતો જોયો. અલકા એની નજીકમાં જ બેઠી હતી. એની આંખો અલકા ભણી વળી. એણે જોયું કે અલકાની આંખો સૂજી ગએલી હતી. એણે કહ્યું, "રાતે ઉજાગરો કર્યો લાગે છે."

બિહારીના બોલવાનો અર્થ એ ન સમજી અને તુરત જ ખાટલા પરથી ઊઠી એ બીજા ખંડમાં ચાલી ગઈ.

શેઠ જગતાપ

પ્રકરણ પાંચમું

જગતાપ એ શહેરના જાણીતા ગર્ભશ્રીમંત ગણાતા શેઠ લક્ષ્મીનંદનનો પુત્ર હતો. શેઠ લક્ષ્મીનંદન બે ત્રણ મિલો પર કાબૂ ધરાવતા હતા. એમની મિલો ધમધોકાર ચાલતી હતી અને શેઠને ઘેર લક્ષ્મીની છોળો વહાવતી હતી. જગતાપ, શેઠનો એકનો એક પુત્ર હતો. હજી હમણાં જ એ બી. એ;ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયો હતો. પૈસો અને મૈત્રી હંમેશા સાથે જ ચાલે છે; એમ જગતાપ પણ કૉલેજમાં અનેક મિત્રો ધરાવતો. જગતાપમાં નૈસર્ગિક સૌન્દર્ય હતું જ છતાં તેમાં વધારો કરવા એ અનેક ઉપાયો કરતો. છેલ્લામાં છેલ્લી ઢબના શુટમાં ફરવું એ એને મન રમત વાત હતી. એનો સુંદર દેહ, આકર્ષક પોષાક, એની બોલવાની છટા અને એની રીતભાત સૌનું ધ્યાન ખેંચતાં. કૉલેજમંડળમાં તે જાણીતો હતો.

બી. એ;ની પરીક્ષામાં ઉતીર્ણ થયા પછી જગતાપે એની જ સાથે કૉલેજમાં અભ્યાસ કરતી નિર્મળા નામની છોકરી સાથે ભારે ધામધૂમથી પ્રભુતામાં પગલાં માંડ્યાં. નિર્મળા અને જગતાપ એક-બીજાને પ્રથમથી જ ચાહતાં હતાં; એટલે લગ્નજીવનની સફળતા વિષે એમને શંકા જ ન હતી. લગ્ન પછી અભ્યાસ ચાલુ રાખવાની એ બંનેની ઉત્કંઠાએ થોડા જ સમયમાં એકબીજાનો વિયોગ કરાવ્યો. નિર્મળા એના પિતાને ત્યાં ગઈ.

*

લગ્ન પછી નિર્મળા તો એના અભ્યાસમાં મગ્ન થઈ ગઈ. અવારનવાર પત્રો લખી જગતાપને એની જિંદગીના કોડ જણાવતી. જગતાપ સાથે ભાવિ જીવન જીવવાનાં સ્વપ્નો એ રચતી. બંને જીવનમાં કંઈ કંઈ કલ્પનાઓની ઇમારતો ઘડતાં હતાં.

*

હમણાં કેટલાક સમયથી જગતાપ બેચેન રહ્યા કરતો હતો. ઘરના માણસો પણ એ જોઈ શક્યા હતા. નિર્મળાના ચારપાંચ પત્રોનો એણે જવાબ આપ્યો નહતો. મોટર લઈને એ ઘણીએ વાર ધૂનમાં ને ધૂનમાં દૂર દૂર નીકળી પડતો અને મોડી રાતે ઘેર આવતો. કોઇ કોઈવાર તો ઘેર ન પણ આવતો. કોઇને તેના આ પરિવર્તનનો મર્મ સમજાયો નહિ.

*

જગતાપના જીવનમાં અલકાએ પ્રવેશ કર્યો હતો, એ જ એની બેચેનીનું કારણ હતું. રાતદિવસ જગતાપ એના જ વિચારો કરી રહ્યો હતો. અલકાની મૂર્તિ એની આંખ આગળથી ખસતી નહતી. જગતાપે અલકાને એના જન્મદિવસની મિજબાનીમાં ખાસ આમંત્રી હતી. અલકા નૃત્ય કરવા આવી હતી. શેઠ લક્ષ્મીનંદનના ભવ્ય પ્રાસાદના વિશાળ મેદાન પર રચાએલા શામિયાનામાં અનેક આમંત્રિત મિત્રો, શ્રીમંતો અને અગ્રગણ્ય શહેરીઓ વચ્ચે અલકા નૃત્ય કરતી હતી. સ્ત્રી–પુરુષ–સૌ કોઇને એ નૃત્યના રસમાં સ્નાન કરાવતી હતી. અલકા સૌના નયનનું કેન્દ્ર બની હતી. એ દિવસે જગતાપની દશા તો કાંઈ જુદી જ હતી. નૃત્યનો ઠમકો લેતી અલકા વારંવાર જગતાપ પાસે આવતી. અલકાનું દેહડોલન અને એના હાવભાવ જગતાપની આંખોને ઠારી રહ્યા હતા. અલકા હસતી અને એના નયનમાં કોઇ અદ્ભુત ચમકારો આવતો. રતિદેવી શરસંધાન કરતી હોય એ રીતે અલકા પાર્ટીમાં સૌની તરફ કાજળ આંજેલી એની મીટ માંડતી અને જગતાપ

પાસે આવીને નૃત્યનો ઠમકો લેતી. એના પગનાં ઝાંઝર ઝણુઝણુતાં હતાં. અંગેઅંગ નૃત્યની લહરીમાં તરતું હતું. સાથે સાથે આખું વાતાવરણુ નૃત્ય કરતું હતું. પાર્ટીમાંથી "વાહ વાહ" અને તાલીઓ પડતી અને અલકા નર્તકીની ઢબે સૌની સલામ ઝીલતી. પરંતુ નૃત્યની અંતિમ પળે અલકા જગતાપ પાસે શા માટે ગઇ? જગતાપ આગળ જઇને અલકાએ એની નર્તકી તરીકેનો અભિનય ન કર્યો. પરંતુ એ જગતાપની સામે જઈને ઊભી રહી એની આંખમાં પોતાની આંખ સમાવતી અનિમિષ નયને ક્ષણુભર જગતાપ નર્તકી અલકાના દેહમાંથી નીતરતા સૌન્દર્યનું પાન કરી રહ્યો અને બીજી જ પળે જગતાપે એની જમણી હથેળી પોતાના હાથમાં લીધી. અલકાના ફૂલ સરીખા હાથની અંગુલિ પર જગતાપે વીંટી ચડાવીને પહેરાવી. એ જગતાપની બક્ષીસ હતી. અલકાએ હીરાની કિંમતી વીંટી પર નજર કરી અને જગતાપની સામે જોયું. બંનેની આંખો કંઈ વાત કરતી હતી. અલકાના મોં ઉપર અવર્ણનીય આનંદનું સ્મિત ફરક્યું અને અલકા સાવધ બની. આખી પાર્ટીની નજર જગતાપ અને અલકા પર હતી. તેની કોમળ અંગુલિ પર ઝગમગાટ મારતી વીંટી પર ફરી એકવાર નજર કરી અને જાણે આનંદની અવધિ આવી હોય એવા અનેરા ઉલ્લાસમાં ફરી અલકાના નૂપુરના નાદે વાતાવરણુ ઝળકી ઊઠયું. ઉસ્તાદના હાથ ફરી એના વાદ્યો પર ફરી વળ્યા અને અલકાએ રાધિકાનૃત્ય શરૂ કર્યું. રાધિકા રિસાયલા કહાનને મનાવતી હતી. કહાન માનતો ન હતો. રાધિકા એના પગમાં પડતી હતી, છતાં કહાનની રીસ ઉતરતી ન હતી રાધિકાની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. કહાનનું હૃદય હજી દ્રવ્યું નહતું. રાધિકા થાકી અને આખરે બે હાથ જોડી વિનવતી હોય એ રીતે કહાનના પગમાં પડી. આખું વાતાવરણુ રાધિકામય બની ગયું હતું. ચોમેરથી તાલીઓના હર્ષનાદ થયા. સૌએ વાહવાહ પુકારી. રિસાએલો કહાન મનાયો અને પુનઃ રાધિકાએ

પ્રીતમને રિઝવવા અદ્ભુત નૃત્ય આરંભ્યું. એના નૃત્યમાં વીજળીની ગતિ આવી. રાધિકા નાચતી જ રહી. ઉસ્તાદના વાદ્યમાંથી સૂર ઉડતા હતાઃ—

"નાચતી જા ગાયેજા." રાધિકા આખરે થાકી. એણે પ્રીતમ સામે જોયું. પ્રીતમનાં નેત્રમાં સંતોષ હતો. રાધિકાનું નૃત્ય બંધ થયું અને એના વદન પર અદ્ભુત ઉલ્લાસની સુરખી છવાઇ રહી હતી. અલકાએ સૌને પ્રણામ કર્યા. ફરી એની નજર જગતાપ પર પડી. જગતાપે એ આંખમાં શું જોયું? અલકા સાચે જ રાધિકા હતી? અને એ શું હતો? રાધિકા નૃત્ય કરતી હતી ત્યારે એ શું કૃષ્ણ નહોતો બન્યો? જગતાપે એના હૃદયને પૂછ્યું. નર્તકી અલકાએ સૌની વિદાય લીધી. જગતાપ પણ એને મોટર સુધી વળાવવા ગયો. મોટર ઉપડવાની તૈયારી હતી. જગતાપે જોયું તો અલકાનો હાથ એના હાથમાં રમતો હતો. અલકાએ પૂછ્યું, "ક્યારે મળશો?" જગતાપે જવાબ આપ્યોઃ "ઇચ્છા થશે એટલે ચાલ્યો આવીશ."

મોટર સડાસડાટ કરતી માર્ગ કાપી રહી હતી. અલકાના હૃદયમાં મંથન ચાલતું હતું—'જગતાપ પ્રતિ આટલું ખેંચાણ શા માટે? શું એ બે હૃદયને સંઘરી શકશે? જગતાપ અને બિહારી બન્નેને ચાહી શકાય?' અલકા પાસે ઉત્તર ન હતો.

એ કહેવાની જરૂર નથી. કે, જગતાપ અને અલકા ત્યાર પછી એકબીજાના ગાઢ સંપર્કમાં આવતાં ગયાં. જગતાપ હવે તો અડવાડિએ નહિ પણ બેત્રણ દિવસે અલકા પાસે આવતો. અનંત શાંતિ અને સુખ એણે અલકાના નૃત્ય અને પ્રેમમાં જોયાં. હવે તો એ ઘણો. સમય અલકાને ત્યાં જ પસાર કરતો હતો. એની મહેચ્છા હતી અલકાને એની અઢળક દોલતની સ્વામિની બનાવવાની.

અલકા વિના એ જીવી શકશે? જગતાપને શંકા થતી હતી. અલકા અને જગતાપનું ગાઢ થતું મિલન બિહારીથી છૂપું નહતું. બિહારીએ એ સામે કાંઈ પણ વાંધો લીધો નહતો. મજૂર આંદોલનો અંગે જ્યારે પૈસાની જરૂર પડતી ત્યારે બિહારી અલકા પાસે આવતો, બાકી કેટલાક વખતથી બિહારીએ પણ અલકાને ત્યાં જવું ઓછું કર્યું હતું. અલકા પણ સમજતી હતી. જગતાપના કારણે બિહારીએ તેને ત્યાં આવવાનું ઓછું કર્યું હતું. અલકાએ નિર્ણય કર્યો, "હવે બિહારી આવે ત્યારે એને બધું સાફ સાફ પૂછી લઈશ." પરંતુ અલકા જયારે જ્યારે આ વાત કરતી ત્યારે બિહારી બીજી વાતો કરીને મૂળ વાતને ઉડાવી દેતો. એક દિવસ અલકાના અંતરના ઊંડાણમાંથી પ્રશ્ન ઉદ્દભવ્યો:—શું બિહારી જગતાપને માટે માર્ગ મોકળો કરતો હતો?

બિહારીની ધરપકડ

પ્રકરણ છઠ્ઠું

બિહારીની મા હજી માંદગીના બિછાનેથી ઊઠી ન હતી. સુમિત્રા દીકરીની માફક માની સંભાળ લેતી હતી. બિહારી પણ અવારનવાર માની ખબર કાઢી જતો, નાનાં ભાઇ બહેનને મળતો અને સુમિત્રા સાથે બેસીને થોડી વાત પણ કરતો. બીજી બાજૂ સામાન્ય હડતાળની જાહેરાત થઇ ચૂકી હતી. મિલ માલિકો સાથે સમાધાનના તમામ સંદેશાઓ તૂટી પડ્યા હતા. શહેરના તમામ મજૂરોએ સામાન્ય હડતાળની લડત ઉપાડી હતી. બિહારીની મુઝવણનો પાર ન હતો. એક બાજૂ હજારો મજૂરોની વ્યવસ્થિત અને સંગઠિત લડતને દોરવવાની હતી, જ્યારે બીજી બાજૂ માની માંદગી એના અંતરમાં વેદના જગવતી. સુમિત્રા માની જે રીતે માવજત કરી રહી હતી એ જોઇને બિહારીનાં હ્રદયમાં સુમિત્રા પ્રત્યે અદ્દભુત લાગણી પેદા થઈ હતી. એક દિવસ સાંજના સમયે સુમિત્રા અને બિહારી બન્ને વાતો કરતાં ઊભાં હતાં. માની માવજતનો જે ભાર સુમિત્રા ઊઠાવી રહી હતી તે જોઇને બિહારીએ એને પૂછ્યું : " સુમિત્રા ! તું શું કરવા આટલો ભાર ઊઠાવે છે ? "

" હું સમજી શકી નહિ, શાનો ભાર ? "

"માનો."

સુમિત્રાએ બિહારીની સામે જોયું અને હસતાં હસતાં કહ્યું:

"માનો ભાર હું નહિ ઉપાડું તો કોણ ઉપાડશે?"

"પરંતુ તું રાતદિવસ અહીં બેસી રહે એ ઠીક નથી, તારા ઘરનો પણ ખ્યાલ કરવો જોઈએ ને?"

"કેમ, આ મારું ઘર નથી?"

બિહારી નિરુત્તર રહ્યો.

સુમિત્રાએ અંતરની લાગણી પ્રગટ કરતાં કહ્યું: "તમારી મા એ મારી મા છે."

"એટલે માને તેં છીનવી લીધી એમ ને?"

"હા, કારણ કે દીકરો રાતદિન મજૂરોમાં ફર્યા કરે છે, એટલે માની તમામ જવાબદારી મેં ઉપાડી લીધી છે."

"ક્યાં સુધી ઉપાડીશ સુમિત્રા?"

"જિંદગી સુધી." સુમિત્રાએ શાંત પણ નિશ્ચયાત્મક જવાબ આપ્યો. બિહારી ચૂપ હતો. કંઈ પણ જવાબ નહિ મળવાથી સુમિત્રાએ પૂછ્યું, "કેમ શંકા છે?"

"શંકા તો શું, પણ–કંઈ નહિ–જવા દે એ વાત. પણ સુમિત્રા! તું ન હોય તો મારી શી સ્થિતિ થાય? માની શી સ્થિતિ થાય? રમા અને અનિલનું શું થાય?" બિહારી બોલતો હતો. અચાનક એની નજર સુમિત્રા પર પડી. સુમિત્રાની આંખમાંથી આંસુ ટપકતાં હતાં. "સુમિત્રા! શું કરે છે, રડે છે? તું પણ આવી જ છે." બિહારીએ એનું મો ઊંચું કરતાં કહ્યું.

સુમિત્રાએ બિહારી સામે જોયું, હસતાં હસતાં રૂમાલથી આંસુ લૂછતાં કહ્યું. "રડી જવાયું."

બિહારીએ તેના બન્ને હાથે સુમિત્રાનું મોં ફેરવી પોતાની નજીક લાવી કહ્યું, "કેમ જાઉં હવે?"

"રજાની જરૂર છે ?" સુમિત્રાએ તેના ગાલ પરથી બિહારીના હાથ ઉઠાવી લઈ પોતાની હથેળીમાં રમાડતાં કહ્યું: "બિહારીએ સુમિત્રાનો સ્નેહાળ હાથ પોતાના હાથ પર ફરવા દીધો. સુમિત્રાએ સ્નેહભર્યા ભાવે પૂછ્યું: "માની રજા નથી લેવી ?"

"એ કામ તને સોંપુ છું."

સામાન્ય હડતાળને આજે છટ્ઠો દિવસ હતો. કામદારોમાં અજબ સંગઠ્ઠન અને શાંતિ હતાં. હડતાળ વ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને શાંતિમય રીતે ચાલે એ માટે બિહારી બહુ કાળજી રાખતો હતો. હડતાળનું સંગઠ્ઠન જોઈને મિલમાલિકો પણ મૂંઝવણમાં પડતા હતા સત્તાવાળાઓ પણ દિવસે દિવસે કામદારોની લડત મજબૂત બનતી જોઈને ચમકી ઊઠયા હતા. બિહારીની સીધી દોરવણી હેઠળ કામદારોની સામાન્ય હડતાળ મક્કમપણે આગળ ધપતી હતી, આજે કામદારોની સામાન્ય સભા હતી, આજની સભામાં બિહારી હડતાળને અંગે મહત્ત્વનું ભાષણ કરનાર હતો. સુમિત્રા એ જાણતી હતી. આથી તેણે બિહારીના જવા સામે વાંધો લીધો નહિ. બિહારી પગથિયાં ઉતરતો હતો. સામે જ શાળામાંથી છૂટીને રમા અને અનિલ આવતાં હતાં. બિહારીને જોઈ ભાઈ બહેન દોડતાં આવીને એને વળગી પડયાં. રમાએ કહ્યું, "મોટાભાઈ, અનિલે મારી સ્લેટ ભાંગી નાખી. મને સ્લેટ નવી અપાવો. અનિલે તેનો બચાવ કરતાં કહ્યું: "રમી, ખોટું બોલે છે, સ્લેટ તો એના હાથમાંથી પડી ગઈ હતી. બિહારીએ બન્ને ભાઈ બહેનને તેની નિકટમાં ખેંચી કહ્યું: "સુમિત્રાને કહેજો. બન્નેને નવી સ્લેટ અપાવશે. બિહારી પાછળ નજર કરતો બારણાંમાંથી પસાર થયો. સુમિત્રા આ ભાઈ બહેનને સ્નેહભરી દષ્ટિથી જોતી હતી.

*

બિહારી રમા અને અનિલથી છૂટો પડી નીચે આવતો હતો ત્યાં તો તેના મકાન આગળ "પોલીસવાન"ને જોઈને એ આશ્ચર્ય

પામ્યો. પોલીસવાનમાંથી ઉતરતા અમલદારોને એણે જોયા. બિહારી સમજી ગયો. એ ફરી ઘરમાં ગયો. સુમિત્રાને બોલાવી બિહારીએ બધી વાત કરી. સુમિત્રા કંઈ બોલી શકી નહિ. બિહારીએ ઝડપથી એક પત્ર લખીને સુમિત્રાને આપ્યો. એ કાગળ પર અલકાનું નામ હતું, એમાં બિહારીનો સંદેશો હતો–બિહારીએ સુમિત્રાને તમામ વાતથી વાકેફ કરી દીધી. બિહારી માના ખાટલા નજીક ગયો. બિમાર માના ઊંડા ગએલા ગાલ પંપાળતાં કહ્યું. " મા, હું જાઉં છું." માએ એના સામે જોયું. મા બોલે એ પહેલાં જ બિહારી માના ખંડમાંથી બહાર આવ્યો હતો. રમા અને અનિલ સુમિત્રાના પડખામાં હતાં. માએ પૂછ્યું:–સુમિત્રા, બિહારી ક્યાં ગયો. સુમિત્રાએ જવાબ ન આપ્યો. એટલીવારમાં પોલીસ અમલદાર પણ આવી પહોંચ્યા હતા. બિહારીના હાથમાં પોલીસ અમલદારે એક કાગળ મૂક્યો. બિહારીએ એ વાંચ્યો. એ બિહારીને પકડવાનું વૉરંટ હતું. બિહારીએ કહ્યું. " હું તૈયાર છું." એટલું કહી એ સુમિત્રાને અંદરના ખંડમાં લઈ ગયો. સુમિત્રા અંદર આવીને હૃદય ખોઈ બેઠી. એની આંખો અશ્રુથી ભરાઈ ગઈ હતી. બાજુમાં જ બેબાકળાં બન્યાં હોય એમ રમા અને અનિલ ઊભાં હતાં. બિહારી સાવધ બન્યો. એણે પોતાના હ્રદય પર પત્થર મૂક્યો. સુમિત્રાની નજીક બેસી એને પોતાની પડખે ખેંચી એનું મોં પોતાની તરફ ફેરવી કહ્યું. " આ તારી હિંમત ! આમ જો. મા, રમા અને અનિલ તને સોંપું છું. અલકાને ખબર આપજે." એટલું કહી બિહારી ઊઠ્યો...બહાર આવીને એણે પોલીસ અમલદારો સાથે પગથિયાં ઉતરવા માંડયાં. સુમિત્રાએ એનો સરસામાન મૂકી દીધો. બિહારી પોલીસવાનમાં બેઠો. સુમિત્રાએ હાથ હલાવી વિદાય આપી અને તરત જ મોઢું ફેરવી લીધું. રમા અને અનિલે પૂછ્યું, " દાદા ક્યાં ગયા ?"

સુમિત્રાએ તેના પાલવથી આંસુ લૂછતાં કહ્યું: " ફરવા ગયા."

અંદરથી માનો અવાજ સંભળાયો. સુમિત્રાબહેન, બિહારી ક્યાં ગયો ? સુમિત્રાએ જવાબ ન દીધો. સુમિત્રાની નજર બહાર–રસ્તા પર હતી. માનો અવાજ એણે સાંભળ્યો હતો. જે રસ્તેથી બિહારીને લઈને પોલીસવાન ઉપડી એ તરફ ક્યાંએ સુધી સુમિત્રા મીટ માંડી રહી હતી. એની આંખમાંથી અશ્રુબિન્દુ ટપકતાં હતાં. રમા અને અનિલે સુમિત્રાને રડતી જોઈ પૂછ્યું:–" તમે કેમ રડો છો ?" સુમિત્રાએ બન્ને બાળકોને પડખે ખેંચી છાતી સરસાં દબાવ્યાં અને આંસુ લૂછી નાંખી ફિક્કું હાસ્ય કરતાં કહ્યું: " ચાલો, તમારે ખાવું છે ને ?" સુમિત્રા બન્ને ભાઈ–બહેનને લઈ અંદર ચાલી ગઈ.

સુમિત્રા અલકાને મળે છે.

બિહારીની ધરપકડના સમાચાર વીજળી વેગે શહેરમાં પ્રસરી ગયા. સામાન્ય હડતાળ પર ઊતરેલા મજૂરોમાં આ બનાવે કંઈક બેચેની આણી હોય એમ લાગ્યું. પરંતુ થોડી . વારમાં જ અનિલ, સરલા, નલિની, ડૉક્ટર, બિરાદર અબ્દુલ વગેરે કાર્યકરો મજૂર લત્તાઓમાં ફરી વળ્યા હતા અને બિહારીની ધરપકડના સમાચાર મજૂરોની ચાલીએ ચાલીએ, લત્તે લત્તે અને મિલવિસ્તારમાં થોડી પળોમાં પ્રસરી ગયા હતા. આ સૌ બિરાદરો મજૂરોની હડતાળને જોસભેર આગળ ધપાવવા સમજાવતા હતા અને બિહારીની ધરપકડનો જવાબ હડતાળને વધુ ઉગ્ર બનાવી આપવાનું સમજાવી રહ્યા હતા. બિહારીની ધરપકડ સામે વિરોધ દર્શાવવા આજે ફરીથી કામદાર મેદાનમાં મજૂરોની મોટી સભા મળી હતી. સભામાં મજૂરોનો વિરાટ સમુદાય નજરે પડતો હતો. આખાએ સમૂહ પર ગંભીરતા છવાએલી હતી. વાતાવરણ શાંત અને ગંભીર હતું. મંચ પર કામદાર આગેવાનો સમાજવાદીઓ વગેરે બેઠેલા હતા. મિટિંગનું કામકાજ આઝાદીના ગીત પછી શરૂ થયું હતું. જુદાજુદા વક્તાઓએ જોશીલી જબાનમાં કામદારોને સંગઠિત રહેવા અને હડતાળને ટકાવી રાખવાનો વેગ આવ્યો હતો. બિહારીની ધરપકડે કામદારોના દિલ પર ભારે આઘાત પહોંચાડયો હતો અને એના પરિણામે આખી સભાએ હડતાળને વેગથી આગળ ધપાવવાનો ઠરાવ કર્યો. મજૂરોએ “ ઇન્કિલાબ ઝિંદાબાદ”

અને "મજૂર રાજ ઝિંદાબાદ"ના પોકારથી વાતાવરણ ગજવી મૂક્યું. સૌએ હડતાળની તરફેણમાં પોતપોતાના મત આપ્યા. સભાની પૂર્ણાહુતિ થવાની બહુવાર નહતી, પ્રમુખસાહેબ ઉપસંહાર કરતા હતા એ દરમ્યાન મજૂરોની આ મોટી સભાને ભેદીને બે સ્ત્રીઓ મંચ તરફ આવી રહી હતી. આખીએ સભા કુતૂહલભરી નજરે આ બન્ને સ્ત્રીઓને જોઈ રહી હતી. એ બે સ્ત્રીઓ તે અલકા અને સુમિત્રા હતી. બિહારીની ધરપકડના સમાચાર અને એનો સંદેશો સુમિત્રાએ અલકાને પહોંચાડયા પછી અલકા જાતે જ સુમિત્રાને લઈને આ સભામાં આવી હતી. થોડીવારમાં બંને મંચની લગોલગ આવી પહોંચ્યાં. અલકાએ પ્રમુખના કાનમાં કંઈ વાત કરતાં, પ્રમુખે પોતાનું ભાષણ બંધ કર્યું. સુમિત્રાને તો અનિલા, સરલા, નલિની વગેરે ઓળખતાં હતાં. આ સૌએ સુમિત્રાને તેમની પાસે બેસાડી. પરંતુ સૌની કુતૂહલભરી નજર અલકાપર હતી અલકા કોણ હતી એ સૌ કોઈ જાણવા ઉત્સુક હતા; સભાના મંચ આગળ બેઠેલા સી. આઈ. ડી. રિપોર્ટરો પણ આ નવી સ્ત્રીને વિસ્મય ભરી દૃષ્ટિથી જોઈ રહ્યા હતા. અલકા પ્રમુખસાહેબની સાથે જ મંચ પર ઊભી રહી હતી. કાળા પટાની સફેદ સાડી નીચે છૂપાએલો અલકાનો સુંદર દેહ સૌનું આકર્ષણ કરી રહ્યો હતો.

સૌ કોઈની આંખ અલકાના વદન પર ઠરી હતી. મંચ પર બેઠેલી સરલા, નલિની વગેરે પણ અલકા તરફ એકધારી રીતે જોઈ રહ્યાં હતાં. તેઓ શું જોતાં હતાં? અલકાને કે એના સૌન્દર્ય ઝરતા દેહને! આખુંએ વાતાવરણ કુતૂહલમય બની રહ્યું હતું. સુમિત્રા એની સાથે જ આવી હતી. સરલા અને નલિનીએ સુમિત્રાને કાનમાં અલકાની ઓળખ આપવા કહ્યું. પરંતુ સુમિત્રાએ કંઈ જવાબ ન આપ્યો. એ ચૂપ રહી. આખરે સભાની કુતૂહલતાનો ભંગ કરતાં પ્રમુખે ધીમે સાદે કહ્યું: "મિત્રો, હમણાં જ તમારી સમક્ષ જે બે

દોસ્તો આવ્યાં છે તેમાં એક અલકાકુમારી છે અને બીજાં સુમિત્રા બહેન છે. એમ જણાવી પ્રમુખે અલકા અને સુમિત્રા પ્રતિ અંગુલિ-નિર્દેશ કરી ઓળખ આપી. પ્રમુખે પોતાનું સંભાષણ ચાલુ રાખતાં જણાવ્યું કે, “અલકાકુમારી એ આપણા બિહારીનાં મિત્ર છે. તેઓ બિહારીનો સંદેશો આ સભા સમક્ષ વાંચવાનાં છે. બિહારીનો સંદેશો સાંભળીને મજૂરોનાં હૃદય પુલકિત થઈ ઊઠયાં. સૌએ તાળીઓના હર્ષનાદથી વાતાવરણ ગજાવી મૂકયું.

ત્યાર બાદ પ્રમુખે સુમિત્રા તરફ આંગળી ચીંધી બોલતાં જણાવ્યું કેઃ અને આ બીજાં છે તે સુમિત્રાબહેન, એમને તો આપણા અનિલભાઈ, સરલાબહેન. અને નલિની ઓળખે. તેઓ પણ બિહારીનાં મિત્ર છે. પરંતુ શરમાળ હોઈ બહુ જાહેરમાં આવતાં નથી. આ શબ્દોએ મંચ પર બેઠેલા સૌને હસવું આવ્યું. ત્યારબાદ અલકા બિહારીનો સંદેશો વાંચવા માટે ઊભી થઈ. આખી સભા એને સાંભળવા માટે એક કાને થઈ રહી હતી. સૌની આંખ માઈક્રોફોન આગળ ઊભેલી અલકા પ્રતિ મંડાઈ હતી. થોડીજવારમાં અલકાનો મંજુલ સ્વર વાતાવરણમાં રણકી રહ્યો. એણે બોલવા માંડયું; “ભાઈઓ, હું પહેલી જ વખત તમારી આગળ આવું છું. કદાચ કોઈ દિવસ ન આવત, પણ તમારા આગેવાને જે કામ મને સોંપ્યું છે એ બજાવ્યા વિના મારો છૂટકો નહતો. તમે બિહારીભાઈનો સદેશો સાંભળવા માટે ઉત્સુક હશો એટલે હું તમારો ઝાઝો સમય નહિ લઉં. સુમિત્રાબહેન એમની ધરપકડ વખતે હાજર હતાં. તેઓ જ આ સંદેશો લઈ ને મારી પાસે આવ્યાં હતાં. હવે હું તમારો સમય નહિ લેતાં બિહારીભાઈનો સંદેશો વાંચુ છું.” વાતાવરણમાં નીરવતા છવાઈ ગઈ. અલકાએ બિહારીનો સંદેશો વાંચવો માંડયોઃ

“બિરાદરો, તમારી સમક્ષ જે વ્યક્તિ મારો સંદેશો વાંચે છે એ તમારી સૌથી મોટી મિત્ર છે. એ જ તમારું સર્વસ્વ છે, એટલું યાદ

રાખજો. મારી ગેરહાજરીમાં મારી ખોટ એ પૂરશે. સુમિત્રાને તમે ઓળખતા નથી. એ આજ સુધી તો મારી મિત્ર હતી અને રહેશે; છતાં એથી આ બન્ને તમારા સૌના મિત્રો બનીને રહેશે. હું તો જાઉં છું. પણ તમારું કાર્ય આગળ ધપાવજો. હડતાળ એ જ તમારું સાચું શસ્ત્ર છે. મજૂર સંગઠ્ઠન એ તમારું બળ છે. સંગઠ્ઠન અને એકતા પર હડતાળ ટકશે. શાંત અને વ્યસ્થિત રીતે હડતાલ ચાલુ રાખજો. વિજય તમારો છે." સંદેશો પૂરો થયો. મજૂરોએ થોડીક ક્ષણોને માટે વાતાવરણ તાળીઓથી ગજવી મૂકયું અને આસપાસ "ઇન્કિલાબ ઝિંદાબાદ–મજૂર રાજ ઝિંદાબાદ સામાન્ય હડતાળ ઝિંદાબાદ" ના પોકારો ગુંજી રહ્યા. સદેશાનો અંત ભાગ વાંચતાં સૌએ જોયું તો અલકાનો કંઠ ગદ્દગદિત બન્યો હતો. આમ શાથી? સૌ કોઈ વિચાર કરતા હતા. ફક્ત સુમિત્રા એકલી જ જાણતી હતી કે એમ શાથી બન્યું? અલકાએ સદેશો પૂરો કરી નીચે બેસી ન જાણે એ રીતે રૂમાલથી એની આંખમાં આવેલાં છૂપાં આંસુ લૂછ્યાં. કોઇએ એના તરફ ખાસ ધ્યાન ન આપ્યું. પણ ફક્ત સુમિત્રાએ એનાં આંસુ જોઈ લીધાં સભા થોડીવાર પછી વિસર્જન થઈ અને અલકા તેમજ સુમિત્રા બન્ને સાથે આવ્યાં હતાં તેવાં જ પાછા ફર્યાં. સભામાંથી વિસર્જન થતી પ્રત્યેક વ્યક્તિ વિચાર કરતી હતી "અલકા કોણ છે?"

અલકાનું સ્વપ્ન

પ્રકરણ ૮ મું

અલકા અને સુમિત્રા મિટિંગમાંથી સાથે જ ઘર તરફ પાછાં ફર્યાં હતાં. રસ્તામાં બન્ને ચૂપ હતાં. છતાં બન્નેના ચહેરા પરની રેખાઓ પરથી જોઈ શકાતું હતું કે બંનેના હૃદયમાં એક જ પ્રકારનું મંથન ચાલી રહ્યું હતું. અલકાનું મકાન આવતાં તે રસ્તામાંથી જ સુમિત્રાથી છૂટી પડી. જતાં જતાં અચાનક એણે પૂછ્યું. "હવે ફરી કયારે મળશો બહેન?" સુમિત્રા પણ જાણે વિચારનિદ્રામાંથી જાગતી હોય એ રીતે બોલી, "તમે બોલાવશો ત્યારે." અલકાએ એના તરફ એક વેધક દૃષ્ટિ ફેંકી અને મંદમંદ હાસ્ય કરતી એ ચાલી ગઈ.

અલકા ઘેર તો આવી પણ એને જરાયે ચેન ન પડ્યું એટલે સાડી બદલી સ્નાન કરવા ચાલી ગઈ. પુષ્પોથી ગૂંથેલી એના કેશ–કલાપની સુંવાળી લટોને છૂટી કરીને એણે ખુલ્લા દિલે મુક્ત સ્નાન કર્યું. એમાં એને ખૂબ આનંદ આવ્યો. સ્નાન કરતાં કરતાં એકાએક એના હૃદયમાં ઊર્મિઓનું તોફાન જાગ્યું. એ શાને આભારી હતું! અલકાના અંગોપાંગ જળ સાથે ક્રીડા કરતાં હતાં. એના નાજુક પગ પર વારંવાર એ જલધારા કરી હસતી હતી. પથરાયેલી કાળા ભ્રમર સમી લાંબી રેશમી વાળની લટોને એ ભીંજવતી હતી. અલકા આજે મસ્ત હતી. એના નાજુક પાતળા દેહ પર ખીલેલા પીનકુચ સ્તન પણ એની સાથે જળક્રીડા કરતા હતા. એના અંગેઅંગમાંથી નૃત્ય ઝરતું

હતું. પ્રીતમની યાદમાં મસ્ત બનેલી અલકા સ્નાન કરતાં આજે ભાન ભૂલી હતી.

સ્નાનવિધિ પતાવી કટીની આસપાસ ઘેરા ભૂરા રંગનો ચણીઓ અને શ્યામ રંગનું કસકસતું રેશમી કુચપટ પહેરી અલકા સ્નાનાગારમાંથી બહાર આવી. પીઠ પર ભીના વાળનાં ઝુલ્ફાં ઝૂલતાં હતાં. અલકા બહાર નીકળીને મોટા આયના પાસે ઊભી રહી. ઘણી વખત આ જ આયાના સામે ઊભાં રહીને અલકાએ દેહને શણગાર્યો હતો. પણ આજે અલકાને પોતમાં કાંઇ ઑર રૂપ દેખાયું. એણે આખા દેહ પર દષ્ટિ ફેરવી. વિશાળ આયનામાં પડતા એના દેહના પ્રતિબિંબને એ નીરખી રહી. એને લાગ્યું કે એ સુંદર હતી. અને એના ગાલ પર શરમથી લાલ સુરખી છવાઈ. ભીના વાળની લટો સાથે ગેલ કરતાં એણે આયના તરફથી મોં ફેરવી લીધું અને ફરી પાછું આયનામાં જોયું.

આજે અલકાને એનો દેહ ગમતો હતો. શા માટે? દેહનું આટલું બધું આકર્ષણ કેમ થયું? એ દેહ પોતાને ગમ્યો કે બીજાને ગમતો હતો માટે? કોના સ્મરણમાં એના દેહના અણુએ અણુમાં નૃત્ય જન્મ્યું હતું? અને એણે ફરી આયનામાં જોયું. એના મુખ પર આનંદ હતો. એ એના સૌન્દર્ય પર આસક્ત બની હતી. એના હૃદયમાં પ્રેમનું તોફાન જાગ્યું હતું. અને અલકાએ નૃત્ય આરંભ્યું.

અલકાએ અંગમરોડ આંગણે આવેલા પ્રીતમને રિઝવવા મથી રહી હતો. આયનામાં પોતાનું પ્રતિબિંબ જોઈ એણે નૃત્ય ચાલુ જ રાખ્યું. એકાએક એણે આસપાસ દષ્ટિ કરી. એના નૃત્યને કે એના ભાવને કોઇ જોતું તો નહોતું? એની નજરે સામી બારીમાંથી તેના તરફ મીટ માંડી રહેલી બે પ્રેમાળ આંખો પડી. ઉસ્તાદજી એને નિરખતા હતા. શરમાઈ જઇને અલકાએ પૂછ્યું, "કોણ તમે કે?"

"હા બહેન. આજે મારી ખુશીનો પાર નથી."

"કેમ?"

"તને જોઈને—" અલકા શરમાઈને પૂરું સાંભળ્યા વિના જ પોતાના ખંડમાં ચાલી ગઈ. ઉસ્તાદજીનો હાથ વાજિંત્ર પર ફરતો હતો. ધીમી હલકથી એ ગાતા હતા—"પિયા મિલનકો જાના—" ઉસ્તાદજીનું ગીત જાણે રોમેરોમમાં પ્રસર્યું હોય એવો અનુભવ, અલકા પલંગમાં પડયાં પડયાં કરી રહી હતી. એ પલંગમાં આળોટતી જ પડી રહી. એના ભીના વાળ એના ગાલને સ્પર્શતા હતા. સ્પર્શ એને મધુર લાગ્યો. થોડીવારે કાંચળીના બંધ એણે છોડી નાંખ્યા બંધમુક્તિમાંથી દેહની વૃક્ષવેલડી પર ઝૂલતાં ફૂલોસમા સ્તન અલકાને ખૂબ ગમ્યાં. એણે આંખો મીંચી. બીડાયેલાં નયનો કાંઈ અવનવું દૃશ્ય નિહાળતાં હતાં. મસ્તીએ ચઢેલા દેહને નિદ્રા–આરામ દેતી હતી. ઉસ્તાદજીનું સંગીત બંધ થયું અને અલકાએ સ્વપ્નસૃષ્ટિમાં વિહાર કર્યો.

અલકાએ સ્વપ્નમાં દીઠા–બે પુરુષ; એક હતો બિહારી અને બીજો જગતાપ. સ્વયંવરમાં પસંદગી માટે આવ્યા હોય તેમ બંને ઊભા હતા. છતાં એક લાપરવા હતો. એ પ્રેમની ભીખ નહોતો માંગતો છતાં અલકા એના ભણી ખેંચાતી હતી. નિશ્ચિંત અને ધૂની બિહારી એને વધુ ગમ્યો. અલકા દોડી. એના ગળાની આસપાસ હારની જેમ એના હાથ એણે વીંટાળી દીધા. સ્નેહછલકતી આંખોએ એણે કહ્યું, "કહો કે, તને છોડીને કયાંય નહિ જાઉં." છતાં બિહારી તો ઊભો હતો, એવો ને એવો જ,—શાંત અને ગંભીર. એણે અલકાને માથે હાથ ફેરવ્યો. શાંતિથી એ બોલ્યો, અલકા એ જ મારી સૃષ્ટિ નથી; મારે બીજી પણ દુનિયા છે.' એ શબ્દો અવિચળ હતા. અલકા એ ન સહી શકી. છણકાઈને એ કંઠેથી અળગી થઈ. બિહારી હજી ય એમજ ઊભો હતો. અલકા રડી. પણ બિહારી એનાં આંસુ લૂછવાય ન આવ્યો. કેવો નિષ્ઠુર! ત્યાં જ અલકાએ બીજા પુરુષને જોયો. દોલતમંદ પિતાનો પુત્ર અલકાના પ્રેમની ભીખ માગતો હતો. એના ચરણમાં લક્ષ્મીની

રેશમછેલ કરવા એ તૈયાર ઊભો હતો અલકા આગળ એ બધું એને તુચ્છ હતું. એને એ એના હૃદયાસને બેસાડવા ઇચ્છતો હતો. એની ખાતર સર્વસ્વ હોમવા એ તૈયાર હતો શ્રીમંત પિતાનો પુત્ર અલકાને –નર્તકીને પરણવા પણ તૈયાર થયો હતો. લગ્નનો કોલ પણ એ દઇ ચૂકયો હતો. અલકા એ જ જગતાપની દુનિયા હતી. અલકાને નિષ્ઠુર બિહારી કરતાં આ પુરુષની સોડમાં એ સુખી થઈ શકશે એમ લાગ્યું. પણ મન કંઈ જુદું જ કહેતું હતું. હૃદયના કોઈ ખૂણામાંથી પોકાર ઊઠતો હતો. "બિહારી વિના અલકા બીજા કોઈની ન થઇ શકે." પણ પ્રશ્ન ઊઠયો, બિહારીને તો સુમિત્રા ચાહતી હતી. બિહારી પર તો એનો હક્ક હતો." મન ફર્યું. પણ જગતાપને એ સાચા દિલથી ચાહતી હોય તો આજે બિહારી માટે એના હૃદયમાં તોફાન સાનું જાગ્યું હતું? બિહારી એના હૃદયમાંથી ખસતો નહતો. આખરે એ બિહારી પાસે જ દોડી. પણ...... આંખ ઉઘડી ગઈ. ત્યાં તો ન મળે બિહારી કે ન મળે જગતાપ.

કેવું વિચિત્ર સ્વપ્નું! અલકા સ્વપ્નને યાદ કરવા લાગી. એ સહી ન શકી. ઓસીકામાં મોં છૂપાવી એ રડી પડી. આખરે હૃદયનો ભાર ઓછો થતાં એ સૂઈ ગઈ.

સુમિત્રાની મુઝવણ

અલકાથી છૂટી પડીને સુમિત્રા ઘેર આવી. પિતાને ત્યાં આંટો મારી આવીને સુમિત્રા પાછી બિહારીને ત્યાં આવી હતી. અનિલ અને રમાને જમાડીને હમણાં જ માને દવા આપી સુમિત્રા મેડા પર આવીને બેઠી હતી. નિર્જન ખંડમાં સુમિત્રા ખાટલામાં પડી પડી 'દિવ્યાનંદ'નું એકાદ પુસ્તક ઉપાડીને વાંચી રહી હતી. પરંતુ કોણ જાણે શાથી પુસ્તકમાં એનું દિલ ચોંટતું નહતું. થોડીવાર પછી પુસ્તકને બંધ કરીને ખાટલામાં પડ્યા પડ્યા તે બિહારી અને અલક બંનેના વિચાર કરતી હતી. બિહારી અને અલકાના વિચારો આખે દિવસ એના મગજમાં ઘોળાયા કરતા હતા.

“ અલકા કોણ છે? એને અને બિહારીને શો સંબંધ? શા માટે તે દિવસે મજૂરોની સભામાં વાંચવાનો સંદેશો બિહારીએ અલકાને જ આપ્યો.” સુમિત્રા વિચારતી હતી: “અલકા સુંદર છે એનો દેહ સૌને ગમે એવો છે. અને તેની સાથે પણ કેટલીક સર રીતે તે વાતો કરે છે!” અલકાના મધુર શબ્દો હજી એના કાન ગુંજતા હતા. એ દિવસે જે દૃશ્ય એણે જોયું હતું એ એની નજ આગળથી ખસતું નહતું. અલકાને ત્યાં એ કેટલી શરમાઈ ગઈ હતી છતાં સ્હેજ પણ સંકોચ વિના અલકાએ એને “ આવો બ્હેન કહી બોલાવી હતી. જગતાપ એના ખોળામાં માથું મૂકીને સૂતો હતે

છતાં જરાયે શરમાયા વિના અલકાએ એને આવકાર આપ્યો હતો. કેટલી નિર્લજ્જ ! ત્યારે તે શું બિહારી અને જગતાપ બંનેને ચાહતી હતી ? પરંતુ જો આમ હોય તો બિહારી એના પર આટલો બધો સ્નેહ શા સારું રાખતો હતો ? શા માટે બિહારી અલકામાં આટલો બધો વિશ્વાસ મૂકતો હતો ? પણ અલકા છે કોણ ? એ સાચું છે કે એનું સૌન્દર્ય અને એની દેહલતા તેને આકર્ષી શકે છે. તે પોતેજ કયાં એને જોઈને આકર્ષાઈ ન હતી ! જ્યારે એને પહેલવહેલી જોઈ ત્યારે એના મુખ પરની રેખાઓ કેટલી નિર્મળ હતી ! અનુ હસમુખું મોં કેટલું નિર્દોષ લાગતું હતું ! એ પહેલાજ દિવસે અલકા એને ખૂબ ગમી ગઈ હતી અને ત્યારથી એના હૃદયમાં એણે સ્થાન કર્યું હતું. તો પછી શા માટે એના પ્રત્યે ઘૃણા જન્મતી હતી ? એનું કારણ જગતાપ છે. જગતાપ તો પરણેલો છે છતાં એ દિવસે અલકાને ત્યાં એ કયાંથી આવ્યો ? અને તેને જોઈને શરમથી તે મો છૂપાવતે હતો, તેમ ઝડપથી જગતાપ એ દિવસે અલકાને ત્યાંથી ચાલ્યો ગયો હતો. અલકાને ત્યાં જે ચિત્ર સુમિત્રાએ જોયું હતું એનાથી એની મુઝવણ ખૂબ વધી પડી હતી, એના દિલમાં સતત આ વિચારો ઘૂમ્યા કરતા હતા. તે દિવસે જ્યારે એણે અલકાને પૂછ્યું કે 'જગતાપ અહીં કેમ આવે છે ?" ત્યારે અલકાએ કેટલો નિર્લજ્જ જવાબ આપ્યો હતો–"મોજ માણવા !" ત્યારે શું અલકાનું ઘર આ મોજ માણવાનું સ્થળ છે ? અને એવી અલકાને બિહારી ચાહતો હતો ! એટલુંજ નહિ પણ તે અલકાને ઉચ્ચ પદે સ્થાપતો હતો. એ દિવસે મિટિંગમાં તો સુમિત્રા એની સાથે ગઈ હતી. છતાં કોઈ પણ રીતે અલકા અને જગતાપ–બિહારી અને અલકા તેમજ અલકાની નિર્લજ્જ રીતભાત એના હૃદયમાંથી ખસતી ન હતી. ઘેર આવીને એણે ખૂબ વિચાર કર્યો. અવનવી કલ્પનાઓથી એનું હૃદય ભરાઈ આવ્યું મેડા પર જઈને એણે હૃદયનો ભાર પણ હલકો કર્યો હતો. પરંતુ જેમ જેમ તે વિચાર કરતી ગઈ તેમ તેમ બિહારી, અલકા અને જગતાપ એ ત્રણે

માટે એના હૃદયમાં ઘૃણા જન્મી. અલકા જ એની માનની લાગણી હતી. તે થોડીક વારમાં જતી રહી અને એની સ્વાભાવિક નિર્લજ્જતાએ સુમિત્રાના હૃદયમાં ધીમે ધીમે અલકા પ્રતિ તિરસ્કારની લાગણી જન્મી. એ તિરસ્કાર બિહારી તરફ વધ્યો. સુમિત્રાનું હૃદય ઉશ્કેરાતું હતું. અલકાના વર્તને જન્માવેલો રોષ એના હૃદયમાં અગ્નિની માફક ભભૂકવા લાગ્યો. થોડીજવારમાં સુમિત્રાએ મનમાં ને મનમાં નિર્ણય કર્યો, "મારે હવે અહીં શા માટે રહેવું જોઈએ? બિહારીને અને એને શો સંબંધ? બિહારી તો અલકા જેવી નિર્લજ્જ સ્ત્રીનો સાથી બની ચૂક્યો હતો. અને એ સ્ત્રી તે કેવી?"

એ સ્વૈરવિહારીણી હતી; એ ગમે તેની સાથે પ્રેમ કરી શકતી હતી. ગમે તેની સાથે શરમ કે સંકોચ વિના ફરી શકતી હતી. એ કોણ છે, કયાંથી આવી છે? એનો ... ... એ પણ તે જાણતી નથી. આવી સ્ત્રીના પ્રત્યે એનું હૃદય ખેંચાયું અને એને ચાહનાર બિહારીને પોતાનો માની દિવસ વ્યતિત કરવા એમાં સુમિત્રાને નરી મૂર્ખાઈ લાગી. એટલુંજ નહિ પણ મૂર્ખાઈ કરતાં એનાં હૃદયમાં જે તિરસ્કાર જન્મ્યો હતો, એ તિરસ્કાર એને આ ઘરની બહાર બોલાવી રહ્યો હતો. આખરે નિશ્ચય કરીને મેડા પરથી નીચે ઉતરી. કંઈપણ વિચાર કર્યા વિના એના પગ બારણા તરફ ધસતા હતા, પરંતુ બારણાં આગળ આવતાં વળી પાછા એના પગ થંભ્યા. ખાટલામાં પડેલી વૃદ્ધ બિમાર મા તરફ એની નજર ગઈ. અનિલ અને રમા યાદ આવ્યાં. વળી પાછો વિચાર આવ્યો, "બિહારી અને અલકાના કારણે બિમાર માને છોડી જવાં શું ઈષ્ટ છે? રમા અને અનિલ એ બે બાળકોનો શો દોષ? બિહારી જેલના સળીઆ પાછળ જતાં જતાં શું કહી ગયો હતો? મા, અનિલ અને રમાને તે એના હાથમાં મૂકી ગયો હતો, આવા સમયે એ બધાંને છોડી જાય તો એના હૃદયમાં શું થશે? એ તેના

માટે શું ધારશે! આ વિચારોએ એના પગ પાછા પડયા. પરંતુ વિચારનું યુદ્ધ હજી ચાલુ જ હતું. વળી એને ખ્યાલ આવ્યો: "કોને માટે તે આ બધું કરતી હતી?"

બિહારી માટે, જે અલકા જેવી એક બેશરમ નારી સાથે સંબંધ ધરાવતો હતો. એની મા બિમાર હતી તો ભલે રહી! એમાં એને શું? અને રમા–અનિલ ઓછાં જ એનાં ભાઈ બહેન છે? એ તો બિહારીનાં ભાઈ બહેન છે. તો પછી શા માટે તેણે આ બધો ભાર ઉઠાવવો જોઈએ! બિહારી અને અલકા પ્રતિ તો એનાં હૃદયમાં ઘૃણા જન્મી હતી. જેને શીલ જેવી કોઈ વસ્તુ નથી, જેને સંસ્કાર, સંયમ કે શરમ સ્પર્શતાં નથી, જેની નિર્લજ્જતા ગમે તે ઘડીએ પ્રકાશતી હોય છે એવી સ્ત્રીને માટે માનની લાગણી ધરાવનાર બિહારીને ખાતર શા માટે એણે આ બધું સહન કરવું જોઈએ? સુમિત્રાનો નિર્ણય ફરી બદલાયો. બિહારી અને અલકા પ્રતિ એનાં હૃદયમાં જન્મેલી ઘૃણાએ સુમિત્રાને ઘર છોડવાની ફરજ પાડી. સુમિત્રાએ માના ખાટલા નજીક આવી કહ્યું: "મા! હું જાઉં છું." માએ પૂછ્યું, "ક્યાં જાય છે બહેન?" "મારે ઘેર." સુમિત્રાએ જવાબ આપ્યો. વધુ કંઈ પણ સવાલ જવાબની રાહ જોયા વિના સુમિત્રા ઝડપથી પગલાં ભરતી બિહારીનું ઘર છોડી ગઈ. એકાએક સુમિત્રાને ઘેર આવેલી જોઈને એના ઘરનાં મા, બાપ સૌ આશ્ચર્યમાં પડયાં. સુમિત્રા ઘરમાં આવીને કોઈને પણ પૂછ્યા વિના ઉપરના ખંડમાં ચાલી ગઈ હતી.

કોઇની સાથે એણે વાત સરખીએ કરી ન હતી. ફક્ત એની માએ ઉપર આવીને નજર કરી તો સુમિત્રા ટેબલ પર માથું મૂકીને રડતી હતી બારી આગળથી એનાં આછાં ડૂસકાં સંભળતાં હતાં. બિહારીને ત્યાં ફરી નહિ જવાનો નિશ્ચય કરીને સુમિત્રા ઘેર આવી હતી.

સુમિત્રા પાછી આવે છે. પ્રકરણ ૧૦ મું

એ દિવસે બિહારીને ત્યાંથી સુમિત્રા ચાલી ગયા પછી લગભગ અઠવાડિયું પસાર થઈ ગયું; પરંતુ તે બિહારીને ત્યાં પાછી ફરી નહતી. બીજી બાજૂ માની માંદગી વધતી જતી હતી. રમા અને અનિલ બેબાકળાં બનીને માની સામે ટગરટગર જોઈ રહેતાં. સુમિત્રાને બોલાવવા માએ અનિલ અને રમાને ઘણીવાર મોકલ્યાં હતાં છતાં તિરસ્કારનો નશો હજુ સુધી ઉતર્યો નહિ હોવાથી સુમિત્રાએ સાફ શબ્દોમાં જણાવ્યું કે "હું આવવા માંગતી નથી." મા સુમિત્રાના વર્તનમાં થએલો ફેરફાર ખૂબ વિચાર કરવા છતાંય સમજી ન શકી. છેલ્લા પાંચ દિવસથી માની સમજાવટ છતાં રાધા જ તેની સંભાળ લેતી હતી.

એક દિવસ નાની રમા બહારથી દૂધ લઈને આવતી હતી. સામેથી કેટલાક છોકરાઓ દોડતા આવતા હતા. તેમાંથી એકનો ધક્કો લાગતાં દૂધનો પ્યાલો જમીન પર પડ્યો અને દૂધ ઢોળાઈ ગયું. રમા રડવા લાગી. રાધાએ બારીમાંથી એ જોયું. એ બહાર આવી અને પડી ગએલો દૂધનો પ્યાલો ઉઠાવી લીધો. રમાને પોતાની પાસે ખેંચી અને રડતી બંધ કરી કહ્યું, "સુમિત્રાબહેન પણ કેવાં છે કે તને દૂધ લેવા મોકલે છે?" નાની રમાએ ફરી રડતા કહ્યું કે, "સુમિત્રા-

બહેન તો નથી. એ ચાલ્યાં ગયાં છે. મા કાલે રડતી હતી." રાધા તો એ સાંભળીને દિંગ જ થઈ ગઈ.

બિહારીની ધરપકડથી એ પરિચિત હતી. સુમિત્રા અને બિહારી વચ્ચેના ગાઢ સંબંધથી પણ એ અજાણ ન હતી. રાધા બન્ને સારી પેઠે જાણતી હતી. નાનપણમાં તે બિહારી અને સુમિત્રા સાથે રમતી હતી, પણ લગ્ન પછી બે વરસમાં જ એનો પતિ ટાઈફોડનો ભોગ બન્યો હતો. બાવીસ વર્ષની ભરયુવાનીમાં રાધાનો સૌભાગ્ય ચાંલ્લો ભૂંસાઈ ગયો હતો. પ્રેમ-મસ્તી એ બધું વૈધવ્યની સાથે જ ચાલી ગયું હતું. રાધાના વૈધવ્યના સમાચારથી બિહારીને આઘાત થયો હતો. સાસરેથી વિધવા બનીને રાધા જ્યારે પાછી આવી ત્યારે બિહારીએ એને જોઈ હતી. બિહારીએ એના વદન પર પડેલી અનંત અને શાશ્વત વેદનાની રેખાઓ જોઈ હતી. યૌવનને પગથારે પગ મૂકતી રાધાના વૈધવ્યે બિહારીના હૃદયને સખ્ત રીતે હચમચાવી મૂક્યું હતું. એને પ્રશ્ન ઊઠ્યો હતો કે, "રાધા ફરી પરણે તો?" પરંતુ એને કોણ પરણે? છેવટે એ નિશ્ચય પર આવતો કે એને કોઈ નહિ પરણે તો પોતે પરણશે. ભલે સમાજ પોતાનો બહિષ્કાર કરે! પછી એ રાધાને ઘેર ગયો.

"આવ ભાઈ, તું તો કાંઈ દેખાતો જ નથી. મજામાં તો છે ને?" રાધાની માએ બિહારીને આવકાર આપ્યો.

"હા, માશી; રાધા ક્યાં છે?" બિહારી રાધાની માને માશી કહી બોલાવતો. રાધાની અને બિહારીની માનો સંબંધ બહેનો જેવો હતો, એટલે બન્ને એકબીજાની માને માશી કહેતાં.

"જો ને, ઉપર કાંઈ પાઠ પૂજા કરતી હશે."

બિહારીએ ઉપર જઈ જોયું તો રાધા દર્ભાસન પર ધ્યાનસ્થ બેઠી હતી. સામે પાટલા પર રાધાકૃષ્ણની છબી હતી. એના પર

કંકુનો તાજો છંટકાવ હતો. છબી પાસે રાધાએ મૂકેલાં ફૂલ પડ્યાં હતાં બિહારી એને જોઈ રહ્યો. રાધાની નજરે તો રાધાકૃષ્ણની પ્રતિમાઓ જીવંત સ્વરૂપે ખડી થઈ. રાધાકૃષ્ણની રાસલીલા, ગોપીઓ સાથેની રાસક્રીડા, ભગવાનના વિરહમાં તરફડતી રાધિકાને શ્યામનાં રીસામણાં-મનામણાં; એ બધાં દૃશ્યો એની આંખ આગળ રમતાં હતાં. બિહારી તો રાધાના મુખ પર થતાં ફેરફારો જોઈ રહ્યો. રાધાએ એની દૃષ્ટિ આગળ રમતાં દૃશ્યમાં જોયું તો તે પણ ખરેખર રાધાનો સ્વાંગ સજીને શ્યામ સાથે રાસ ખેલતી હતી અને જ્યારે એણે આંખો ખોલી ત્યારે એ ચમકી ઊઠી. સામે ઊભેલો બિહારી એને શ્યામસ્વરૂપ લાગ્યો. એની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યાં. બિહારીએ એ જોયું. એ એની સમીપ ગયો અને ધીમેથી સહાનુભૂતિ બતાવતાં એણે પૂછ્યું, "રાધા, કેમ રડે છે?" એ જ બિહારી જે એને શ્યામસ્વરૂપ લાગ્યો હતો એ એની સમીપ આવી ઊભો હતો. રાધાનું હૃદય હાલી ઊઠયું હતું. કંઈ પણ બોલ્યા વીના એ ઊઠી ને બિહારીની સોડમાં લપાઈ ગઈ. બિહારીએ એને બાથમાં લઈ એના વાળ ચૂમ્યા અને બીજી જ પળે એના અધરોષ્ઠ પર ચુંબન કર્યું. પણ રાધાને શું થયું? એ એકદમ દાઝી હોય એમ દૂર હઠી ગઈ. કરુણ સ્વરે એ બોલી, "હું તો વિધવા છું." એટલું બોલતામાં તો રાધા જમીન પર બેસી ગઈ અને બે પગમાં માથું દબાવી એણે રડવા માંડ્યું. બિહારીએ એને હૃદય હળવું કરવા દીધું. થોડીવારે એણે કહ્યું. "રાધા, તું પરણવા માગે છે?" રાધા તો આશ્ચર્યચકિત થઈ ને જોઈ જ રહી.

"હું પરણી શકું?"

"હા, પુનર્લગ્ન કરીને."

"પણ કોઈ સાથે?"

"તું કોની સાથે પરણવા ઈચ્છે છે? કોઈ તૈયાર ન હોય તો મારી સાથે."

રાધાએ થોડો સમય આંખો બંધ કરી. એણે નિર્ણય કર્યો હોય એ રીતે તેણે બિહારીના પગની રજ માથે ચઢાવી અને કહ્યું, "તમારી સાથે હું લગ્ન ન કરી શકું. બહેન ભાઇને કેવી રીતે પરણી શકે? અને બીજા કોઈ લગ્ન કરવા તૈયાર થાય તેમ નથી. મારે લગ્ન નથી કરવાં. પણ એટલું માગી લઉં છું કે આ બહેનને ભૂલશો નહિ." બિહારીએ રાધાને માથે હાથ મૂકી ફરી એના કપોલ પર ચુંબન કર્યું. રાધાએ જોયું કે એની આંખો અશ્રુઓની બની હતી. એને આ ચુંબન આહ્લાદક લાગ્યું. બિહારીના મનમાંથી રાધા સાથે લગ્ન કરવાનો વિચાર નીકળી ગયો હતો અને સુમિત્રાએ ધીમેધીમે વાંધો લીધો હતો. રાધા એ બંનેની ગાઢ બનતી મૈત્રીને ઊંડા ઉમરકા ભર્યા હૃદયે નીરખી રહી હતી. એક દિવસ એણે બિહારીને કહ્યું પણ હતું કે, "હવે પરણી જાઓ તો મા પણ સુખી થાય."

"પરંતુ કન્યા મળે ત્યારે ને? તેં તો ના પાડી મને રખડાવી દીધો." બિહારીએ જવાબ આપ્યો.

"કન્યા તો છે. જુઠું કેમ બોલો છો?"

"કોણ છે એ નસીબની ફૂટેલી જે મારી સાથે પરણવા તૈયાર થાય?" બિહારીએ મજા કરી.

"અરે એવું ન બોલો. લક્ષ્મી જેવી કન્યાને નસીબ ફૂટેલી કેવી રીતે કહો છો?"

"પણ એ લક્ષ્મીદેવી છે કોણ?"

"સુમિત્રાબહેન!" રાધાએ બિહારીનું હૃદય માપવાનો પ્રયત્ન કરતાં કહ્યું, "કેમ ખરું ને?"

"પગલી!" કહી બિહારી હસતો હસતો ચાલી ગયો.

*

દૂધ ઢોળાઈ જવાથી રડતી રમાને છાની રાખી રાધા બિહારીને ત્યાં આવી. રમાને માની પાસે મૂકીને એ બહાર નીકળી અને થોડી

જ વારમાં નવા પ્યાલામાં દૂધ લઈ આવી. રાધાએ ઘરમાં બધું અસ્તવ્યસ્ત જોયું. થોડાજ વખતમાં એણે બધું ઠીક કરી નાંખ્યું. એણે માને માટે ચા બનાવી દીધી અને રમા અને અનિલ માટે ખીચડી તથા શાક તૈયાર કર્યાં. માને પણ એણે ખીચડી અને દૂધ આગ્રહ કરીને ખવરાવ્યા. અનિલ-રમાને જમાડી, વાસણો માંજી કરી, તે મા પાસે ગઈ "મા, આજે જાઉં છું. કાલે સવારે પાછી આવી જઈશ."

"ના. બહેન, હવે કાલે તો હું ધીમેધીમે કરીશ."

"શરીર બહુ સારૂં ખરૂં ને? પછી આ અનિલ-રમાને નિરાધાર કરવા છે?"

રાધા જવા ગઈ કે માએ એને કહ્યું:

"રાધા, બહેન, એક કામ કરીશ?"

"શું મા?" રાધાએ થોભીને પૂછ્યું.

"સુમિત્રાનો કાગળ છે. એ એને આપી આવીશ?"

માએ પથારી નીચેથી કાગળ રાધાના હાથમાં મૂક્યો. કાગળ બિહારીનો હતો જેલમાંથી એણે લખ્યો હતો. રાધા એ સમજી શકી નહોતી કે સુમિત્રા સાથી ચાલી ગઈ હતી? માએ એમ ધાર્યું હશે કે આ કાગળ વાંચી સુમિત્રા પાછી આવશે. કાગળ લઈ, માને પ્રણામ કરી, સુમિત્રા બહાર નીકળી. બિહારીને ત્યાંથી રાધા નીકળી ત્યારે લગભગ આઠેક વાગ્યા હશે.

*

"સુમિત્રાબહેન, આવું કે?" રાધાએ સુમિત્રાને ત્યાં આવી ખંડની બહાર ઊભાં રહીને જ પૂછ્યું. સુમિત્રાએ એકાએક ચમકીને પુસ્તકમાંથી માથું કાઢી બારણા તરફ જોયું એણે રાધાને ઊભેલી જોઈ.

"કોણ, રાધા? આવ આવ. તું ક્યાંથી અત્યારે?"

"કામ પડ્યું એટલે જ આવી છું. કાંઈ છૂટકો છે!" હિંમત કરતાં એણે કહ્યું. સુમિત્રા ઊઠી અને એના બંને હાથ પકડી એને પોતાની પાસે ખાટલામાં લાવી બેસાડી. રાધાએ થોડા વખતમાં જ

સુમિત્રાના કુસુમ સરખા કોમળ ચહેરા પર તરવરતી વેદના રાધાએ પારખી લીધી અને આંસુથી ભારે થએલી આંખો પણ એ જોઈ રહી. આખરે રાધાએ સુમિત્રાના હાથમાં બિહારીનો કાગળ મૂક્યો. સુમિત્રાએ તરત જ ફોડીને વાંચવો શરૂ કર્યો. એકવાર વાંચ્યો. ફરી-ફરીને એણે વાંચ્યો. આખરે એને રાધાએ કહ્યું, "હું જાઉં છું બહેન." સુમિત્રાનું ધ્યાન એની બાજુ ગયું. રાધાનો હાથ પકડી એણે એને રોકી રાખી, "બેસ હું પણ હમણાં મા પાસે આવું છું." રાધાનું હૃદય ભરાઈ આવ્યું. સુમિત્રાને વહાલથી એ ભેટી પડી. બંનેની આંખો આંસુભીની બની. રાધાએ ગદ્‌ગદ્ કંઠે કહ્યું, "હાશ, મારો ભાર ઓછો થયો. સદાએ ભાર તું જ ઉપાડી લે." સુમિત્રાએ જવાબ ન દીધો. તેઓ થોડીજવારમાં તૈયાર થઈ નીચે ઉતર્યાં. ત્યાં સુમિત્રાની માએ પૂછ્યું, "ક્યાં જાય છે બહેન અત્યારે?" "બિહારીને ઘેર. તમે બધાં સૂઈ જજો. હું અત્યારે પાછી નહિ આવું." અને સુમિત્રાએ જરી પણ થોભ્યા વિના ઘર છોડી રાધા સાથે ચાલવા માંડ્યું. થોડા જ વખતમાં એ બિહારીને ઘેર આવી પહોંચી.

માએ સુમિત્રાને પાછી આવેલી જોઈ. અપાર સંતોષ અનુભવતી હોય એમ માએ કહ્યું, "આવી બહેન !" સુમિત્રાએ માનો મીઠો રણકાર સાંભળ્યો અને ખાટલા પર જઈ માની છાતી પર કેટલીક વાર સુધી માથું મૂકી એણે રડયા કર્યું. સુમિત્રાએ જોયું તો એના માથા પર માનો હાથ ફરતો હતો. રાધા રસ્તામાંથી જ ચાલી ગઈ હતી.

અલકા ફરી મળે છે.

સુમિત્રા બિહારીને ત્યાં પાછી ફરી હતી. મા એથી ખૂબ ખુશ થઈ હતી. રમા અને અનિલ પણ વહાલથી એને વળગી પડયાં હતાં. રાધાનું હૃદય પણ આનંદથી પુલકિત થયું હતું. બિહારીનો પત્ર વાંચીને સુમિત્રા પાછી ફરી હતી. ઘેર આવ્યા બાદ એણે માની માફી માંગી હતી; પરંતુ વાતચીતમાં માએ જ્યારે એને પૂછ્યું કે "તું એકાએક કેમ ચાલી ગઈ હતી બહેન?" ત્યારે સુમિત્રાની મૂંઝવણ વધી પડી. તે શાથી ચાલી ગઈ હતી એ વિષે તે માને કંઈ પણ કહેવા નહોતી માંગતી, છતાં જ્યારે માએ આગ્રહ કરીને પૂછ્યું ત્યારે એનાથી સહસા પૂછાઈ જવાયું, "મા! અલકા વિષે તમે બધું જાણો છો" સુમિત્રાને મોંઢે અલકાનું નામ સાંભળીને માને આશ્ચર્ય થયું. માને વિચાર આવ્યો કે સુમિત્રા અલકા માટે શા સારું પૂછતી હતી! શું અલકાના કારણે જ સુમિત્રા ઘર છોડીને જતી રહી હતી. માએ કહ્યું, "અલકાને હું ઓળખું છું. બિહારી સાથે અહીં આવે છે એટલું જાણું છું. બીજું કંઈ તો મને ખબર નથી."

"મા, તમે અલકા વિષે શું ધારો છો?" સુમિત્રાએ પૂછ્યું તો ખરું, પણ એને તરત વિચાર આવ્યો કે કોઈ પણ વ્યક્તિની ગેરહાજરીમાં એના વિષે વાત કરવી એ કોઈ પણ સભ્ય સ્ત્રી પુરુષને શોભતું નથી. માએ જવાબ આપ્યોઃ—

"છોકરી દેખાય છે તો સારી, બહેન? કેમ, તું કંઈ જાણે છે?" "ના, મા! કંઈ જાણતી નથી." કહી સુમિત્રાએ મોં નીચે નાંખી દીધું. માએ સુમિત્રાને માથે હાથ ફેરવી વહાલથી તેને પોતાની નજીક ખેંચતાં કહ્યું, "મારાથી છૂપાવે છે બહેન? માને પણ નહિ કહે?"

"કંઈ નથી મા, હું તો અમસ્તી જ પૂછતી હતી...... અરે! હું પણ કેવી છું! વાતમાં ને વાતમાં દવા આપવાની પણ ભૂલી ગઈ,' એટલું કહી સુમિત્રા માના ખાટલા પરથી ઊઠીને દવા લઈ આવી. માએ સુમિત્રા ગઈ એટલે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો. સુમિત્રા માને દવા આપીને નજીકમાં ખુરશીમાં બેઠી હતી. ત્યાં તો બહારથી મોટરના હોર્નનો અવાજ આવ્યો. સુમિત્રાએ બહાર આવીને નજર કરી તો મોટરમાંથી અલકા ઉતરતી હતી. પળવાર એણે અલકા તરફ જોયું ને નજર ખેંચી લીધી. થોડીજવારમાં અલકા અંદર આવી. સુમિત્રા અને અલકા બંનેની આંખો મળી. સુમિત્રાની નજર અલકાના દેહ પર ફરીને નીચે ઢળી. સુમિત્રા શું જોતી હતી? ઝીણી સફેદ અને પાતળી ખાદીની સાડીમાં અલકાનો દેહ ખૂબ સુંદર લાગતો હતો. સુમિત્રાએ અલકાને દૂરથી એક બીજી ખુરશી ખેંચી લાવી બેસવાની સગવડ કરી આપી. અલકાએ સૌથી પ્રથમ માની ખબર પૂછી અને ત્યારબાદ સુમિત્રાને ઉદ્દેશી કહ્યું, "હડતાળ વિષે તો તમે સાંભળ્યું હશે." સુમિત્રાએ જવાબ ન આપ્યો. એટલે અલકા ફરીથી બોલી, "મજૂરોનો વિજય થયો. વીસ ટકાનો વધારો મળ્યો." આમ છતાં સુમિત્રાએ કંઈ પણ જવાબ ન આપ્યો. અલકાને સુમિત્રાનું વર્તન વિચિત્ર લાગ્યું છતાં તેણે સુમિત્રાની નજીક પોતાનું મોં લઈ જઈ કહ્યું, "તમારે અને મારે મજૂર લત્તાઓમાં ફરવાનું છે. મજૂર સ્ત્રીઓને શિક્ષણ આપવાનું છે. આવશોને? બિહારીનો આદેશ છે." 'બિહારીનો આદેશ'–એ શબ્દો સુમિત્રાને કાને પડયા, અને એને જૂની વાતોનું સ્મરણ તાજું થયું. અલકા પ્રતિ એના હૃદયમાં ડંખ તો કયારનોએ જન્મ્યો

હતે.. સુમિત્રાએ જવાબ આપ્યો," તમે જજો, હું નહિ આવું. માની સંભાળ પણ રાખવાની છે ને !"

"મા રજા આપે તો ?"

"તો પણ નહિ આવું."

"કારણ ?"

"કંઈ નહિ." સુમિત્રાનો જવાબ હિમ જેવો ઠંડો હતો."

"આજ તમને કંઈ થયું છે ?" અલકાએ સુમિત્રાની હડપચી પકડી, એને હસાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું. સુમિત્રા બોલી નહિ. અલકાના હૃદયમાં અનેક વિચારો ઘોળાતા હતા. શા માટે સુમિત્રા તેની સાથે આવી રીતે વર્તે છે? તેણે સુમિત્રાનું કંઈ અનિષ્ટ તો નથી કર્યું ને ? અલકાથી શાંત ન રહેવાયું. તેણે ફરીથી કહ્યું, "નિરક્ષર મજૂરોને શિક્ષણ મળશે તો જ તેમનામાં આત્મભાન જાગૃત થશે. સ્ત્રીઓની જવાબદારી તમારે લેવાની છે.

"શિક્ષણવર્ગો શી રીતે ખોલશો ? પૈસા તો જોઈશેને, ક્યાંથી લાવશો ?" સુમિત્રાએ અલકાને ડારવા પ્રશ્ન કર્યો !

"એની ચિંતા ન કરશો, ગોઠવણ થઈ ગઈ છે."

"કોણ–તમે આપવાનો છો ?" સુમિત્રાએ કટાક્ષ કરતાં કહ્યું.

"કેમ, હું આપું તો કંઈ હરકત છે ?"

"કંઈ નહિ."

"ત્યારે તમે હવે તો દેશસેવિકા બનશો જ કેમ ખરુંને ?" અલકા સુમિત્રાનો કટાક્ષ સમજી ગઈ. એણે કહ્યું, "હું તો કાંઈ ન સમજું. દેશસેવિકા તો તમારે બનવાનું છે. મને તો બિહારીએ કહ્યું એટલે કર્યા વિના છૂટકો નથી. બાકી આ બધી લપમાં તમે ન હોત તો હું કોઈ દિવસ ન પડત."

"કેમ, સમય નથી મળતો ? સુમિત્રાએ આગળ લંબાવ્યું. વાતવાતમાં બિહારીનું નામ સુમિત્રાના હૃદયમાંથી શૂળની માફક ભોંકાતું હતું.

ઈર્ષ્યા એ સ્ત્રીનો સનાતન ગુણ છે. સુમિત્રાને અલકાની ઈર્ષ્યા નહોતી આવતી, પરંતુ અલકાના ચારિત્ર્ય વિષે જે છાપ એના દિલમાં પડી હતી એ સુમિત્રાને વધુ ઉત્તેજિત બનાવતી હતી. અલકા પ્રતિ જાગેલી વિચિત્ર લાગણીઓનું એ પરિણામ હતું.

"સમય તો ઠીક છે પણ..."

વાક્ય પૂરું થાય તે પહેલાં જ સુમિત્રાએ કહ્યું, "તમે ઓછો જ કંઈ ધંધો કરો છો તે ઘરાકી જોખમાવાનો ભય હોય!

"કદાચ જોખમાય પણ ખરી."

"તો દેશસેવિકા અને આ ખાદીનાં કપડાં રહેવા દો અને જે ધંધો કરો છો એ જ ચાલુ રાખો."

સુમિત્રાએ અલકાના હૃદયના મર્મ ભાગમાં ઘા કર્યા. અલકા કંઈ બોલી નહિ. સુમિત્રાએ કેવો કટાક્ષ કર્યો હતો એ હવે તેને સમજતાં વાર લાગી નહિ. તેને લાગ્યું કે તે દિવસના બનાવથી સુમિત્રાના દિલમાં જરૂર એને માટે ઘૃણાની લાગણી જન્મી છે. જગતાપ પોતાના ખોળામાં માથું નાંખી પડેલો, અને એના વાળ સાથે રમત કરતા પોતાના હાથ સુમિત્રાએ જોયા હતા. જરૂર એ બનાવે જ સુમિત્રાના વર્તનમાં ફેરફાર કર્યો છે. અલકાને હવે એ વાતની કંઈ પણ શંકા ન રહી.

થોડો સમય એમાંથી કોઈ પણ બોલ્યું નહિ. આખરે અલકાએ સુમિત્રાની વિદાય માગી. "મને તો કોઇ દિવસ ઘેર આવજો."

"કેમ કંઈ કામ પડયું? તમને હું મદદ કરી શકીશ?"

"કામ તો કાંઈ નથી પણ એકાદ વખત આવશો તો બધું સમજાવીશ."

મારે સમજવાની ઈચ્છા નથી."

"ઠીક તો જેવી તમારી મરજી."

અલકાએ માની રજા લીધી, સુમિત્રાને જતાં જતાં છેલ્લીવાર કહ્યું, "જરૂર પડે તો યાદ કરજો, જ્યાં હોઈશ ત્યાંથી આવી જઇશ,"

અલકાના સ્વરમાં કરુણા હતી. સુમિત્રાએ જોયું તો અલકાની આંખમાં આંસુ હતાં. એનું મોં પડી ગયું હતું. હમણાં જ રડી પડશે એમ એને લાગ્યું. સાડીના પાલવથી આંસુ લૂછી અલકા પગથિયાં ઉતરતી હતી, પરંતુ સુમિત્રાની બૂમે એને અધવચમાંજ ઊભી રાખી. સુમિત્રાએ કહ્યું, "બેચાર દિવસમાં તમારે ત્યાં આવી જઈશ."

"ગાડી મોકલું?"

"જરૂર નથી." અલકાએ પગથિયાં પરથી સુમિત્રાના વદન પર સહાનુભૂતિ પ્રગટતી જોઈને ઝડપથી નીચે આવી ઘર તરફનો માર્ગ લીધો.

બિહારીનો પત્ર

પ્રકરણ ૧૩મું

અલકાના ગયા પછી પણ સુમિત્રાને બિલકુલ ચેન પડયું નહિ. પથારીમાં પડયા પડયા તે અલકાનો જ વિચાર કરતી હતી. અલકાને મળવા જવાનું તેણે વચન આપ્યું હતું. અલકા પ્રતિ એનામાં તિરસ્કાર તો હતોજ, પરંતુ એની આંસુભીની આંખો સુમિત્રાના હૃદય પર હજી પણ ચોંટેલી હતી. એ આંખો શું માગતી હતી? સહાનુભૂતિ કે તિરસ્કાર! ધિક્કાર કે હમદર્દી? સુમિત્રાએ નિર્ણય કર્યો, "ગમે તેમ હો પણ એક વખત એને મળવું તો ખરૂં." અલકાનું જીવનરહસ્ય જાણવાની સુમિત્રાને જિજ્ઞાસા વધતી હતી. કોઈ પણ વ્યક્તિના જીવન વિષે પૂરૂં જાણ્યા વિના એના માટે અભિપ્રાય બાંધી લેવો એ એને ઠીક લાગ્યું નહિ. પથારીમાં પડયા પડયા સુમિત્રાના હૃદયમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. તે વિચારતી હતી, "બિહારી શા માટે અલકા પ્રતિ આટલો બધો સ્નેહ દર્શાવે છે? જો ખરેખર એ અલકાને જ ચાહતો હોય તો એ મારો શી રીતે બની શકશે? મને તો એણે વચન પણ આપ્યું છે. તો શું એક મ્યાનમાં બે તલવાર સમાશે? પરંતુ એ તો અસંભવ છે. બિહારીએ મને શા માટે લખ્યું છે કે અલકા પ્રતિ કોઈ પણ જાતનો પૂર્વગ્રહ બાંધીને એનો તિરસ્કાર કરીશ નહિ. શું તે તિરસ્કારને યોગ્ય નથી? જગતાપ અને એની વચ્ચેનો સંબંધ શું તિરસ્કારને યોગ્ય ન હતો! બિહારીને અને અલકાને

ગમે તે હોય પણ તે સારૂ તેણે શા માટે આ બધું સહન કરવું જોઈએ ? અલકા અને એને શું સંબંધ ? પરંતુ બિહારી જેલમાંથી છૂટે ત્યાં સુધી રાહ તો જોવી જોઈએ. અલકાના મનમાં એક પછી એક વિચારોનાં વાદળ આવીને વિખરાતાં હતાં. તે પથારીમાં આળોટતી હતી છતાં કંઈ ચેન પડતું ન હતું. એની દૃષ્ટિ સમીપ અત્યારે બે મૂર્તિઓ તરવરતી હતી. એક બિહારી અને બીજી અલકા. જેલના સળીઆ પાછળ પૂરાએલો બિહારી દૂર દૂરથી પણ સુમિત્રાના હૃદયને એની પાછળ ખેંચી રહ્યો હતો. જ્યારે અલકાનો વિચાર માત્ર સુમિત્રાનાં તમામ મીઠાં સ્વપ્નાંઓને છિન્નભિન્ન કરી નાખતો હતો. એના હૃદયમાં શંકાઓ ઊઠતી હતી કે, આટલું આટલું પાણી સીંચીને ઉછરેલો છોડ પવનના એક એ ઝપાટે પત્તાના મહેલની માફક ઉખડી તો નહિ જ પડે ને ! સુમિત્રાને બિહારીની ખાતર તો પિતાનું ઘર તજવું પડયું હતું. બિહારીના ઘરને જ પોતાનું ઘર બનાવ્યું હતું. એની માતાને પોતાની માતા બનાવી હતી.

બિહારીના સંસારમાં તે ઓતપ્રોત થઈ ગઈ હતી. તે શા માટે ? બિહારી જો એના હાથમાંથી સરી જવાનો હોય તો તે શા માટે આ બધું કરી રહી હતી ? તો પછી રાધાની સાથે તેણે રાતોરાત પોતાનું ઘર છોડીને આવવાની શી જરૂર હતી ? કલ્પનાની ઈમારત આગળ ચણાતી હતી. સુમિત્રાને વળી કંઈક વિચાર આવ્યો. પથારીમાંથી આળસ મરડીને ઊભી થઈ. એના મોં પર એકાએક હાસ્યની એક અદ્ભુત સુરખી છવાઈને જતી રહી. પથારીમાંથી ઊઠીને તે બારણા આગળ આવી. બારીમાંથી વર્ષાના આગમનનો સંદેશ આપતો ઠંડો સમીર એને ખૂબ મધુર લાગ્યો. થોડી જ વારમાં શીતળ સમીરની એક મીઠી લહેર સુમિત્રાના અંગને સ્પર્શીને જતી રહી. એ સ્પર્શ એને ખૂબ ગમ્યો...

*

સુમિત્રા થોડીવારમાં બારી આગળથી ખસીને અંદર દાખલ થઈ. અચાનક એની દૃષ્ટિ આયનામાં પડી. આયનો દરેક સ્ત્રી–પુરુષને ગમે છે. સૌન્દર્ય એ માનવ શરીરનું મુખ્ય આકર્ષણ છે સૌ કોઇ સુંદર બનવાનો પ્રયાસ કરે છે. પોતે સુંદર છે, એમ જણાવવાનું સૌ કોઇને મન થાય છે અને તેથી હરકોઈ સ્ત્રી પુરુષ તેના સૌન્દર્યની ખાતરી આયનામાંથી કરે છે. આયનો એ સૌન્દર્યનું પ્રતિબિંબ છે. સ્વાભાવિક રીતે આયનો સ્ત્રીને બહુ પસંદ હોય છે. કારણકે સ્ત્રીશણગારનું આ એક અગત્યનું અંગ છે. સ્ત્રીઓ હમેશાં આયનામાં પોતાનું સૌન્દર્ય જોવામાં આનંદ માને છે. આયનો સ્ત્રીને એના સૌન્દર્યની પ્રતીતિ આપે છે. જો કે અત્યારના પ્રગતિના યુગમાં તો વિદ્યાર્થીઓ અને કોલેજિયનો પણ ખિસ્સામાં આયનો રાખીને ફરતા માલૂમ પડે છે અને રૂપજીવનીઓ બજારમાં બેસે છે ત્યારે જેમ વારંવાર આયનામાં જોઇને પોતાના દેહની ટાપટીપ કરે છે, એવીજ રીતે આપણા વિદ્યાર્થીઓ અને કોલેજિયનોનો અમુક વર્ગ પણ અવારનવાર કલાસમાં અગર બપોરની રીસેસમાં કે હોટલમાં નાસ્તો કરતાં કરતાં ખિસ્સામાંથી નાનકડો આયનો કાઢીને એમનું મુખારવિંદ ધારી ધારીને જોઇ લે છે, રખેને ચંદ્રમા પર કોઈ કાલિમા તો પડી નથી? અને પોતાનો ચહેરો સુંદર છે, એની ખાત્રી કરીને અગર તો કાંસકો કાઢીને વાળને ટાપટીપથી ઠીક કરીને આનંદ માને છે. સૌન્દર્યની હરિફાઇમાં આ કંઈ ઓછી પ્રગતિ છે? સુમિત્રાએ પણ એનો દેહ ધારી ધારીને જોયો પોતાનો દેહ સૌને ગમે છે. આયનામાં પ્રતિબિંબ પાડતું એનું સૌન્દર્ય એને ઝગમગાટ કરતું લાગ્યું. સુમિત્રાએ એના સુંદર ગાલ પર હાથ ફેરવ્યો અને મોં પર લાલી તરી આવી. એનો ચહેરો એને આકર્ષક લાગ્યો. તેને ખાત્રી થઇ કે તે સુંદર છે. એના ગાલમાં ખાડા પડતા હતા. એનું સ્મિત અલૌકિક હતું.

અલકાના સૌન્દર્ય સાથે તે તેના સૌન્દર્યની સરખામણી કરતી હતી. સુમિત્રાને લાગ્યું કે તે ખરેખર અલકા કરતાં કોઇપણ રીતે

ઉતરતી નહતી. અલકા સાચેજ સુંદર છે અને તે પણ સૌન્દર્યની હરિફાઈમાં પાર ઉતરે તેમ છે.

સૌન્દર્યદર્શનથી તૃપ્ત થઈને તે પથારીમાં પગ લંબાવી સોડ તાણતી હતી ત્યાં તો કાંઈક વિચાર આવતાં ફરી ઊભી થઈ અને બિહારીનો પત્ર કાઢી વાંચવા લાગી. એ પત્ર એણે વારંવાર વાંચ્યો હતો છતાં ફરીથી વાંચવાનું મન થયું. બિહારીએ જેલમાંથી એ પત્ર લખ્યો હતો. સુમિત્રાએ શરૂઆતથી એ પત્રનું વાંચન શરૂ કર્યું:—

"સુમિત્રા

તારાથી દૂર બેઠા બેઠા જેલની તોતિંગ દિવાલોની વચ્ચેથી આ પત્ર લખું છું. મારો વિચાર તને અને અલકાને જુદો પત્ર લખવાનો હતો, છતાં એમ નથી કરી શકયો. હડતાળનો અંત આવ્યો છે. મજૂરોનો વિજય થયો છે, એ જ મારો મોટો સંતોષ છે. હું ક્યારે મુક્તિ પામીશ એ તો નક્કી નથી. યુદ્ધના વંટોળ વચ્ચે મારી મુક્તિ કદાચ જલદીથી શકય નહિ બને. મારી ગેરહાજરીમાં જવાબદારી તમારા ઉપર છે. અલકા અને તું બંને મજૂર લત્તાઓમાં—મજૂર ચાલીઓમાં—અને તેમનાં ઘરોમાં ફરી વળજો. નિરક્ષરતાનિવારણનું કાર્ય તમે પહેલું હાથ કરો એમ હું ઈચ્છું છું. હક્કને માટે મજૂરો લડતા થાય એ સારૂ પણ શિક્ષણની જરૂર છે. અલકા તને એમાં સારી મદદ કરી શકશે. અલકાને તું મળજે. એક વાત તને કહી દઉં કે અલકા એ સામાન્ય સ્ત્રી નથી. એના વિષે કોઈ પણ પૂર્વગ્રહ બાંધતા પહેલાં વિચાર કરજે. એ પણ તારા જેવી જ એક સ્ત્રી છે, છતાં આપણા બધા કરતાં એ મહાન છે. આજે તને કદાચ એ વાત નહિ સમજાય. પણ ભવિષ્યમાં તું પોતે એ જાણી જ શકીશ. મજૂર લત્તાઓમાં રાત્રિશાળાઓ અને શિક્ષણવર્ગો ખોલવા માટે ફંડ એકત્ર કરજો. અલકા એમાં સારી મદદ કરી શકશે. મજૂરોની સાચી બિરાદર

અને દોસ્ત અલકા છે. તને તો એ મોટી બહેન સમી નિરખે છે. એના વિષે તને એટલું કહું તો બસ થશે કે એને પૂરેપૂરી ઓળખ્યા વિના કોઈ પણ પ્રસંગે ન્યાય આપવા ન બેસીશ. તને હું ગમે ત્યારે એના વિષે કહીશ તો ખરો, પણ હું માનું છું કે તે પહેલાં અલકાને તું ઓળખી શકીશ.

રમા અને અનિલ તારા પડખામાં જ છે એટલે હું તો ચિંતામુક્ત છું. અહિંયાં બેઠાં-બેઠાં મને તો વિચાર આવે છે-હિંદની આઝાદીનો, પીડિત જનતાની મુક્તિનો. મા ખૂબ ખખડી ગઈ છે. એની આશાઓ મેં તો પૂરી કરી નથી. દીકરા પાસે મા જે આશા રાખે તે મેં પૂરી નથી. હું તો સદાએ ભટકેલ રહ્યો. જિંદગીભર ભટકયા કરીશ એમ લાગે છે. સમાજનો એક વર્ગ એવો છે કે જેની દુનિયામાં રાતદિન ભટકયા કરીશ તો પણ મને થાક નહિ લાગે. માને સંભારજે. બિહારીની ખોટ એને ન પડવા દઈશ. તારા ભરુંસે મૂકીને હું તો નિશ્ચિંત થયો છું. માની તું મારા કરતાં સારી સંભાળ લઈ શકીશ.

રમા અને અનિલ તો તારાં જ ભાઈ-બહેન છે એટલે વધુ શું લખું ? મારી સંભાળ કોણ લેશે, એનો હું વિચાર કરું છું. મને લાગે છે કે હું જેના ગળામાં પડીશ એને બોજા રૂપ થઈ પડીશ. એટલે હું તો સદાએ મુક્ત રહું એ જ સારું છે, છતાં તેં રસ્સી અત્યારથી જ બાંધવા માંડી છે. જોઇએ છીએ, કયાં સુધી ટકે છે. લિ.

બિહારીના

વંદેમાતરમ્

સુમિત્રાએ કાગળ વાંચીને ઓસીકાની તળે મૂક્યો. ઘડિયાળમાં એકનો ટંકારો થયો અને સુમિત્રા પથારીમાં તેના દેહને લંબાવતાં બબડી, "બિહારીને મારી રસ્સીમાંથી કોઇ મુક્તિ નહિ આપી શકે; અલકા પણ નહિ !"

*

અલકાનો ઇતિહાસ

પ્રકરણ ૧૩મું

અલકા એના ભૂતકાળનાં પાનાં ખોલતી હતી અને સુમિત્રા એક ચિત્તે એ બધું સાંભળી રહી હતી. અહિંયાં કોઇ તસ્વીરકાર હાજર ન હતો, નહિ તો આ બંને સ્ત્રીઓના ચહેરા પર પલટાતા ભાવ, કરુણા અને આંસુઓની જીવંત તસ્વીર ઉતારી હોત. જેમ જેમ સુમિત્રા અલકાનો ભૂતકાળ સાંભળતી ગઈ તેમ તેમ તેના હૃદયનાં પડળ ખુલતાં હતાં, શંકા આશંકાઓ દૂર થતી હતી અને તિરસ્કાર વ્યક્ત કરતી આંખોમાં સહાનુભૂતિનાં આંસુ ટપકતાં હતાં. અલકા એનો ઇતિહાસ કહેતી હતી.

"હું એક બ્રાહ્મણ વિધવા છું. મારી ઉમર લગભગ ૨૭ વર્ષની છે. પંદર વર્ષની ઉમરે મારાં લગ્ન થયાં. લક્ષ્મીના મોહમાં મારાં માતા-પિતાએ મારાં લગ્ન એક પ્રૌઢ વયના અમારી જ્ઞાતિના સર્જન સાથે કર્યાં હતા. પરણીને સાસરે આવી ત્યારે તો મારી યૌવન–ઉષા હજી ઊગતી હતી અને મારા પતિ જેમનું નામ પરશુરામ હતું તેમનું યૌવન આથમતું હતું. કૌમારવસ્થામાં પરિણીત જીવનનાં સુખસ્વપ્નોની મેં ઇમારતો બાંધી હતી. યૌવનસાગરમાં વિહાર કરવાના કોડ સેવ્યા હતા. જોબનને હિંચોળે ઝૂલવાના મનોરથો સેવ્યા હતા. એ બધું ય લગ્ન પછી તૂટી પડતું લાગ્યું. મારો કલ્પેલો પુરુષ શિથિલ ગાત્ર અને તૂટી ગએલી કમરવાળો હતો. મેં કલ્પ્યો હતો જુવાન, યૌવનથી

થનગનતો અને વિશાળ છાતીમાં મને છૂપાવી દેતો પુરુષઃ એને મારો શ્યામ બનાવી અને હું એની રાધા બની એની બંસીના સૂરે નૃત્ય કરીશ, એના સંગીતમાં સૂર મિલાવીશ, એની સાથે મસ્ત બની યૌવનની મજા લૂંટીશ, એવાં સ્વપ્ન હું સેવતી હતી.

નાનપણથી જ મારી બહેનપણીઓ મારા સૌન્દર્યથી મુગ્ધ થઈ મારી મશ્કરીઓ કરતી. આમ તો હું શરમાતી, છતાં મારૂં રૂપ હું છાનાં છાનાં જોઈ લેતી. મને રૂપનો ગર્વ હતો. કોઈ કોડીલા કંથને ચરણે આ રૂપ સમર્પણ કરવાનાં હું સ્વપ્નાંઓ રચતી હતી. જયંત મારો પડોશી હતો. તે સુંદર અને દેખાવડો હતો. અમારા મકાનની બારીઓ સામસામે હતી. ધીમે ધીમે એ અમારી આંખોના મિલનનું સ્થાન બની હતી. સવારે ઊઠીને બારીએ બેસી એ દાતણ કરતો. રસોઈ કરતાં મારી નજર એના તરફ પડતી અને બંનેની આંખો અથડાતી. અમે મલકાતાં. કોણ જાણે શાથી જયંતની આંખો મારા હૃદયમાં પારધીના તીરની માફક વાગતી. છતાં અમે બંને હજુ દૂર જ હતાં. મા મંદિરે ગઈ હોય ત્યારે બારીએ ઊભાં ઊભાં અમે બંને એકબીજાની ખૂબ મજાક ઉડાવતાં, હસતાં હૃદયમાં ઉભરાતી સ્નેહની લાગણીઓ અભિનય અને ઇશારાઓથી વ્યક્ત કરતાં. અમારા વિષે કોઈ કોઈ પડોશીઓ ટીકા પણ કરતાં. પણ અમારી શેરીમાં મારા બાપુનું સ્થાન ઊંચુ ગણાતું, તેથી સ્વાભાવિક રીતે જ વધુ ટીકા કરતાં સૌ કોઈ અચકાતા.

એક દિવસ સગડી પરથી ભાત ઉતારી હું સામેની અભરાઈ પરથી મીઠું લેવા જતી હતી. મારી નજર જયંતની બારી સામે પડી કે તેણે દીવાસળીનું ખોખું મારી ભણી ફેંક્યું. એમાં શું હતું તેની મને ખબર હતી. અમારો પત્રવ્યવહાર એવી રીતે જ ચાલતો. હવે અમે ખૂબ જ નિકટમાં આવતાં જતાં હતાં.

પત્રોમાં જયંત મને પ્રિયતમાનાં લાડ લડાવતો; લગ્ન પછીના મધુર જીવનની યાદ આપતો; મારા કેશ ગૂંથી વેણી પરોવવાનું લખતો.

જયંત ખૂબ રસિક હતો. એના દિલની ઊર્મિઓ એ પત્રોમાં ઠાલવતો. હું પણ એની થવા ઇચ્છતી હતી. એની વિશાળ છાતીમાં લપાઈને એના સુંદર હાથોમાં કચડાઈ જવાનું મને મન થતું. મારા વાળની લટો સાથે ગેલ કરતો અને છૂપાતો લપાતો આવીને મારા ગાલને ચૂમતો. હું એને સ્વપ્નમાં જોતી અને "ચોર" કહીને એનો હાથ હું પકડી લેતી. અમે બંને પરસ્પર હૃદયમાં સમાતાં–આંખોમાં આંખ અને ઓષ્ટ પર ઓષ્ટ મિલાવીને; પણ આ તો સ્વપ્નો હતાં.

એક દિવસ જયંતની ચિઠ્ઠીવાળું ખોખું લેવા જતાં મારી સાડી સળગી અને મારાથી બોલાઈ ગયું. "જયંત, બચાવ." જયંતે મને જોઈ હતી. ઘરમાં એ વખતે કોઈ નહતું. જયંત બૂમ સાંભળી દોડી આવ્યો. એને કંઈક સંકોચ તો થયો, પણ બીજી જ પળે એણે મારી સાડી અને કપડાં ઝડપથી ઉતારી નાંખ્યાં. સહેજ બળેલા અંગ પર તેલ ચોપડી એણે મને ઉંચકીને પથારીમાં સુવાડી અને શરીર પર ચાદર ઢાંકી દીધી. એટલામાં તો લોકો ભેગા થઈ ગયા. મા પણ મંદિરેથી આવી ગઈ હતી. એટલે જયંત ચાલ્યો ગયો. પરંતુ જયંતના પહેલવહેલા અંગસ્પર્શે મારા હૃદયમાં ભારે રોમાંચ થયો હતો. એણે મારાં વસ્ત્રો કાઢી નાંખીને સહેજ જલી ગએલી મારી જંઘાની ચામડી પર તેલ ઘસ્યું ત્યારે હું બળી છું એનો મને ખ્યાલ નહતો. પરંતુ મારા અંગ સાથેનો જયંતનો અંગસ્પર્શ મારા આખા દેહને બાળી રહ્યો હતો. મને એ સ્પર્શ ગમ્યો હતો. એ વધુ સમય ટકે એમ હું ઇચ્છતી હતી. મને ખાટલામાં સુવાડતાં સુવાડતાં એણે મારા દેહ અને ગાલ પર ચૂમીઓ ભરી હતી. હું દાઝી હતી એનું ભાન મને રહ્યું નહતું. પણ જયંતની ચૂમીઓ મારા અંગેઅંગને પ્રજાળી રહી હતી. મારા શરીરે રોમાંચ ઉદ્‌ભવ્યો હતો. જયંત જતો રહ્યો પણ એણે નાંખેલી પેલી ચિઠ્ઠી હજી ત્યાં જ પડી હતી. મારી છાતી ધડકતી હતી કે ચિઠ્ઠી મા કે બાપુના હાથમાં જશે તો ભોગ મળશે. થયું પણ

એમજ. એ ચિઠ્ઠી માના હાથમાં આવી. માએ વાંચી અને બાપુને બધી વસ્તુસ્થિતિ સમજાવી. પછી તો મારાં લગ્નની વાતો ચાલી.

માની ધીરજ હવે ખૂટી ગઈ હતી. તે તો ગમે તેમ કરીને મને પરણાવી દેવા માગતી હતી. મારી હિંમત નહતી, છતાં એક દિવસ બળ લાવીને કહ્યું, "મારે લગ્ન નથી કરવાં." બસ. પછી તો પૂછવું જ શું? મારા પર શબ્દ બાણો વરસ્યાં. માએ તો મને 'વંઠેલી' પણ કહી, છતાં મારામાં એ દિવસે તો હિંમત હતી. મેં કહી દીધું કે, "હું પરણીશ તો જયંતને; બીજા કોઈને નહિ." પણ એ અમારી જ્ઞાતિનો નહતો. જ્ઞાતિના વાડાઓ અને સમાજની દિવાલો અમારા પ્રેમમાં આડે આવી ઊભી હતી. જયંતની સાથે પ્રેમમાં પડતાં પહેલાં મને એ વિચાર જ નહોતો આવ્યો કે જયંત મારી જ્ઞાતિનો છે કે નહિ? પ્રેમનાં પૂર હૃદયને જ ઓળખે છે—જ્ઞાતિઓને નહિ. પ્રેમનાં બંધન નિરાળાં છે, એને દિવાલો નથી. પ્રેમનો રસ્તો કંટકથી ભરપૂર હશે એનો ખ્યાલ મને નહતો. છતાં મેં તો નિર્ણય કર્યો હતો—જયંત સાથે જ પરણવાનો. પણ પિતાને દોલતનો મોહ હતો. મારાં લગ્નથી એમને પૈસા જોઈતા હતા. એટલે આબરૂના બહાના નીચે મને દબાવવામાં આવતી. માની મારા તરફ સહાનુભૂતિ હોવા છતાં એ પિતાની વિરુદ્ધ કાંઈ કહી શકી નહિ. એણે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો. આંસુ સાર્યાં. આખરે હું હારી. ભાગ્યને આધીન થઈ મેં લગ્નની હા પાડી.

મારા પતિદેવની ઉમર લગભગ ૫૦ વર્ષની હશે. અગ્નિદેવની સાક્ષીએ જ્યારે ધ્રૂજતા હાથે મેં મારા પતિનો હાથ પકડ્યો ત્યારે મારા પર પહાડ પડતો હોય એમ લાગ્યું. મારાં સ્વપ્નોની ઇમારત કડડભૂસ કરતી થોડીજવારમાં તૂટી પડી. મારા સંસારજીવનના લહાવા અને યૌવનની પડખે મોજ માણવાની તમામ ઉમેદો, આશાઓ અને આકાંક્ષાઓ મેં એ કલાક દરમિયાન લગ્નની વેદીમાં હોમી દીધી.

મારાં લગ્ન થઈ ગયાં. માતપિતાએ મને રડતી આંખે વળાવી ખીલતું એક પુષ્પ વૃદ્ધના હાથમાં કરમાવા સોંપીને હવે એ રડતાં હતાં. માના રુદનમાં મને કાંઈ તથ્ય લાગ્યું પણ પિતાનું રુદન તો મને દંભી જ લાગ્યું.

* * *

પરણ્યા પછી ત્રીજે જ વરસે હૃદય બંધ પડી જવાથી મારા પતિદેવનું અવસાન થયું. મને એ ગમતા તો ન જ હતા. એમને હું ચાહતી તો નહતી. તેઓ પણ તે જાણતા. છતાં એમણે મને કાંઈ જ દુઃખ નહતું દીધું. તેઓ મને ચાહતા અને મારી સંભાળ રાખતાં મારાં અનેક કડવાં વચનો એ ગળી જતા. પાછળથી મારા હૃદયમાં પણ કંઈક સહાનુભૂતિ જન્મી હતી પરંતુ તેઓ વધુ સમય મારી પાસે રહ્યા નહિ ત્રણ જ વર્ષમાં મારૂં સૌભાગ્યકંકણ ફૂટી ગયું. મારી યૌવનઉષા પ્રગટે એ પહેલાં આથમી ગઈ. હું ખરેખર કમનસીબ છું બહેન! મને લાગે છે કે પ્રેમ પછી સંતાપ અને વેદનાઓથી જ મારૂં જીવન ભરેલું છે. મારી જિંદગીનો અંત પણ એ વેદનાઓમાં જ આવશે."

સુમિત્રાએ અલકાની આંખમાં આંસુ જોયાં. વહાલથી એણે એનાં આંસુ લૂછ્યાં. થોડીવાર પછી અલકાએ આગળ ચલાવ્યું—"જ્યારે મારી ઉમરની કેટલીએ યુવતિઓના દેહ પર હજી તાજી પીઠી ચોળાતી હતી, જ્યારે યૌવનનો ખરેખરો ઉષાકાળ હતો અને જ્યારે મારૂં હૃદય, મારૂં દિલ અને મારી આંખો એ યૌવનની મસ્તીથી થનગનતાં હતાં, મારો દેહ જ્યારે ભુખની તૃપ્તિ માંગતો હતો ત્યારે જ મારૂં સર્વસ્વ લૂંટાઈ ગયું હતું. સમાજે મારી ચુડીઓ ફોડી નાંખી હતી અને મારા હાથમાં વૈધવ્યની જંજીરો પહેરાવી દીધી હતી. હું વિધવા બનીને ઘેર આવી."

* * *

દેહદમન, ઉગ્ર તપ અને આકરાં વ્રત વિધવાને વળગેલાં હોય છે. હૃદયનો તનમનાટ, ઊગતું યૌવન અને દિલનું તોફાન અટકાવવા માટે આ બધું કરવામાં આવ્યું છે, પરંતુ મારું હૃદય તો કેમે કરીને એમાં પરોવાતું નહિ. મારે મુક્તિ જોઈતી હતી. વૈધવ્યની જંજીરો મારાથી સહેવાતી નહતી. મારું જોબન કોઈ રસિયાને શોધતું હતું. અતૃપ્ત દેહનાં દ્વાર બંધ થયાં નહતાં, પણ ઉઘડતાં હતાં. વિધવાનાં વ્રત મને સંતોષી શક્યાં નહિ. મને લાગ્યું કે જયંત હજી મને શોધે છે. એ મારો જ છે અને મારો રહેશે. એક દિવસ ફરી એ મારે ઘેર, જ્યારે મા કે બાપુ ન હતાં ત્યારે આવ્યો. બાપુના એક મિત્રને ઘેર ભજનની ધામધૂમ હોવાથી મને એકલીને ઘેર મૂકીને તેઓ ત્યાં ગયાં હતાં. મા અને બાપુ બહાર ફરી શકતા, બહારની હવા લઈ શકતા. પણ મારે તો દિવાલોમાં જ જીવવાનું હતું. જયંત આવ્યો ત્યારે હું એક ધાર્મિક પુસ્તકમાં માથું ઘાલી વાંચતી હતી. વિધવાના મનો-નિગ્રહ માટે ધાર્મિક પુસ્તકો જરૂરી જણાયાં હતાં. એને આવેલો જોઈ મેં ચમકીને પૂછ્યું–"જયંત, તું અહીં! અત્યારે! હમણાં બધાં આવશે. જતો રહે."

"તારું દુઃખ હું જોઈ શકતો નથી. આ રૂપ અને યૌવન આમ કરમાઈ જાય એ મારાથી સહન નથી થતું."

"જયંત, હું વિધવા છું. મારી આગળ એ વાતો શું કરવાની? હવે તો રૂપ અને યૌવન જેટલાં વહેલાં નષ્ટ થાય તેટલું વધુ સારું."

"શું આ રૂપ નષ્ટ થવા સર્જાયું છે? તારું અંતર સાક્ષી પૂરે છે કે તું એ ચાહતી નથી? તારા અંતરનાં દ્વાર હજી અર્ધ-બીડયાં છે. પ્રેમ એ દ્વારને ખોલી શકશે. જયંતનો પોકાર તારા રુંધાયેલા આત્માને નવું જીવન આપી શકે છે. તું મારી હતી, છે અને રહીશ. તારા વિના હું નહિ જીવી શકું." અને એ મારા તરફ ધસ્યો. હું ઊભી થઈ ગઈ. એનાથી દૂર જઈ ઊભી રહી. પણ એ તો

દોડયો. મને બાહુપાશમાં જકડી. મારા અંગેઅંગમાં વીજળીનો આંચકો લાગ્યો હોય એમ મને થયું. મને સમજાયું નહિ. ભુખ્યો દેહ આનાકાની કરતો જયંતની વિશાળ છાતીમાં લપેટાયો. એના ઓષ્ઠને મારા ઓષ્ઠ સ્પર્શ્યા. અને હું વિધવા હતી એ ખ્યાલ ભૂલી ગઈ. યુવાન સ્ત્રી અને પુરુષનું એકાંત મિલન દેહતૃપ્તિમાં પરિણમ્યું.

"મેં વિધવાએ જાણે ફરી સંસાર માંડ્યો હોય એમ મને લાગ્યું જ્યારે હું જાગી ત્યારે ખાટલામાં હતી. જયંત નહતો. મા અને બાપુ આવી ગયા હતા. પણ મારા અંગેઅંગમાં કાંટા ભોંકાતા હતા. મેં આ શું કર્યું? હવે શું થશે? એ રાત મેં જાગીને જ કાઢી. મને એકજ વિચાર આવતો કે પામર કોણ હતું? મારૂં હૃદય કે મને યૌવનમાં વિધવા બનાવનાર સમાજ રૂઢિ?"

અલકા નાસી છૂટે છે.

પ્રકરણ ૧૪ મું

અલકા એની કહાણી આગળ લંબાવતી હતી અને સુમિત્રા એક ચિત્તે એ કહાણીમાં લીન બની હતી. અલકાએ કહેવા માંડયુઃ—

"એ દિવસ પછી જયંત સાથેનો મારો સંબંધ વધતો ગયો. જ્યારે પણ તક મળતી ત્યારે જયંત મારી પાસે આવવું ચૂકતો નહિ. હું પણ એની માને મળવાને બહાને જયંત પાસે જતી. એક વખતના પતન પછી શરમ અને સંકોચનો અંત આવ્યો હતો. હવે અમે વિના સંકોચે મળતાં, હસતાં અને ગોષ્ઠિ કરતાં. પણ એક એવો દિવસ આવી પહોંચ્યો જ્યારે અમે ભોગવેલી સ્વતંત્રતાનું પરિણામ આવવાની તૈયારી હતી. મારૂં અંગેઅંગ ધ્રૂજવા લાગ્યું. જયંતને એ બધું સમજાવ્યું અને કહ્યું, "મને હવે અહીંથી લઈ જા. આપણો સંબંધ બહાર આવે એ પહેલાં તુ કંઇ પણ રસ્તો ખોળી કાઢ." જયંત કાંઈપણ ન સમજ્યો હોય તેમ એણે પૂછ્યું, "તું શું કહે છે?" મને લાગ્યું કે એ મુઝાતો હતો. તેથી મેં કહ્યું કે, "આપણા પાપનું ફળ જે મેં સંઘર્યું છે તે બહાર આવે તે પહેલાં કંઈક રસ્તો કર. તું મને પરણ અથવા અત્યારે તો અહીંથી નાસી છૂટીએ." લગ્ન માટે મેં દર્શાવેલી ઉતાવળમાં તો એ સંમત ન થયો પણ મારી સાથે નાસી આવવા તૈયાર થયો. મને લાગ્યું કે અમારા બંનેના પાપે નીપજેલા ફળનો એ નાશ કરવાની પેરવીમાં હતો. ગમે તેમ પણ અમે બંનેએ લાગ જોઈને એક દિવસે નાસી છૂટવાનો નિર્ણય કર્યો.

* * *

"આકાશ ઘનઘોર હતું. મૂશળધાર વરસાદ પડતો હતો—જાણે જગતનાં પાપ ધોતો ન હોય! અમારી શેરીમાં સઘળું સુમસામ હતું. ઘરનાં બધાં બારીબારણાં બંધ હતાં. મા અને બાપુ પણ ત્રીજે માળ સૂઈ રહ્યાં હતાં. અગિયાર વાગ્યાનો સુમાર હશે. હું તો જવા માટેની તૈયારી કરી ચૂકી હતી. પહેરવાનાં કપડાંનું એક પોટલું અને વૈધવ્યના ચિહ્ન રૂપ બે સોનાની બંગડીઓ હતી. બીજું કાંઈ લેવાની જરૂર નહતી. હું જાગતી જ પડી રહી હતી. એવામાં સંકેત મુજબ તેના ઘરનું બારણું જયંતે ખખડાવ્યું મેં બારીએથી જોયું તો જયંત ઘર બહાર નીકળતો હતો. હાથમાં એક છત્રી અને બેગ હતાં ભયંકર રાતે વરસાદ વરસતો હતો છતાં અમે ચોર પગલે અમારી નિર્જન શેરીમાંથી ચાલી નીકળ્યાં. રાત સ્ટેશન પરની લોજમાં જ ગાળી. બીજે દિવસે અમે દિલ્હી તરફનો રસ્તો લીધો. ત્યાંની એક ધર્મશાળામાં અમે ઉતર્યાં. અહીં પણ મેં જયંતને કહ્યું કે, "આપણે આર્યસમાજની કોઈ સંસ્થા દ્વારા પુનર્લગ્ન કરી લઈએ." પણ એણે કાંઈ માન્યું નહિ. હું ખૂબ ગભરાતી હતી. હવે તો મનમાં શંકાઓ પણ થતી. જયંત મારી નિરાધાર હાલતનો લાભ લેતો હોય એમ લાગ્યું. મારાં આંસુની એના પર અસર નહતી. ધીમે ધીમે એ મારા પર હુકમ ચલાવતો થયો હતો, મારી પાસેની સોનાની બંગડીઓ પણ એણે ભાડે મકાન રાખવા માટે લઈલીધી. પણ મને ધર્મશાળામાં જ મૂકીને એ પાછો જ ન ફર્યો. હું એની રાહ જોઈ બેસી જ રહી. મારી શંકા ખરી પડતી લાગી. હું ડૂસકે ડૂસકે બે હાથમાં મોં છૂપાવી રડતી હતી. ધર્મશાળાના ઓટલે જઈ હું જયંતના આવવાની રાહ જોતી હતી. પણ એ ન જ આવ્યો. મારી બંગડીઓ પણ લઈ ગયો. મને નિરાધાર કરતો ગયો.

"જયંતની રાહ હું જોતી જ રહી. અચાનક મારી નજર, સામેના મકાનની અટારીએ ઊભેલી સ્ત્રી તરફ પડી. એ સુંદર અને ઉમર-

લાયક જણાતી હતી. એ મને વારંવાર બોલાવતી હતી. પણ ભયને લીધે હું ત્યાં ન ગઈ, પછી તો એજ મારી પાસે આવી અને મારા માથે હાથ મૂક્યો. હું રડી પડી.

એ સ્ત્રી હતી હંસા. નામ તો મને ગમી ગયું. એનો કંઠસ્વર મંજુલ હતો. એની આંખમાં મેં સહાનુભૂતિ વાંચી. મારાં આંસુ એણે પોતાના પાલવથી લૂછ્યાં. મને છાતી સરસી ચાંપી–મા અગર મોટી બહેનને ખોવાઈ ગએલી દીકરી કે નાની બહેનને સોડમાં લેતી હોય એ રીતે; મને ખૂબ સમજાવીને હંસા એના મકાને તેડી ગઈ. મકાન ભવ્ય અને સુંદર હતું. હંસા મને એના મુખ્ય ખંડમાં લાવી. એ ખંડની સોનેરી દિવાલો પર કળામય ચિત્રોની હારમાળા હતી. સ્થળે સ્થળે નૃત્યનાં વિવિધ ચિત્રો મેં જોયાં. બાજુમાં નૃત્ય અને સંગીતનાં વાદ્યો પડ્યાં હતાં. સિતાર, સારંગી, પિયાનો, હારમોનિયમ, દીલરૂબા, નરઘાં અને ખીંટીએ લટકતાં ચકચકિત ઝાંઝર પણ જોયાં. દિવાલની બીજી બાજુ પર વિલાસથી ભરપૂર ચિત્રો ટાંગેલાં નજરે પડયાં. હું ગભરાતી ગભરાતી આ બધું જોતી હતી. મારા મનમાં શંકા ઊઠી, " હું કોઈ વારાંગનાને ઘેર તો નથી આવી ?" પછી થોડી જ વારમાં હંસા મારી પાસે આવી. મને કહ્યું, "ચાલ તું સ્નાન કરી પરવારી લે બહેન. પછી આપણે થોડું જમી લઈએ." ભૂખ તો મને કકડીને લાગી હતી. કંઈ પણ વિચાર કર્યા વિના હું પોટલી લઈને નહાવા ઊઠી. એટલે હંસાએ હસતાં હસતાં મારી પોટલી પડાવી લીધી. અને પ્રેમથી કહ્યું, "રહેવા દે, એ પોટલીની હવે કંઈ જરૂર નથી. મેં બીજી સાડી દાસી પાસે મૂકાવી છે."

"સ્નાન કરીને હંસાએ આપેલી નવી રંગબેરંગી સાડી પહેરીને હું ઉપર આવી. અમે બંનેએ પછી જમી લીધું. પછી હંસાએ મારા ખાલી હાથમાં એના હાથની કલામય બંગડીઓ હસતાં હસતાં પહેરાવી. અને મારા સામું જોઈ કહ્યું, " ખૂબ સુંદર લાગે છે બહેન !" હંસાના

શબ્દો મારે કાને પડયા અને થોડો સમય મારો ભૂતકાળ ભૂલી હતી તે ફરી યાદ આવ્યો. મારા સૌન્દર્યે જ મારી આ દશા કરી હતી. હું સુંદર હતી માટે જ હું જયંતને ગમી. જયંત સુંદર હતો માટે જ હું પતંગિયાની માફક સુંદરતાની જ્યોતમાં પડી હતી. ફરી મારી આંખમાંથી આંસુ પડવા માંડયાં. અને રડતા નયને મેં મારી કથની હંસાને કહી. આજે હવે તને કહું છું.''

સુમિત્રાએ જોયું તો અલકા આંખો લૂછતી હતી. અલકાએ આગળ ચલાવ્યું:—

"ત્યાર પછી હું મારો ભૂતકાળ ભૂલી ગઈ. જયંતની શોધખોળ પણ કરી નહિ. મા બાપ વગેરે બધાંને ભૂલી ગઈ. બે માસ પછી હંસાએ છાપામાં આવેલા સમાચાર એક દિવસ કહ્યા હતા કે, મારૂં અપહરણ કરાવ્યાના આરોપસર જયંતની ધરપકડ થઈ હતી. પરંતુ પત્તો નહીં લાગવાથી એ છૂટી ગયો હતો અને મારા આત્મઘાતના સમાચાર છાપામાં પ્રસિદ્ધ થયા હતા. પછી તો મારી શોધ કોઈએ કરી જ નહિ.

"મને પાછળથી ખબર પડી કે હંસા દિલ્હીની પ્રખ્યાત વારાંગના હતી. એની પાસેથી મેં નૃત્યની તાલીમ લીધી. "હંસાજાન"ની સાથે હું પણ "અલકાજાન" તરીકે પંકાવા લાગી. હંસા મારી દીકરીની જેમ સંભાળ લેતી. નૃત્યમાં હું નિપુણ બની હતી, મારૂં સૌન્દર્ય ઝગઝગાટ કરી રહ્યું હતું છતાં એ મને નૃત્ય માટે બહુ સ્થળોએ મોકલતી નહિ. એક દિવસ હંસાએ પણ એનો ભૂતકાળ કહ્યો હતો. એટલો જ કરુણ અને આંસુભીનો એ હતો. એણે મને કહ્યું હતું:— "અલકા, તને હું નાચીઝ વારાંગના જોવા ચાહતી નથી. પરંતુ મહાન નર્તકી જોવા ચાહું છું" હંસાને મારા પ્રતિ ખૂબ પ્રીતિ હતી.

"બે વરસ બાદ હંસા—મારી મોટી બહેન સમી હંસા—ક્ષયનો ભોગ બની મૃત્યુ પામી. એ દિવસે મારો રહ્યોસહ્યો આધાર પણ તૂટી પડયો. મરતાં પહેલાં હંસા એની તમામ દોલત મને વારસામાં આપતી ગઈ અને એટલું કહેતી ગઈ કે નૃત્યકી તરીકે પણ હું તારૂં

ભાવિ ઉજ્જવળ કરજે. ઇતિહાસને પાને નર્તિકાઓનાં નામ પણ સુવર્ણાક્ષરે લખાએલાં છે. એવી જ તું કોઈ નૃત્યરાણી બનજે." ત્યાર પછી મેં દિલ્હી છોડયું અને મુંબાઈ આવી. નૃત્યકી તરીકે આજસુધી અનેક રજવાડાઓ, પાર્ટીઓ, મહેફિલો અને લગ્નોત્સવોમાં મેં નૃત્ય કર્યાં છે. "અલકાજાન" તરીકેનાં સંબોધનો ઝીલ્યાં છે. અનેકની આંખનાં નિશાન ઝડપ્યાં છે. અનિચ્છનીય માગણીઓ એમને એમ ઠંડા કલેજે હૃદયમાં છૂપાવી છે. મારી ખાતર સગાંવહાલાં, માબાપ, એશઆરામ છોડનાર મેં જોયાં છે અને મારી સુંદરતા પર દોલત લૂંટનારા દિવાનાઓ પણ મેં જોયા છે. અનેકની સાથે મેં પ્રેમ કર્યો છે, નૃત્ય કર્યું છે, પરંતુ મારું દિલ કોઈને નથી સોંપ્યું. નૃત્યકી તરિકેના મારા જીવનમાં મને માત્ર બે જ પુરુષ સાંપડયા છે. એક એની માલમિલકત, વૈભવ, પ્રતિષ્ઠા સઘળું મને સમર્પીને મારા પ્રેમની ભિક્ષા માંગે છે; મારી સાથે લગ્ન કરવા પણ એ તૈયાર છે. એનું નામ જગતાપ શેઠ.

"બીજો તો તમે જાણો છો. આજ સુધી એવો પુરુષ મેં નથી જોયો. એણે એક નૃત્યકીને ઊંચે સ્થાને બેસાડી છે. જેના હૃદયમાં ઘૃણા નહિ પણ સહાનુભૂતિ છે. એણે મારી દોલતનો સદુપયોગ કર્યો છે. મારી મિલકત એણે પીડિતોની સેવામાં વાપરવાનો માર્ગ દાખવ્યો છે. એને મારૂં રૂપ કે કટાક્ષ સ્પર્શ્યાં નથી. એના દિલમાં રાત દિન ભૂખે મરતાં-દબાયેલાં-કચડાયેલાં લોકોની સેવાની જ્યોત જલે છે. એ મહાન છે. આજે એ અહીં નથી, જેલે એને પૂર્યો છે, છૂપાવ્યો છે, એ બિહારીના ચરણ ચૂમું તો પણ મારે માટે બસ છે, એ તારો અને મારો બંનેનો છે."

પછી અલકાએ, બિહારીએ એના જીવનમાં કેવી રીતે પ્રવેશ કર્યો, જગતાપ સાથે એનું કેવી રીતે મિલન થયું એ ઈતિહાસ કહી સંભળાવ્યો. પછી એ જાણે કોઈ ભવ્ય ત્યાગ કરતી હોય એમ બોલી, "બહેન હું બિહારી પરથી મારો હક ઉઠાવી લઉં છું. બિહારી તને સોંપું છું. તમારા બધાની અને મારી થોડી પણ સેવા કરવાની તક મને મળશે

તો પણ મારે મન ઘણું છે. આ મારી કહાણી છે. એ કહેવા જ મેં તને અહીં બોલાવી હતી. મારો તિરસ્કાર ન કરીશ, એટલી જ ભિક્ષા હું માગું છું." અલકાએ સુમિત્રાના ખોળામાં માથું નાંખી દીધું. સુમિત્રાનો ખોળો આંસુથી ભીંજાયો. સુમિત્રા પણ રડતી હતી. બંને શાંત પડતાં સુમિત્રાએ પૂછ્યું,"

"જગતાપ હજી અહીં આવે છે ?"

"કેમ પૂછવું પડયું ?"

"અમસ્તાં જ."

"કોઈ કોઈ વાર આવે છે અને રાત પણ અહીં ગાળે છે." અલકાએ સ્વાભાવિકપણેજ કહ્યું.

"પણ જગતાપ તો પરણેલો છે."

"શું કહ્યું ? એ પરણેલો છે ?"

"હા, એની પત્નીનું નામ નિર્મળા. હવે તો એ એના સામું પણ નથી જોતો."

"ત્યારે એ શા માટે મારી સાથે લગ્ન કરવા તૈયાર થયો ?"

"એક પર બીજી કરવાસ્તો."

"પણ નિર્મળાનું શું ?"

"એનું જીવન વેડફાઈ જવાનું."

અલકા થોડો સમય ચૂપ રહી. પછી શાંત અને ગંભીર સ્વરે બોલી.

"બહેન, આ હકીકત જાણ્યા પછી જગતાપ હવે અહીં નહિ આવી શકે એની તમને ખાત્રી આપું છું. અને નિર્મળાને સુખી કરવાના હું પ્રયાસો કરીશ."

સુમિત્રા અલકાને ભેટી પડી અને એને ચૂમી ભરી. અલકાની આંખોમાં એણે આત્મત્યાગ અને બલિદાન જોયાં.

બિહારીના શબ્દો એને સાચા પડતા લાગ્યા. અલકાના ત્યાગ આગળ સઘળું તુચ્છ હતું. સુમિત્રાએ અંતરથી કબૂલ કર્યું કે અલકા નૃત્યકી હોવા છતાં મહાન છે.

નિર્મળા અલકાને ત્યાં

પ્રકરણ ૧૫ મું

નિર્મળાના આશ્ચર્યનો પાર ન હતો. જે સ્ત્રીને એ ઓળખતી પણ ન હતી એ સ્ત્રીનો પત્ર વાંચીને એના હૃદયમાં અનેક વિચાર–તરંગો ઊભા થયા હતા, "આ સ્ત્રી એ તો નહિ હોય જેના તરફ જગતાપ આકર્ષાયો છે? પત્ર તો એવો જ લાગે છે. પરંતુ ખરેખર જો અલકાનો તેના પર કાબૂ હોય તો મને શા માટે આવો પત્ર લખે? પોતાના સુખનો એ કેમ વિનાશ કરે છે? એનામાં કાંઈ પરિવર્તન થયું છે! ગમે તેમ હોય પણ એને એકવાર મળવું તો જોઈએ જ. પછી ભલે જગતાપ તેને ચાહતો હોય કે ન ચાહતો હોય." અલકાના પત્રથી નિર્મળાનું હૈયું ભરાઈ આવ્યું હતું. કોઈ સખીનાં સંભારણાં તેને થતાં લાગ્યાં. નિર્મળા સુંદર અને સંસ્કારી યુવતિ હતી. બીજી કોઈ સ્ત્રી હોત તો અલકાનો પત્ર વાંચીને જગતાપ પ્રતિ એના હૃદયમાં તિરસ્કાર ઉત્પન્ન થયો હોત. પણ નિર્મળા એવી ન હતી. કેટલાક વખતથી એ સાસરે આવી હતી. પતિ વિષે એણે અનેક વાતો સાંભળી હતી. પણ આજ સુધી એણે જગતાપને એ વિષે કાંઈ પણ પૂછ્યું ન હતું. જગતાપનું લાપરવા જીવન મોડી રાતે ઘેર આવવું કે કોઈવાર બે ચાર દિવસ સુધી બહાર રહેવું–આ બધું નિર્મળા જાણતી, પણ એ ચૂપ હતી. પતિને એક હરફ પણ એણે કહ્યો નહતો.

એક દિવસ નિર્મળાનાં સાસુ જયાલક્ષ્મીએ જગતાપ વિષે ફરિયાદ કરતાં તેને પૂછ્યું હતું, "જગતાપ હમણાં ક્યાં જાય છે તે રાત્રે મોડો આવે છે?" નિર્મળાએ જવાબ દીધો." મને ખબર નથી મા. કામ હશે તે જતા હશે."

"તું કાંઈ પૂછતી નથી બહેન?"

"ના, શા માટે?"

અને જયાલક્ષ્મી દીર્ઘ નિઃશ્વાસ નાંખી ચાલ્યાં ગયાં. પુત્રનાં અનેક પરાક્રમોની કથાઓ એમને કાને આવતી. લક્ષ્મી જેવી વહુના મોં સામે જોઈ એમની આંખમાં આંસુ આવતાં, નિર્મળા આમ તો ઉદાસીન જણાતી નહિ. ઘરમાં સાસુ, અને નાની નણદી સાથે તે હસીખુશીને વાતો કરતી. તેના ચહેરા પર ઉદાસી નામનું એક પણ ચિહ્ન નજરે પડતું નહિ. છતાં કોઈ કોઈવાર એકાંતે એ રડતી. રાતના જ્યારે નિર્મળા તેના સૂવાના ઓરડામાં આવતી ત્યારે દિવાલ પર ટાંગેલી આરસીમાં તેનું મુખ જોયા વિના તેનાથી રહેવાતું નહિ. આરસીમાં પ્રતિબિંબ પાડતા પોતાના ચહેરાને તે ઘણીએ વાર જોતી. એ ચહેરો એને ગમતો. ઘણી વખત તેની જાતને એ પૂછતી, "શું હું કદરૂપી છું?" એને ખાત્રી થતી કે તે કદરૂપી તો ન જ હતી પણ સાથે સાથે એ પણ ખાત્રી થતી કે તે એના પતિને ગમે એટલી સુંદર પણ છે. છતાં શા માટે જગતાપને તે આકર્ષી શકતી નથી? જગતાપ જેને ત્યાં જાય છે એનામા એવું તે શું છે કે જગતાપ પાગલ બન્યો છે? એના દિલમાં પ્રશ્નો ઊઠતા, ઘણીવાર એને એમ પણ થતું કે તે આ ઘરમાં શા માટે આવી હતી? એનો પતિ તો એની તરફ બેદરકાર હતો. શા માટે એ બધું સહન કરે? તેનું ભણતર તેને બળવો પોકારવા કહેતું. પણ એને કોણ રોકતું હતું? જન્મપ્રાપ્ત સંસ્કાર કે અંતર? તેના અંતરના ઊંડાણમાંથી જવાબ આવતો, "જગતાપ પાછો આવશે જ."

એક દિવસ નિર્મળા તેના લાંબા પથરાએલા કેશની લટોને ઠીક કરી ગૂંથી રહી હતી. એવામાં એની નાની નણંદ એકાએક દોડતી દોડતી ઉપર આવી અને ભાભીને વળગી પડી. થોડીવારે એ બોલી, "ભાભી, તમે બહુ રૂપાળાં છો." નિર્મળા શરમાઈ ગઈ અને બોલી, "એવું ન બોલોએ રમુ બહેન, કોઈની નજર લાગે."

રમુએ હવે જોરમાં આવી કહ્યું, "ઓહો ! તમેય ખરાં છો ને ! મારી નજર લાગી પણ મારા ભાઈની રોજ નજર લાગે તેનું શું કહો છો ? લો ત્યારે, હવે નહિ કહીએ." રમુ છણકાઈને દૂર જઈ બેઠી.

નિર્મળા એની પાસે ગઈ અને એને પોતાની ગોદમાં લઈ પૂછ્યું, "માઠું લાગ્યું બહેન ?" રમુએ ટોણો મારતી હોય એમ કહ્યું, "મને મોટી તો થવા દો. તમારાથી પણ વધારે રૂપાળી થાઉં નહિ તો મારું નામ રમુ નહિ."

"તમારું નામ રમુ નહિ પણ રંભા. અત્યારથી જ રંભા જેવાં છો, તો મોટાં થશો ત્યારે કોણ જાણે શુંએ કરશો." નિર્મળાએ રમુના ગાલે ચૂંટી ભરતાં કહ્યું.

"તમેય ભાભી કેવું બોલો છો! જાઓ આજથી તમારી કટ્ટી." રમુ ફરી રીસાઈને દૂર જઈને બેઠી.

"આમ વાત-વાતમાં રીસાશો તો કોણ મનાવશે ?"

"જેને ગરજ હશે એ સ્તો. હું કંઈ તમારી માફક હાથ જોડીને બેસી નહિ રહું." નિર્મળાએ જવાબ ન આપ્યો. રમુની વાતોએ એના દિલ પર ચોટ મારી હતી. રમુના કહેવા મુજબ તે સુંદર પણ હતી પરંતુ એ સૌન્દર્ય કોના ખપનું હતું ? એ સૌન્દર્યને પૂજનારો તો તેનાથી દૂર રહેતો હતો. પૂજારીને તો રોજરોજ નવી સૌન્દર્યમૂર્તિઓ જોઈતી હતી. એ રીસાય તો એને કોણ મનાવનારું હતું.

રમુના કહેવા મુજબ ખરેખર તે હાથ જોડીને બેસી જ રહી હતી. જગતાપનું તેના પ્રત્યેનું વર્તન શું તિરસ્કારને પાત્ર નહતું ? શું એ બધું તેણે સહન કરવું જોઇતું હતું ? નિર્મળાના દિલમાં એક પછી એક પ્રશ્નો ઊઠયા. પરંતુ એ બધું વિચારતાં થોડીજવારમાં તેનું હૈયું ભરાઈ આવ્યું અને નાના બાળકની માફક રડી પડી. રમુ નિર્મળાને રડતી જોઇ એની પાસે આવી. તેના બંને હાથથી મોં ઊંચું કરી કહ્યું, "ભાભી રડો છો કેમ ?" નિર્મળાએ સાલ્લાના છેડાથી તેનાં આંસુ લૂછી નાંખ્યાં. પરંતુ રમુ દોડતી દોડતી બહાર જઇને જયાલક્ષ્મીને કહી આવી. થોડીજવારમાં જયાલક્ષ્મી નિર્મળાના ખંડમાં આવ્યાં. નિર્મળાએ સાસુના સામે જોયું અને કંઠ ભરાઈ આવતાં આંખમાંથી આંસુની ધારા ચાલી. જયાલક્ષ્મી તમામ વાતથી પરિચિત હતાં. તેઓ નિર્મળાની પાસે ગયાં. એના માથે હાથ ફેરવી વહાલથી વહુને છાતીસરસી ચાંપી એનાં આંસુ લૂછતાં બોલ્યા, "બેટા વહુ ! જગુ હજી નથી આવ્યો ?" જગતાપને જયાલક્ષ્મી જગુ કહીને જ બોલાવતાં હતાં.

"ના." નિર્મળાએ ટૂંકો જવાબ આપ્યો. જયાલક્ષ્મી વહુને આશ્વાસન આપી જતાં હતાં. ટેબલ પર પડેલી ચિઠ્ઠી પર અચાનક તેમની નજર ગઈ. નિર્મળા તે ચિઠ્ઠી લઈ લેવા જતી હતી પરંતુ તે પહેલાં જ જયાલક્ષ્મીએ એને ઉપાડી લઇને વાંચી જોઈ. એમાં અલકાએ જગતાપને રાતના નાચગાનની મહેફિલમાં આમંત્રણ આપ્યું હતું. જયાલક્ષ્મીથી જગતાપનો સ્વચ્છંદ સહન થતો નહતો. તેઓ બોલી ઊઠયાં:—એના બાપુને હવે બધી વાત જાહેર કરવી પડશે, મારાથી તો આ સહન નથી થતું. પરંતુ નિર્મળા હંમેશાં જયાલક્ષ્મીને તેના પતિ વિષેની કંઈ પણ વાત સસરાને કહેવા માટે મનાઈ કરતી. આ વખતે પણ તેણે એમ કહ્યું હતું કે, "એમને કંઈપણ ન કહેશો મા ! મારા સમ છે." છતાં જયાલક્ષ્મીએ તેમના પતિને જગતાપના સંબંધમાં બધીએ વાત એક દિન કરી હતી. એના પરિણામે પિતા—

પુત્ર વચ્ચે ઘણો ખટરાગ પણ થયો હતો. જગતાપને આ ઘટનામાં નિર્મળાનો જ દોષ લાગેલો. પરિણામે એ બંને વચ્ચે પણ કડવાશ ઊભી ગયેલી અને છેલ્લા કેટલાક વખતથી બંનેએ અબોલા લીધા હતા તે પણ સૌ કોઈ જાણતા હતા. આ પરિસ્થિતિમાં એ જ સ્ત્રીનો કાગળ આવ્યો હતો કે જે સ્ત્રીના મોહપાશમાં જગતાપ જકડાયો હતો. એક પછી એક પ્રસંગો એની આંખ આગળ આવીને રમતા હતા. અલકાનો પત્ર એણે ફરીથી ઉઘાડચો. નિર્મળાને વિશ્વાસ બેઠો કોઈપણ રીતે અલકાને એકલાં મળવાનો એણે નિર્ણય કર્યો જે સ્ત્રી પ્રત્યે આજ સુધી એના હૃદયમાં તિરસ્કાર હતો એના પ્રત્યે મમતા જાગી હતી. પણ નિર્મળાને જ ઉદ્દેશીને લખાયેલો હતો. એમાં અલકાએ લખ્યું હતું:—

બહેન,

તને કદાચ મારા પત્રથી આશ્ચર્ય થશે પણ હૈયાનો ભાર હલકો કર્યા પછી તને આ પત્ર લખું છું. આજસુધી તારી ચીજ મારા કબજામાં રાખી છે. હું તને પાછી આપત કે કેમ એ શંકા હતી પરંતુ એક સ્ત્રીએ મારાં હૃદયનાં પડળ ખોલી નાખ્યાં છે. જગતાપ મને કોઈ દિવસ છોડી શકત નહિ. પરંતુ મારા અંતરના ઊંડાણમાંથી નાદ થયો છે કે કોઈની છીનવી લીધેલી ચીજ મારે તેના અસલ માલિકને સુપ્રત કરવી જોઈએ. હવે એ હું તને સુપ્રત કરું છું જગતાપ અને મેં અમારાં સ્વપ્નોની ભવ્ય ઈમારત રચી હતી પરંતુ મને લાગે છે કે એ સ્વપ્નો જ હતાં અને સ્વપ્નોની ઈમારત ટકી ન શકે. તારા સ્નેહ સિંચનથી તમારા બેઉની ઈમારત ભવ્ય, જીવંત અને શાશ્વત બને એ જોવાની મારી ઉમેદ છે. હું એક નાચનારી છું, એટલે મારા નૃત્યની દુનિયામાં મગ્ન હતી. મારી દુનિયામાં જગતાપ જેવા કંઈક આવી પડ્યા હતા. જે ચીજ મારા હાથમાં આવીને પડી છે તે તારી છે એની મને પહેલેથી જ ખબર

હોત તો હું સ્વપ્નો ન રચત. જગતાપ સાથે લગ્ન કરી નવવધૂ થવાના હું કોડ ન સેવત. પરંતુ હવે મારો હક્ક ઉઠાવી લઉં છું. જે ચીજ તારી છે એને પાછી તને સુપ્રત કરું છું. એનું હવે જતન કરજે. હવે કોઇ તારા હાથમાંથી લઈ નહિ જઇ શકે. મારી રાજીખુશીથી તને એ પાછો સોંપું છું. જગતાપ હવે અહીં આવવા માંગશે તોપણ નહિ આવી શકે. મારી જિંદગી આમ જ ચાલી જશે. મારી જીવન-કિતાબ સંતાપથી ભરેલી છે. તિરસ્કાર અને વેદના એ મારો જીવનક્રમ છે. એટલી આશા રાખું છું કે તુ મારો તિરસ્કાર તો નહિ જ કરે. મને કોઈવાર મળી જજે. લિ. તારી અલકા.

નિર્મળાએ પત્રને કવરમાં બીડી તેના કબાટમાં મૂકયો. થોડીજવારમાં એની આંખ આગળ જગતાપની મૂર્તિ ખડી થઈ. અલકાને તો એણે જોઈ નહતી, "એક સ્રીનો ઉલ્લેખ કર્યો છે! કોણ હશે એ! જરૂર મારે મળવું જોઈએ. અલકા ભલે નાચનારી રહી પણ તેનું દિલ નાચનારીનું નથી." નિર્મળા જેમ જેમ શોચતી ગઈ તેમ તેમ એના હૃદયમાં અલકા પ્રત્યે લેશ પણ ઘૃણા નહિ બલ્કે મહોબત જન્મતી હતી. અલકાને મળવાનો આખરી નિર્ણય કરીને તે એના કામમાં પરોવાઇ ગઈ.

અલકાને ત્યાં

અલકા હજી હમણાં જ ચિત્ર જોઇને પાછી ફરી હતી. સીનેમાના રૂપેરી પડદા પર સર્જાતી એ અઢી કલાકની દુનિયા સીને-રસિકોને કલ્પનાના અનંત સાગરમાં ખેંચી જાય છે અને પ્રત્યેક સ્ત્રી-પુરુષ થીએટરની બહાર નીકળે છે ત્યારે એના મન પર રૂપેરી બિછાત પરનાં દૃશ્યોની છાપ પડેલી હોય છે, અને દરેકના હૃદયમાં સીનેમાના પડદા પર ચમકતા રોમાંચક અને હૃદયસ્પર્શી પ્રસંગો અસર કરતા હોય છે. અલકા આજે બેચેન જણાતી હતી. પડદા પર નિહાળેલા એક એક પ્રસંગો એના મનમાં રમતા હતા. બારીમાંથી શીતળ સમીરની લહરી એના મોં પર અથડાઇને પાછી જતી હતી-ઠંડા પવનનો સૂસવાટો અલકાને મધુર લાગતો હતો, પરંતુ આજે એના હૃદયમાં કલ્પનાઓની હારમાળા પડેલી હતી. એ એકલી બેઠી હતી-બારી પાસે આરામખુરશી નાંખીને. બારીમાંથી એની નજર દૂર સુધી મંડાયેલી હતી. એ આંખો શું શોધતી હતી? અલકાનું હૃદયમંથન ચાલતું હતું. એ વિચાર કરતી હતી, "આટલા મહાન સંસારમાં એનું કોણ છે? માતા, પિતા, પતિ, પ્રેમી સૌને છોડીને એ અહીં આવી. અહીંયાં પણ શું? સ્વજનો મળ્યાં. સ્નેહ બંધાયો પણ એ શું કામનો હતો? નર્તકી તરીકે એણે જે સ્વપ્નો રચ્યાં હતાં, બિહારી કે જગતાપની દુનિયામાં સાથે જીવન વ્યતિત કરવાના જે કોડ સેવ્યા હતા, અનાયાસે પ્રાપ્ત થયેલા સાથીની જીવનસંગીની બની એની

સાથે જીવનસંગીત બજાવવાની જે ઊર્મિઓ હતી, જે કલ્પનાના તરંગો પર આજ સુધી નૃત્ય કરતી હતી અને એના સુખમાં એ પોતાનું સુખ સમર્પણ કરતી હતી, જેને રિઝવવા એણે સતત નૃત્ય આદર્યાં હતાં અને જેના હાસ્ય પર એ મરતી હતી એ બિહારી એના હાથમાંથી સરી જતો જણાતો હતો. બિહારી અને જગતાપ બંને પર સુમિત્રા અને નિર્મળાનો હક્ક સ્થાપિત થઈ ગયો હતો. પરંતુ એ હક્ક તો જેણે જાણી બૂઝીને જતો કર્યો હતો. સુમિત્રા અને નિર્મળા બંનેની ચીજો એણે રાજીખુશીથી સુપ્રત કરી હતી. તો પછી શા માટે સંતાપ થતો હતો? શું હૃદય હજી બિહારી માટે ઝંખતું હતું? જગતાપ પણ એના જીવનમાં પ્રવેશ્યો હતો પરંતુ જે દાહ અને ડંખ એના અણુએ અણુમાં બિહારીની યાદથી વાગતા હતાં એ જગતાપની યાદમાં અનુભવતી નહતી, થોડીવારમાં એને વિચાર આવ્યો, "પરંતુ બિહારીએ એને ક્યાં છોડી દીધી છે? બિહારી તો હજી જેલમાં છે. જેલમાં મુક્તિ થતાં જરૂર એ તેને મળ્યા વિના રહેવાનો નથી. બિહારી મારાથી દૂર નહિ થઈ શકે બિહારીને મારી પાસેથી કોઈ છીનવી શકે તેમ નથી." અલકાની કલ્પનાઓ આગળ વધતી હતી. વળી એની આંખ આગળ, સુમિત્રાની મૂર્તિ આવીને ખડી થઈ. સુમિત્રા એના સામું જોતી હતી. એણે સુમિત્રાના સામું જોયું અને ફરી વિચારધારા બદલાઈ, "ના, ના, બિહારી પર સુમિત્રાનોજ હક્ક છે, જેના માટે સુમિત્રાએ આજીવન તપ આદર્યું છે, ઘરબાર છોડીને બિહારીના ઘરને પોતાનું કર્યું છે, જેની માને પોતાની મા બનાવી એના હૃદયમાં દીકરીનું સ્થાન અંકિત કર્યું છે એના હક્ક પર મારાથી તરાપ શી રીતે મારી શકાય? એમાં મને લાભ પણ હોય એ શા કામનો? નિર્મળાનો વિચાર પણ એજ રીતે એના હૃદયમાં ઉદ્ભવ્યો. પરંતુ સુમિત્રાની માફક એ પણ જ્યાંથી ઉદ્ભવ્યો હતો ત્યાં શમી ગયો. તેના હૃયમાથી અંતરના ઉદ્ગારો નીકળતા હતા, "હું એકલવાયી છું, મારું કોઈ નથી." કેટલોક સમય સુધી એમને એમ

બેસી રહ્યા બાદ પુનઃ રૂપેરી પડદા પર થયેલા પેલા ચલચિત્રનું દશ્ય ખડું થયું અને એના હૃદયમાંથી કરુણા વહેતી હોય એ રીતે તે ગાવા લાગી:—

“ સુની પડી રે સિતાર મીરાં કે જીવનકી. ” અચાનક એ ચમકીને બેઠી થઈ ગઈ. નીચે કોઈ આવ્યું હતું. અટારી પરથી નજર કરી તો નીચે સફેદ સાડી પરિધાન કરીને એક યુવતિ ઊભી હતી. એણે ઉપર જોયું અને અલકાને દીઠી. બંનેની આંખો એક થઈ. અલકાએ સ્મિત વેરતાં આવકાર આપ્યો, “ આવો, યમુના, અરે યમુના! નીચેથી બહેનને લઈ આવને ! ” અલકાનો સ્વર સાંભળીને યમુના અંદરના ખંડમાંથી થોડીજવારમાં નીચે ગઈ અને નિર્મળાને લઈને ઉપર આવી. યમુના અલકાની પરિચારિકા અને સખી બંને હતી. નિર્મળા દાદરનાં પગથિયાં ચઢીને બે ખંડ વટાવી અલકાના આવાસમાં આવી. અલકાએ દિલમાં જે ધાર્યું હતું એજ નીકળ્યું. નિર્મળાને હેતથી પોતાની પાસે બેસાડી તે જ નિર્મળા છે એની ખાત્રી કરી લીધી. નિર્મળાની નજર થોડીજવારમાં અલકાના આવાસની ચોગરદમ ફરી વળી. નિર્મળા કંઈ બોલે એ પહેલાં જ તે બોલી ઊઠી, “ હું નર્તકી છું, નાચગાન એ મારો ધંધો છે. મને શંકા હતી પણ તમે આવશો જ એમ દિલ પોકારતું હતું, ”

“ ના શા માટે આવું ? ” નિર્મળાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

“ મારા જેવી સ્ત્રીને ત્યાં આવતાં કદાચ સંકોચ થાય. ”

“ ના, હું એવી નથી. તમારો પત્ર વાંચીને મેં તમને મળવાનો નિર્ણય કર્યો હતો. ”

“ તમે મને કેવી ધારો છો ? ”

“ મારી બહેન જેવી. ” નિર્મળાએ અંતરનો પ્રેમ પ્રકટ કરતાં કહ્યું.

"સાચું કહો છો?"

"હા, સાચું."

"મારા પ્રત્યે તમને ધિક્કાર નથી આવતો?

"ના."

"મારા ધંધા પ્રત્યે?"

"ના."

"મારા કાર્યો પ્રત્યે?"

"ના, જરાએ નહિ."

"તમારા પતિને મેં છીનવી લીધા હતા છતાં?"

"હા. તોપણ; કારણ કે હું બીજી સ્ત્રીઓથી પર છું."

"જગતાપ મારી પાસે જ રહે તો પણ તમે નહિ ધિક્કારો?"

"ના, તો પણ નહિ."

"એમ કરવાનું કંઈ કારણ?"

"કારણ એક જ છે. જ્યારે મને તમારો પત્ર મળ્યો ત્યારે જ મારું હૃદય કોઈ ખોવાઈ ગયેલી વસ્તુ શોધતું હોય એમ મને લાગ્યું. ત્યારે જ મને લાગ્યું કે જે સ્ત્રી આટલો ત્યાગ કરી શકે છે, એ કોઈ સામાન્ય સ્ત્રી નથી. તને, બહેન! મેં એક સામાન્ય નાચનારી માની જ નથી. તું ગમે તે હો એની સાથે મને નિસ્બત નથી. હું તને મેળવી શકી એ જ મારું સદ્ભાગ્ય." અલકા એકાએક ઊભી થઈ, નીચી નમી, નિર્મળાની ચરણરજ લેવા બંને હાથ નીચે નમાવ્યા.

નિર્મળાએ એના બંને હાથ પકડી લીધા અને હસતાં હસતાં કહ્યું, "ચરણરજ તો મારે લેવી જોઈએ." કોઈ મહાન ઉપકારની લાગણી નીચે અલકાનું હૃદય ભરાઈ આવ્યું. એ નિર્મળાને ભેટી પડી. નિર્મળાએ જોયું, અલકાના નયનમાંથી આંસુ ટપકતાં હતાં.

નિર્મળાની આંખો પણ જળભીની બની. બહેનોની માફક એકબીજાને આલિંગન દઈને છૂટાં પડયાં. પછી તો અલકાએ પોતાની કહાણીનાં કરુણ પ્રકરણો નિર્મળા આગળ પણ ખોલ્યાં. નિર્મળાએ દ્રવિત હૃદયે અલકાનો આખોએ ઇતિહાસ સાંભળ્યો અને એના હૃદયમાં પણ, અલકા એક નાચનારી હોવા છતાં સ્નેહ અને ભક્તિ જાગ્યાં. નિર્મળા અલકાની રજા લઇને ઘેર જવા ઊઠતી હતી ત્યાં તો સુમિત્રાનો અવાજ આવ્યો.

"અલકા આવું કે?"

અલકાએ જવાબ આપ્યો, "આવો ખુશીથી." સુમિત્રા હવે અલકાને તુંકારો દઈનેજ બોલાવતી. હવે તો કવચિત્ કવચિત્ તે અલકાને મળવા પણ આવતી હતી.

"કોઇ છે તો નહિ ને?"

"મહેમાન છે, ઉપર આવો." સુમિત્રાની મશ્કરીનો અલકાએ એવો જ જવાબ આપ્યો. સુમિત્રાએ ઉપર આવીને જોયું તો નિર્મળાને અલકા પાસે બેઠેલી જોઈ અને પળવારમાં જ આખા પ્રસંગનો ભેદ પામી ગઈ. અલકાએ જાણી બૂઝીને સ્વેચ્છાએ બે સ્ત્રીઓ માટે જે ત્યાગ કર્યો હતો એ હવે સુમિત્રા કે નિર્મળા કોઇથી અજાણ્યો નહતો. સુમિત્રાનું માથું એના ત્યાગ સમીપ નમતું હતું. સુમિત્રાએ મજાક ઉડાવતાં કહ્યું, "હવે સંન્યાસિની કયારે થવું છે?"

"કેમ?" અલકાએ સમજ્યા છતાં પૂછ્યું.

"હવે તમારી પાસે છે શું તે મોહ હોય, જે હતું તે તો અમને બેને સોંપી દીધું. હવે મંજીરા વગાડજો, મંજીરા!" એમ કહીને સુમિત્રા હસી પડી. ત્રણે જણીઓથી હસ્યા વિના ન રહેવાયું. અલકાએ એ દિવસે સુમિત્રા અને નિર્મળાનો ખૂબ આદર સત્કાર કર્યો. સુમિત્રા અને નિર્મળાએ સ્નેહપૂર્વક એની પરોણાગત સ્વીકારી અને ત્રણે સ્ત્રીઓ

સાથે જમી. કોઈને સંકોચ ન થયો કે આ એક નાચનારીનું ઘર છે. અલકાએ એ દિવસે જે આનંદ અનુભવ્યો તે અવર્ણનીય હતો. આ ત્રિપુટી બહાર આવીને એકાએક ચોંકી ઊઠી. દિવાનખાનામાં જગતાપ આરામચેરમાં પગ નાંખીને સીગારનો દમ ખેંચતો પડયો હતો. જગતાપની નજર એકાએક અલકા, સુમિત્રા અને નિર્મળા પર ગઈ. એ ચોંકી ઊઠયો.

શું એ સ્વપ્ન તો જોતો નહોતો ને?

નિર્મળા અહીંયાં–આ સ્થળે–એક નાચનારીને ત્યાં જગતાપના હૃદયમાં રોષ જન્મતો હતો. નિર્મળા પણ એક રીતે અવાક જેવી થઈ ગઈ હતી. એક નાચનારીની પાછળ પાગલ બની પત્નીના પ્રેમ પ્રત્યે બેપરવા રહી એની સ્નેહવાડીને ઉજાડનાર પતિ એ જ નાચનારીના ઘરમાં પોતાની સ્ત્રીને જોઇ ચમકી ઊઠયો! એનું શું કારણ? પોતે તો નીતિને ઓળખતો નહતો અને પત્ની પાસે નીતિનું આચરણ માંગી રહ્યો હતો. જગતાપનું પુરુષ હૃદય અલકાની સાથે નિર્મળા ઊભી છે એ દૃશ્ય સાંખી શકયું નહિ. જગતાપ આ ત્રણેને જોઈ ઊભો થતો હતો અને કોઈપણ રીતે અહીંથી જવા માંગતો હતો. પરંતુ એટલામાં તો અલકા એની નજદીક આવી. જગતાપનો હાથ પકડી ખેંચી ફરી ખુરશીમાં બેસાડયો. નિર્મળા અને સુમિત્રાએ અલકાનો સ્વતંત્ર વહેવાર જોયો. થોડીજવારમાં અલકા જગતાપની છેક લગોલગ ગઇ. જગતાપ ધ્રૂજતો હતો. પરંતુ અલકાને એની જરાએ અસર નહતી. પત્નીની નજર આગળ અલકા એના દેહને સ્પર્શતી હતી. જગતાપ આનાકાની કરતો હતો પરંતુ અલકાએ પોતાના હસ્તે જગતાપનું મોં ઉંચું કરી એની આંખોમાં આંખ મેળવી કહ્યું, "નિર્મળા મારી બહેન છે. આજ સુધી તો મારા લીધે તેં એના સુખ અને શાંતિનો નાશ કર્યો છે. નિર્મળા હું તને પાછો સોંપું છું. તારો આરામ, તારી શાંતિ અને તારો પ્રેમ તું એનામાં મેળવી શકીશ. એનામાં તારે અલકા જોઈશે તો અલકા પણ

મળશે. અલકા નિર્મળામાં ઓતપ્રોત થઈ ગઈ છે. જગતાપ! તને આ બધું સીનેમાના પડદા જેવું લાગશે પણ એ ખરું છે. અલકાને હવે તું નહિ મેળવી શકે. તારું સ્થાન નિર્મળામાં છે. હું તો છેવટે નાચનારી રહી. નાચનારી કોઈની થઈ નથી અને થશે પણ નહિ. નિર્મળા હું તમને સોંપું છું. એનું જતન કરશો તો સુખી થશો." જગતાપના મનમાં વિચારોની દોડધામ ચાલી રહી હતી. તે આ બધું શું જોતો હતો? એણે જોયું, અલકાની આંખો આંસુથી છલકાતી હતી. નિર્મળા તેની પાસે જ ઊભી હતી. જગતાપ નિદ્રામાંથી સફાળો જાગે એ રીતે ઊભો થયો. એણે અલકાના કપોળ પર ચુંબન ભર્યું, વહાલથી છાતીસરસી ચાંપી અને કરુણ સ્વરે બોલ્યો, "હવે ક્યારે મળીશ બહેન!" " જ્યારે બોલાવીશ ત્યારે." સુમિત્રા એકચિત્તે આ અદ્ભૂત દૃશ્ય જોતી હતી. એક નાચનારીના અપૂર્વ આત્મત્યાગનો ઇતિહાસ એના હૃદયમાં અંકિત થતો હતો. જગતાપ અલકાને ત્યાંથી નિર્મળા સાથે ઘર ભણી ઉપડી ગયો અને બે સ્ત્રીઓ વાતો કરતી બેસી રહી.

મજૂર વિસ્તારમાં

પ્રકરણ ૧૭ મું

અલકા, સુમિત્રા અને નિર્મળા મજૂર-વિસ્તારોમાં પણ ઘૂમતી હતી. છેલ્લા કેટલાક વખતથી આ ત્રણે સ્ત્રીઓએ મજૂરોમાં વિધવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી હતી. મજૂર સ્ત્રીઓને શિક્ષણની તાલીમ આપવાનું કાર્ય સુમિત્રા અને નિર્મળાએ ઉપાડી લધું હતું અને એમાં એમને શહેરના બીજી સ્ત્રીઓનો પણ સાથ મળ્યો હતો. લત્તેલત્તે નિરક્ષરતા નિવારણનું કાર્ય ઝડપથી ચાલી રહ્યું હતું. અલકાએ મજૂરોની ચાલીઓમાં ઘૂમીને મજૂર સ્ત્રીઓની સામાજિક અને સાંસ્કારિક ઉન્નતિ થાય એ માટેના પ્રયાસો આદર્યા હતા. આ પ્રવૃત્તિમાં તે પડવા માંગતી નહતી. કારણ કે અલકા પોતે તો એક નાચનારી હતી. તે મજૂર સ્ત્રીઓને શું શિક્ષણ આપવાની હતી? છતાં સુમિત્રા અને નિર્મળાએ એનો કેડો છોડયો નહતો. એટલે ન છૂટકે અલકા આ પ્રવૃત્તિમાં જોડાઈ હતી. આમ છતાં તે સુમિત્રાની સાથે મુખ્યત્વે રાત્રીવર્ગોમાં જ હાજરી આપતી હતી. મજૂરોની ચાલીએ ચાલીએ ફરીને આ ત્રણ સ્ત્રીઓએ એમની હાલત જોઈ હતી. શહેરની ઉજળી દૂધ જેવી દુનિયાની ભીતરમાં વસતા માનવીઓનો સમાજ તેઓએ જોયો અને ત્રણેની આંખોમાં આંસુ આવ્યાં. ત્રણે સ્ત્રીઓ વિચાર કરતી, અહીં શું ન હતું? જીવતા નરકાગારસમી દુનિયામાં અસંખ્ય મજૂર સ્ત્રી-પુરુષો રહેતાં હતાં. અહીંયાં શરાબનું રાજ્ય હતું.

વાતવાતમાં છૂરીઓ ચમકતી હતી. સ્ત્રીઓની અસ્મત વેચાતી હતી, એને ખરીદનારા પણ હતા અને લીલામ કરનારા પણ હતા. ઉજળિયાત દુનિયાની નીતિ અને ધર્મનો પવન આ લત્તાઓમાં વસતી દુનિયાને સ્પર્શતાં હતાં. કોઈ અહીંયાં નીતિ અનીતિના પાઠ ગોખતું નહિ. મિલના યંત્ર પર આખો દિવસ પસીનો નીચોવીને ઘેર આવતાં મજૂર સ્ત્રી પુરુષોને એનો વિચાર કરવાનો સમય પણ ન મળતો. ખૂની પઠાણો, મવાલીઓ અને દાદાઓની દુનિયા પણ અહીં હતી. કાયદો અને વ્યવસ્થા જાળવતી પોલીસ પણ અહીં થાપ ખાતી. અહીંયાં જુગારના અડ્ડાઓ હતા. મયખાનાં અને પયખાનાં હતાં. ઘોર કંગાલિયતનાં દર્શન પણ અહીં થતાં હતાં. પૈસા, પતિ અને કુટુંબને ખાતર અસ્મત વેચતી સ્ત્રીઓ પણ હતી, પણ એ બધું આ દુનિયામાં સ્વાભાવિક હતું. કોઈ કોઇની ટીકા કરતું નહિ. અને જેમ સમાજના ઉપલા થરના લોકો એમની ઉજળીઆત દુનિયામાં જીવતાં હતાં તેમ હજારો સ્ત્રી–પુરુષો આ જીવતાં દોજખમાં જીવતાં હતાં મ્યુનિસિપાલિટિના સ્વચ્છ અને ધોરી રાજમાર્ગો અહીંયાં જણાતાં નહતાં. અહીંયાં ભયાનક બદબો મારતી નીકો વહેતી હતી. દુર્ગંધથી છલકાતાં ખાબોચિયાં હતાં. જ્યાં આ માનવીઓ વસતાં હતાં ત્યાં કેટલેક સ્થળે તો સૂર્યના કિરણ પ્રવેશી શકતાં નહિ. મેલેરિયાનો મચ્છર આ દુનિયામાં સહેલાઈથી ઉપદ્રવ કરી શકતો. આ સમાજનો ઉદ્ધાર કરવાની વાત તો ઘણા વખતથી ચાલતી હતી. એમની ઉન્નતિ માટે ઠેર ઠેર મંડળો સ્થપાતાં હતાં, સંસ્થાઓ ખૂલતી હતી પણ શહેરની ચાલીઓનું એ જીવતું દોજખ સુધર્યું નહતું. કેટલાક વખતથી રશિયાની વિચારસરણી વાળા સ્ત્રી–પુરુષો એમના લત્તાઓમાં ઘૂમતા હતા. તેઓ કહેતા હતાઃ–"જૂઓ રશિયાના મજૂરોએ શું કર્યું ! તમે મૂર્ખ છો, કમઅક્કલ છો, શા માટે આ જૂલ્મ બરદાસ્ત કરો છો ! ક્રાંતિ વિના તમારો ઉદ્ધાર નથી." મજૂરોની ચાલીઓમાં આ અવાજ સ્થળે સ્થળે ફરી વળ્યો હતો. પરંતુ આ જુવાન સ્ત્રી–પુરુષોની વાતો

મજૂરોના સમજવામાં ન આવી. કોઈ પોતાને સમાજવાદી કહેવડાવતો તો કોઈ પ્રગતિશીલ કે સામ્યવાદી કહેવડાવતો. આ લોકો ક્રાંતિનું ગીત ગાતા, "થોડે દિનમેં મજૂરરાજ્ય"નું ગીત લલકારતા અને રશિયાનો દાખલો આપતા. આ નવી વાર્તા મજૂરો ભારે કુતૂહલતાથી સાંભળતા હતા. એ વાતો એમને ગમતી પણ હતી. ઉજળિયાત વર્ગના ગોરા યુવકો અને યુવતિઓના ચહેરા પણ એમને ગમતા હતા. તેઓ ઘણો વખત વિચાર કરતા પણ થઈ જતા કે આ લોકો શું કહે છે? પરંતુ ભાષણો કરીને જ્યારે આ મજૂર નેતાઓ ક્રાંતિના સ્વપ્નો સેવતાં તેમનાં વાહનમાં વિદાય લેતા—ત્યારે સભામાંથી વિખરાતા મજૂર સ્ત્રી–પુરુષોનાં વૃંદ માંહેમાંહે વાતો કરતા, "મોટરોમાં ફરનારા આ જુવાનો આપણો શી રીતે ઉદ્ધાર કરશે?" પરંતુ જ્યારે કોઈ મજૂર હિંમત કરીને ટીકા કરતો ત્યારે આ નેતાઓ કહેતા, "તમે જાગૃત નથી. તમારા હક્કો માટે તમે જાગૃત થાવ. તમામ દુનિયાના મજૂરો એક થાવ. દુનિયામાં મજૂર અને કિસાન હકુમત સ્થાપો. ક્રાંતિ કરો, તમે ગુલામ નથી, તમે જ માલિક છો, તમે શેઠ છો. યંત્રો તમારાં છે." મજૂર નેતાઓનો આ વાણીપ્રવાહ પ્રત્યેક મજૂર સ્ત્રી–પુરુષના મોંમાં આંગળાં નખાવતો. ક્રાંતિ–માલિક અને દુનિયાભરમાં મજૂરોનું રાજ્ય વગેરે વાતો તેમના મગજમાં ઉતરતી નહિ. સભાઓમાં આવેશમાં આવીને તાળીઓ પણ પાડતા અને "ઇન્કિલાબ ઝીંદાબાદ–મજૂરરાજ ઝીંદાબાદ"ના પોકારો પણ કરતા હતા. પરંતુ સભામાંથી ઘેર આવતા એટલે બધું ભૂલી જતા. ક્રાંતિનાં સ્વપ્નો સેવતાં મજૂર દંપતી પરોઢીએ મિલની વ્હીસલ વાગતી એટલે સોડમાંથી દૂર થઈ–ઝડપથી ભાથું બાંધી મિલના માર્ગે પ્રયાણ કરતાં. આખો દિવસ યંત્ર પર પસીનો ઉતારતા આ મજૂર સ્ત્રી–પુરુષોને ક્રાંતિનો વિચાર પણ આવતો નહિ અને સાંજના મિલમાંથી ખરચી મળતી તે લઈને ઘેર આવતા હતા. એક દિવસ એક મિલમાં હડતાળ થઈ. શાળખાતાના મજૂરો હડતાળ પર ઉતર્યા.

મિલમાલિકે હડતાલનું કારણ પૂછ્યું. મજૂરોને મિલમાં અન્યાય તો ખૂબ થતો હતો અને હક્કને માટે લડવાને તેઓ સ્વતંત્ર પણ હતા; પરંતુ એક મજૂરને તરત જ કંઈ યાદ આવ્યું હોય એ રીતે જવાબ આપતાં કહ્યું, "અમારા આગેવાને કહ્યું છે કે હડતાલ પાડો. આ મિલના માલિક અમે છીએ, તમે નથી. હડતાલ વિના ક્રાંતિ નહિ થાય." પરિણામ એ આવ્યું કે એ દિને મિલમાંથી લગભગ પચીસ કારીગરોને બરતરફ કરવામાં આવ્યા. જ્યારે આ કારીગરો એમના નેતા પાસે ગયા ત્યારે નેતાએ કહ્યું, "તમે મૂર્ખ છો. સંગઠિત થઈને લડો. મિલમાં એક પણ મજૂર કામ પર ન રહેવો જોઈએ." પરંતુ એથી પણ એમનું કંઈ વળ્યું નહિ. બિહારીએ આ બધું જોયું હતું. મજૂરોને ઘેરઘેર ફરીને એણે એમના જીવનનો અભ્યાસ કર્યો હતો. તે ચાલીએચાલીએ રખડ્યો હતો અને શ્રમજીવી-ઓની દુનિયાથી તે પરિચિત હતો. એની ચળવળને એણે વ્યવહારૂ બનાવી. ફક્ત સૂત્રો અને ઇન્કિલાબી ગીતોથી તે આગળ વધ્યો હતો. મજૂરોમાં જાગ્રતિ આણવા માટે શિક્ષણની પહેલી આવશ્યતા બિહારીને જણાઈ. એ માટે એણે મજૂર લત્તાઓમાં શિક્ષણકેન્દ્રો સ્થાપ્યાં. મજૂરોના કુટુંબે-કુટુંબે અને ઘેરેઘેર ભટકીને એણે શિક્ષણનો મંત્ર આપ્યો. શહેરની ઉજળિયાત દુનિયાને છોડીને બિહારી શ્રમજીવીઓની ખોલીનો વાસી બન્યો હતો. એને પરિણામે તે સમસ્ત મજૂરવર્ગની સહાનુભૂતિ મેળવી શક્યો હતો. બિહારી કારા-વાસમાં જતાં એણે કામદારોમાં શિક્ષણપ્રચારની પ્રવૃત્તિ ચાલુ રાખવાનો સંદેશો અલકાને પાઠવ્યો હતો. અનેક વખત બિહારીએ શ્રમજીવીઓની અંધારી દુનિયાના અનુભવોથી સુમિત્રા અને અલકાને વાકેફ કર્યાં હતાં. બિહારી પછી અલકાએ મજૂરસેવાનો માર્ગ અખત્યાર કર્યો હતો. એમાં સુમિત્રા ને નિર્મળાનો સાથ મળ્યો. શેઠ જગતાપની સહાનુભૂતિ પણ વધતી જતી હતી. આહ ! આંસુ, ગરીબી અને કંગાલિયતથી ખદબદતી શ્રમજીવીઓની અનોખી

દુનિયામાં વસવાનો સૌથી પહેલો નિર્ણય અલકાએ કર્યો. નૃત્યની મહેફિલોને એણે તિલાંજલિ આપી. સૌંદર્ય, સુખ, એશઆરામ અને રૂપજીવીનીઓના વાસ છોડીને અલકા મજૂર વિસ્તારમાં, બિહારીએ આરંભેલા યજ્ઞને પૂરો કરવા કામદારોની ખોલીમાં, તે આવીને રહી. અલકા નર્તકી હતી. એના જીવનમાં અમન અને ચમન હતાં. એના પ્રાસાદે સિતાર અને સારંગીના સૂર ગુંજતા. એના ખંડેખંડે નૂપુરનો રૂણકાર બજતો અને એની અટારીએ–અટારીએથી સૌંદર્યની ફોરમ છૂટતી. એની મહોલાતે પગ ઘસતા લક્ષ્મીવાનો અને દોલતમંદો, દરબારો અને ઠાકોરો, એના ઈશારે પ્રાણ પાથરનારાઓનો તોટો નહતો. એના પગની ઠેકી પર ઝવેરાત અને સોનામહોરો ઠલવાતી. સુખ અને ઐશ્વર્યની એ મહારાણી હતી. જાત વેચીને પણ એના દેહને શણગારનારા શોખીનો અને એના મલપતા દેદારનાં દર્શન માટે તડપનારાઓ પણ બેસુમાર હતા; પરંતુ એક પુરુષે એની કાયાપલટ કરી. એની પાછળ એ “અલકાજાન”નો સ્વાંગ છોડીને હજારો પીડિતોની “જાન” થઈને રહી. સુમિત્રા અને નિર્મળાએ અલકાના નવપરિવર્તનમાં દિલનો સાથ આપ્યો. આ ત્રણે સ્ત્રીઓ એક બિહારીમાં સમાઈ જતી હોય એ રીતે પોતાનો ઘણોખરો સમય મજૂર ઘડતરના કાર્યમાં ગાળવા માંડ્યો. જેલમાં જ્યારે અલકાના પત્ર દ્વારા બિહારીએ આ સમાચાર જાણ્યા ત્યારે એના આનંદની અવધિ થઈ. તેણે આ ત્રણે સ્ત્રીઓને અભિનંદનોથી નવાજી.

અલકાનું સ્વાર્પણ

એક સવાર ઊગી અને ઉલ્લાસે રાચતા શહેરમાં ગમગીનીની એક ભયાનક આંધિ ફરી વળી. ગઈ કાલ સુધી જ્યાં મંગલમય વાતાવરણ હતું, ત્યાં એક ચિનગારી ભભૂકી અને આખાયે નગર પર અશાંતિની મહાજ્વાળ બિછાવીને ઠરી ગઈ. શહેર સૂનકાર ભાસતું હતું. સર્વત્ર ગભરાટ અને કંપની લાગણી પ્રવર્તી રહી હતી. અશાંતિ, આગ, છૂટાછવાયા ઓચિંતા હૂમલાઓ અને ગાફેલ રાહદારીઓ પર થતી ગુંડાગીરીએ શહેરનું વાતાવરણ કલુષિત કર્યું હતું.

*

મજૂર વિસ્તારમાંથી એક મોટર સડસડાડ કરતી પસાર થઈ રહી હતી. થોડી જ વારમાં એમાંથી ત્રણ વ્યક્તિઓ એક ચોગાન આગળ આવીને ઉતરી; જ્યાં મજૂરોનાં ટોળાં જામ્યાં હતાં. આ ત્રણ સ્ત્રીઓ તે અલકા, સુમિત્રા અને નિર્મળા હતાં. મોટરમાંથી ઉતરી અલકા મજૂર ભાઈઓને હાથ જોડી વિનવતી હતી, "ભાઈઓ, અફવાઓ અને ઝનૂનને વશ ન થશો. સૌ પોતપોતાને ઘેર જાઓ. યાદ રાખો, આ તણખાઓ આપણા શરીરને અડકવા ન જોઈએ. કારણકે મજૂરો એકબીજાના ભાંડુ છે. આપણાં બધાનો ધર્મ એક છે. મંઝિલ એક છે. બિરાદરી એ આપણો મજહબ છે અને મજૂર-એકતા એ આપણો ધર્મ છે. કોઈ મજૂર મજૂરના ખૂનથી પોતાના હાથ ન ખરડે. આપણે ભલે અજ્ઞાન હોઈએ, અશિક્ષિત હોઈએ,

અસંસ્કારી હોઈએ, છતાં બિહારીનો સંદેશો યાદ રાખજો, શહેરના ઉજળિયાત માનવીઓને આપણને શાંતિ અને એકતાનો પાઠ આપવાનો છે. મજૂરલત્તાઓમાં એવો ભાઈચારો ફેલાવી દ્યો કે શહેરને એમાંથી શાંતિનો સંદેશો મળે અને નિર્દોષોનો રક્તપાત અટકી જાય. હું બિહારીના નામે તમને કહું છું કે જ્યાં હું જીવિત છું ત્યાં સુધી મજૂર લત્તાઓમાં એક પણ મજૂરભાઈનું ખૂન વહેવા નહિ દઉં. અને એમ થતા પહેલાં મારા જાનની કુરબાની દઈશ.'' અલકાના ભાષણની વીજળીક અસર થતી હતી. લોકોનાં ટોળાં વિખેરાઈને ઘર તરફ જતાં હતાં અને સંતોષની રેખાઓ અલકાના વદન પર પ્રગટતી હતી. થોડીજવારમાં એ મોટર લઈને આગળ ઉપડી. અચાનક એક ઠેકાણે આગની જવાળાઓ એણે મોટરમાંથી જોઈ. ડ્રાઈવરને ઝડપથી મોટર એણે એક સળગતા મકાન તરફ લેવા જણાવ્યું. થોડીજવારમાં અલકા ભડકે બળતા મકાન આગળ આવીને ઊભી રહી. વાતાવરણમાં ચીસો અને બૂમાબૂમ સંભળાતી હતી. બંબાવાળાઓ અને પોલીસ આગને બૂઝાવવાના કામમાં રોકાયા હતા. અગ્નિશિખાઓ લાકડાના મકાનના જુદા જુદા અંગોને બાળીને નીચે ફેંકતી. એવામાં જ એક કરુણ ચીસ મકાનમાંથી આવતી અલકાએ સાંભળી. એ કોઈ રડતા બાળકનો અવાજ હતો. કોઈની પણ મદદ કે રાહ જોયા વિના અલકાએ એની સાડીનો કછોટો માર્યો અને તત્કાળ આગવાળા મકાનમાં ઝંપલાવ્યું થોડીજવારમાં એક બેભાન બાળકને લઈને આખા શરીરે અગ્નિની ઝાળથી દાઝી ઊઠેલી અલકા સૌને આશ્ચર્ય-મુગ્ધ કરતી અને સ્વાર્પણનું જીવંત ચિત્ર ખડું કરતી મકાનને ઓટલે આવીને ઊભી રહી; પરંતુ થોડીજવારમાં એ ચકરી ખાઈને બાળક સાથે જમીન પર પટકાઈ પડી. લોકોની ભીડમાંથી એક વૃદ્ધ જેવી ઓરત બૂમો મારતી દોડતી આવી અને અલકાની બાજૂમાંજ પડેલા બાળકને છાતી સરસી ચાંપતી બોલી ઊઠી; "ઓ મારી બચ્ચી !' થોડીજવારમાં એમ્બ્યુલન્સકારમાં અલકા તેમજ આ બાળકીને

હોસ્પિટલમાં ખસેડવામા આવ્યાં. આંખના પલકારામાં આ બધું બની ગયું. પેલી વૃદ્ધ ઓરત આકાશ પ્રતિ બે હાથ ઊંચા કરી ખુદા પાસે બે જીવોની દૂઆ માગતી હોય એ રીતે એણે પ્રાર્થના કરી અને બીજી જ પોલીસવાનમાં એ હોસ્ટિપલ તરફ રવાના થઇ. બનારસની કોમી આગમાં ગણેશશંકર વિદ્યાર્થીના સ્વાર્પણ જેવું અલકાનું સ્વાર્પણ હતું. વીજળી વેગે શહેરમાં આ સમાચાર પ્રસર્યા એને ચોમેરથી લતેલતે અને પોળેપોળે એક સ્રીના સ્વાર્પણની કથા શરૂ થઇ. શહેરમાં ભભૂકેલી કોમી આગ અચાનક અણધારી જેવી આવી હતી તેવી જ બુઝાઈ ગઇ અને શાંતિના ઓળા શહેર પર પથરાતા જણાયા. નગરની જનતા તેમજ સહુ કોઈ ઇશ્વરનો પાડ માનતું હતું. તેવે જ સમયે હોસ્પિટલના એક બાંકડા પર પેલી વૃદ્ધ સ્રી જે મુસ્લિમ જેવી લાગતી હતી તે ઘડીમાં અલકા તરફ નજર ફેંકતી આકાશ સામે જોતી હતી અને અંતરથી ખુદાને પ્રાર્થના કરતી હતી, કે એનો માલિક બે જીવોને ઉગારી લે. શહેરમાં ચારે તરફ અલકાના સ્વાર્પણની કથાઓ શરૂ થઇ હતી. જેલમાં જ્યારે આ સમાચાર બિહારીએ જાણ્યા ત્યારે એના અંતરમાંથી એક જ ઉદ્ગાર નીકળ્યો, “ અદ્ભુત ! ”

જેમાં અલકા બચી જાય છે.   પ્રકરણ ૨૯ મું

આખું શહેર અલકાના સાહસ પર મુગ્ધ બન્યું હતું. અખબારોએ મોટાં મથાળાં સાથે અલકાના આત્મભોગની રોમાંચક કહાણીઓ પ્રસિદ્ધ કરી હતી. હોસ્પિટલમાં અલકાની શય્યા નજીક બે સ્ત્રીઓ આતુર નયને બેઠી હતી. એ બે સુમિત્રા અને નિર્મળા હતી. જ્યારે અલકા ડૉકટરી સારવાર હેઠળ હજી બેભાન અવસ્થામાં પડેલી હતી. એના ચહેરા ઉપર તેમજ હાથ અને બરડા ઉપર આગની ઝાળ લાગવાથી તે સખત દાઝી ગેઠી હતી, બધાં સૂમસામ વાતાવરણમાં બેઠાં હતાં. સમાચાર મળતાં જગતાપ પણ હોસ્પિટલમાં આવી પહોંચ્યો હતો. ડૉકટર અને હોસ્પિટલની નર્સો અલકાની સારવારમાં ગૂંથાએલી હતી. હોસ્પિટલના ગોરા સિવિલ સર્જને પણ અલકાના સાહસની કથા ભારે રસપૂર્વક સાંભળી હતી અને એમના દિલમાં પણ અલકાને માટે સહાનુભૂતિ અને પ્રશંસા જન્મ્યાં હતાં. સુમિત્રાએ સજળ નયને સર્જનને અલકાની તબિયત વિષે પૂછ્યું ત્યારે સર્જને કહ્યું, "Don't worry; She will be saved." સુમિત્રાને સંતોષ થયો, પરંતુ નિર્મળા અને એની બંનેની આંખો અલકાના ખાટલા પ્રત્યે જ મંડાયેલી હતી. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ બંનેની અધીરાઈ વધતી ગઈ હતી.

"હવે કેમ લાગે છે બહેનને?" સુમિત્રાએ ચમકીને પાછળ જોયું તો એક મુસ્લિમ ઓરત આતુર નયને અલકાની ખબર પૂછી

રહી હતી. એની આંખમાં પ્રેમનાં અશ્રુ હતાં. સુમિત્રાએ પેલી વૃદ્ધા જેનું નામ મરિયમ હતું તેનો ખભો હલાવતાં કહ્યું, "તમે કેમ રડો છો?" મરિયમે એના જવાબમાં પોતાની બાળકીને આગવાળા મકાનમાંથી અલકાએ કેવી અદ્ભુત રીતે બચાવી હતી, તે સ્વાર્પણની કથા કહી સંભળાવી, ત્યારે સુમિત્રાને અલકા પ્રતિ સદ્ભાવ અને સ્નેહની અપૂર્વ લાગણી પેદા થઇ. પેલી સ્ત્રીએ ફરી આકાશ સામે જોઇ કહ્યું, "અલ્લાહ એનું રક્ષણ કરે." સુમિત્રાએ મરિયમને ખાત્રી આપી કે, અલકાની જિંદગી બચી ગઇ છે. સુમિત્રા અને મરિયમ વાતો કરતાં હતાં એવામાં દાદર પરથી કોઇના ઝડપી પગલાનો અવાજ આવ્યો. એ બૂમ મારતો આવતો હતો "ક્યાં છે, બતાવો-- મારી દીકરીને બચાવનાર બહેન ક્યાં છે? અલ્લાહ એનું રક્ષણ કરો." એની બૂમ સાંભળીને નર્સો અને ડૉકટરો દોડી આવ્યા. સૌએ એને શોર નહિ મચાવવાની વિનંતિ કરી. એ કોઇને શોધતો હોય એમ જણાયું. એક નર્સે એની નજીક આવીને ધીમેથી પૂછ્યું, "આપને કોનું કામ છે?"

"મારે એમની પાસે જવું છે, જેણે મારી બાળકી બચાવી છે, જે આગમાં દાઝી ગયાં છે." પેલા માણસે નર્સને જવાબ આપ્યો. એ મુસ્લિમ હતો.

થોડીજવારમાં નર્સ એને અલકાના ખાટલા નજીક, જ્યાં સુમિત્રા, નિર્મળા અને મરિયમ બેઠાં હતાં ત્યાં લઈ ગઈ અને શાંતિ જાળવવાની સંજ્ઞા કરી. મરિયમ એને જોઈને ઊભી થઈ ગઈ અને સહેજ દૂર જઇને ઊભી રહી. સુમિત્રાએ એને પૂછી લીધું, "એ કોણ છે?" "મેરા ખાવિંદ હય" કહીને તે નિરુત્તર રહી. સુમિત્રા એની પાસે ગઈ. એનું નામ મહમદ હતું. એ મરિયમનો પતિ હતો. તેની ગેરહાજરમાં બની ગએલા બનાવની જ્યારે એને જાણ થઈ અને તેની ફૂલ જેવી બાળકીને સળગતા મકાનમાંથી બચાવી લાવનાર

સ્ત્રી હૉસ્પિટલમાં મૃત્યુના આરે પડી છે એની જાણ થતાં એના દિલમાં અલકાના દર્શનની તમન્ના જાગી હતી. એક મુસ્લિમ કુટુંબ પર જીવના જોખમે ઉપકાર કરનાર હિંદુ સ્ત્રી પ્રતિ એના હૃદયમાં સ્નેહ અને સન્માન જન્મ્યાં હતાં. એ કારણથી મહમદ સીધો હૉસ્પિટલમાં આવી ચઢયો હતો. ત્યાં એણે એની સ્ત્રી મરિયમ અને છોકરાંને જોયા અને એને સંતોષ થયો. સુમિત્રા સાથે પરિચય સાધીને અલકાની તબિયત વિષે ઝીણામાં ઝીણી હકીકત એણે પૂછી લીધી. હજી સુધી અલકાએ આંખો ખોલી ન હતી. સુમિત્રા, નિર્મળા, મરિયમ અને એમની સાથે મહમદ પણ એના દિલમાં અલકાના જાન માટે ખુદાને દુઆ ગુજારતો હોય એ રીતે બેઠો હતો. સાંજના સર્જને ફરીથી અલકાની શારીરિક તપાસ લીધી હતી. એની નાડી હાથમાં લીધા પછી સર્જને ફરીથી સુમિત્રાને ખાત્રી આપી, "Don't you fear, she will be alright." સુમિત્રાએ સર્જનનો આભાર માન્યો. સર્જને શું કહ્યું તે મહમદ સમજ્યો ન હતો, એટલે તે સુમિત્રાની પાસે આવ્યો અને અલકાની હાલત વિષે ચિંતાતુર ચહેરે પૂછ્યું, "ડૉકટરે શું કહ્યું બહેન?" "ચિંતા કરવા જેવું નથી. સારું થઈ જશે." મહમદે સુમિત્રાના શબ્દો હૃદયના ઊંડા સંતોષ સહ સાંભળ્યા અને છૂટકારાનો દમ ખેંચ્યો. એણે અંતરથી પ્રાર્થના કરી હોય એ રીતે કહ્યું. "શુક્ર હય ખુદાકા!"

બે કલાકને અંતે સૌની નજર એકાએક અલકા પ્રતિ મંડાઈ અલકાની મિંચાએલી આંખો ઉઘડતી હતી. વાતાવરણમાંથી શોકની છાયા અદ્રશ્ય થતી હતી. સૌના મોં પર ઉલ્લાસ ચમકતો હતો. અલકા બચી ગઈ—એજ સૌને માટે બસ હતું. મરિયમ તો ઠેઠ એની નજીક આવીને ઊભી હતી. સુમિત્રા પાસે જ હતી. બાજુમાં નિર્મળા ઊભી હતી અને સૌની પાછળ મહમદ ઊભો હતો. પણ એની આંખો સ્થિર રીતે અલકા તરફ મંડાયેલી હતી. વાતાવરણમાં આશા અને આનંદનું કિરણ ચમકયું હતું. સૌના મોં પર સ્મિત ફરકતું હતું.

અલકા બચી ગઈ હતી, એનો સૌને સંતોષ હતો. ધીમે ધીમે અલકા નયન ખોલતી હતી. એની આંખો કોઈને શોધતી હતી. સુમિત્રા એની પાસે ગઈ, ખાટલામાં બેઠી અને એને માથે હાથ મૂક્યો. બાજુની ખુરશીમાં નિર્મળા બેઠેલી હતી. બંનેની નજર એક થઈ, અને નિર્મળાની આંખમાંથી આંસુનાં બે બિંદુ ટપકીને એના ખોળામાં પડયાં. અલકાએ થોડીજવારમાં મરિયમ અને મહમદ સામે જોયું. સુમિત્રાએ મરિયમ અને મહમદની અલકાને કાનમાં વાત કરી ઓળખ આપી. અલકાની આંખમાં સંતોષ અને હર્ષ હતો. મરિયમ અને મહમદ આભારની લાગણીઓ નીચે દબાઈને અલકાને જોઈ રહ્યાં હતાં. મહમદ અલકાની શય્યા નજીક ગયો. અલકા દાઝી ઊઠેલો પાટાવાળો હાથ એણે સહેજ ઊંચો કર્યો અને આંખોએ અડાડી મૂકી દીધો. એ સ્પર્શ મહમદ અને અલકા બંનેને મધુર અને પવિત્ર લાગ્યો. એ સ્પર્શમાંથી ભાઈ બહેનના પ્રેમનો વિશુદ્ધ સ્નેહ વહેતો હોય એમ બંનેને લાગ્યું. મહમદના હૃદયમાં ત્યારથી અલકાની મૂર્તિ અંકિત થઈ ગઈ. એને બહેન ન હતી. મહમદ ખુશ થયો. ખુદાએ એને બહેન મેળવી આપી, જેનો જોટો ન હતો. અલકા જેવી બહેન મેળવવા મહમદે પોતાની જાતને ધન્ય માની. અલકાને જીવતદાન મળ્યું હતું. મરિયમની દુઆએ અને મહમદના ખુદાએ અલકાને પુનઃ જીવન સમર્પણ કર્યું હતું. એના આત્મભોગમાંથી જે સ્નેહની ગંગા જન્મી હતી એના પ્રવાહમાં ખેંચાઈને સુમિત્રા, નિર્મળા, મરિયમ, મહમદ અને સર્જન પણ પવિત્ર થતા હતા.

ધીમેધીમે અલકાના હૃદયમાંથી પ્રગટેલી ગંગાનો પ્રવાહ વધતો ગયો. બંને કોમના હૃદયમાં પણ હવે સ્નેહની ગંગા વહેતી હતી.

એક સ્રીના આત્મભોગમાંથી બંને કોમનો હૃદયપલટો થયો હતો. ધર્મના ઝંડાધારીઓએ ઊભાં કરેલાં ઝેરવેર–કલહ–કત્લેઆમ અને અરાજકતાનો અંત આવ્યો હતો. ફરી શહેર પર શાંતિ પથરાતી હતી અને બંને કોમ અલકાએ પ્રગટાવેલી સ્નેહની ગંગાનાં પાણી પી તૃપ્તિ અનુભવતી હતી.

"તું મહાન છે."

પ્રકરણ ૨૦ મું

જેલની કાળી દિવાલોને ભેદીને અલકા વિષે અનેક વાતો બિહારીના કાને અથડાઈ હતી. શહેરમાં જામેલી કોમી આગના ભીષણ તાંડવની અનેક કથાઓ તેણે દૂર સળિયા પાછળ બેઠાં બેઠાં સાંભળી હતી. અલકા, સુમિત્રા, નિર્મળા, અબ્દુલ અને એના બીજા બિરાદરોએ આ હુલ્લડ દરમ્યાન મજૂર લત્તાઓમાં બજાવેલાં કાર્ય માટે તે અંતરથી સૌને ધન્યવાદ આપતો હતો. શહેરના ખૂણેખૂણે ભભૂકેલા કોમી દાવાનળમાંથી મજૂર વિસ્તારો શી રીતે બચવા પામ્યા હતા એની અનેક રસિક અને રોમાંચક કહાણીઓ જેલમાં આવીને બિહારીને સંદેશો આપતી હતી.

સંધ્યા આથમી હતી અને આકાશમાંથી તારલાઓ ડોકિયાં કરતા હતા. બિહારીની દૃષ્ટિ ખૂબ ઊંચે સ્વચ્છ આકાશમાં મોતીની માફક ચમકતા તારાઓ પર સ્થિર થઈ હતી. એની નજર શુક્રના તારા પર મંડાઈ હતી. આખાએ નભોમંડળમાં એ વીજળીની માફક ઝબૂકતો હતો. એના તેજના અંબારથી એ બીજાઓને ઢાંકતો હતો. બિહારી વિચાર કરતો હતો, એની દુનિયામાં હવે અલકા શુક્રના તારાની માફક પ્રકાશતી હતી. મજૂર આલમમાં અલકાનું નામ હવે ઘેરઘેર સંભળાતું હતું. શાંતિદળના હિમાયતી ખુદ મહાત્માજીએ પણ

અલકા શાંતિદળની સેવિકા નહિ હોવા છતાં એણે શાંતિદળની એક બહાદુર સેવિકાને છાજે તેવું કાર્ય બજાવવા બદલ અંતરના આશીર્વાદ આપ્યા હતા. વર્તમાનપત્રોએ અલકાની છબી વારંવાર પ્રગટ કરીને એની સાહસ કથાને હિંદના ખૂણે ખૂણે ફેલાવી હતી. પરંતુ જ્યારે અલકાના ફોટાચિત્ર અખબારોના પાને પ્રસિદ્ધ થયા ત્યારે અનેક આદમીઓની ભ્રકૂટિ ખેંચાઈ. કંઈકની આંખો ધારી ધારીને એના ફોટાચિત્રો જોવા લાગી. કંઈકને ખાત્રી થઈ કે, એ તે જ હોવી જોઈએ. કંઈકને શંકા હતી, તેઓ એને ઘેર જઈને ખાત્રી કરી આવ્યા. ધીમેધીમે વાત ફેલાતી હતી. આખરે એ વાત જેલમાં બિહારી અને હોસ્પિટલમાં અલકાના કર્ણપટ પર પણ અથડાઈ ચૂકી હતી. શહેરના શ્રીમંત નબીરા અને રસિક જીવડાંઓના મોંમાંથી ઉદ્ગારો નીકળતા હતાઃ—"અલકા એક નાચનારી છે." વાત તો વંટોળની માફક પ્રસરતી હતી. અલકા એક નર્તિકા હતી. હુલ્લડમાં જાનને જોખમે મજૂરોની સેવા કરનાર સ્ત્રી નાચનારી હતી. એણે જ મહમદની છોકરી બચાવી હતી. અલકાનો ભેદ હવે ફૂટી ગયો હતો. તેને ઘેરી વળેલો પડદો આખરે ચીરાઈ ગયો હતો અને દુનિયાએ જાણ્યું હતું કે અલકા એક નર્તિકા છે. ગઈકાલ સુધી જે હમદર્દીનાં પૂર ધોધની માફક વહેતાં હતાં, તે હવે ધીમેધીમે ઓસરતાં હતાં. નર્તિકાના ત્યાગની કિંમત આંકવા સમાજ તૈયાર ન હતો. લોકો હવે એની વાત વિસારે પાડતાં હતાં. છતાં પ્રગતિશીલ અખબારોનાં પાનાં હજી એને માટે ખુલ્લાં હતાં. ક્રાંતિકારી વિચારો ધરાવતાં અખબારોના અગ્રલેખોમાંથી સીધી અને સચોટ વિચારધારા વહેતી હતી. તેઓ લખતા, "અલકા કોણ છે, ક્યાંથી આવી છે, શું કરે છે? એની સાથે આપણને નિસ્બત નથી. એ નર્તિકા છે કે રૂપજીવીની, તેની સાથે સમાજને સંબંધ નથી. એની ટીકા કરવાનો કે એ નાચનારી છે માટે એના પર આરોપ મૂકવાનો સમાજને હક્ક નથી. લોકોએ એણે શું કર્યું છે, એ જોવું જોઈએ, એના હૃદયમાંથી વહેતી માનવતાની કિંમત

આંકવી જોઈએ. એણે જે કરી બતાવ્યું છે તે બહુ થોડા કરી શકે છે. એ નર્તિકા હોય કે ગમે તે, પણ એનો ત્યાગ અજોડ છે. અમર છે."

અલકાએ જિંદગીને મૃત્યુની હોડમાં મૂકી લોકોની સેવા બજાવી હતી. મોતને આલિંગન આપીને તે આગમાં પ્રવેશી હતી. એણે પોતાની જિંદગી કરતાં મરિયમની દીકરીની જિંદગી વધારે વહાલી ગણી હતી. લોકો એની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા. છતાં એ નર્તિકા હતી, એ વાત ઘણાના દિલમાં ખટકતી હતી. નાચનારીની પ્રશંસા કરવા લોકો તૈયાર ન હતા. ધીમેધીમે આ વાત મજૂરોમાં પણ પ્રસરી હતી. કામદારોમાં લત્તેલત્તે પણ આ વિષય ચર્ચાતો હતો. કેટલાક મજૂરોના મોમાંથી એવા ઉદ્ગારો નીકળતા કે એક નાચનારી આપણી આગેવાન ન બની શકે. બીજા મજૂરો એમાં સાથ પુરાવતા હતા. સુમિત્રા અને નિર્મળાના કાને પણ આ વાત પહોંચી હતી. સુમિત્રાને એક દિવસે અલકાએ બોલાવીને કહ્યું, તું મારું રાજીનામું મંજૂર કરાવી દે. હું હવે ફરીથી ત્યાં જવાની નથી. પરંતુ સુમિત્રાએ અલકાની વાત મંજૂર કરી ન હતી. સુમિત્રા, નિર્મળા, નલિની, જગતાપ અને બીજા મજૂર આગેવાનોને લઈને મજૂરોને સાચી વાત સમજાવતી હતી. મજૂરોને કેટલોક સમય સુમિત્રાની વાત સાચી લાગતી, પણ એ ઝાઝો સમય ટકતી નહિ. એક સભામાં તો એવો પ્રસંગ પણ બન્યો કે સુમિત્રા ભાષણ કરતી હતી એ દરમિયાન જ કેટલાક મજૂરોએ મોટેથી બોલવા માંડ્યું, "એ ગમે તેટલી મહાન હોય છતાં અમારી આગેવાન નહિ બની શકે. એક નાચનારીને અમે આગેવાન તરીકે નહિ સ્વીકારી શકીએ." સુમિત્રા એમને જવાબ આપે એ પહેલાં જ એક ખૂણામાંથી કેટલાક મજૂરો તડૂકી ઊઠયા, "આપણને એના ખાનગી જીવન સાથે સંબંધ નથી. એ ગમે તે હોય પણ એણે કામદારોની સેવા કરી છે. કામદારોને મદદ કરી છે. અલકા અમારી

આગેવાન છે." થોડીવાર વાતાવરણમાં કચવાટ ચાલુ રહ્યો. મજૂરો માંહોમાંહે બબડતા હતા. અચાનક સૌનું ધ્યાન પાછળ ગયું. મહમદ કંઈ બોલવા માંગતો હતો. સભામાંથી અવાજ આવ્યો, "આગળ આવીને બોલો." સુમિત્રાએ મહમદને મંચ પર બોલાવ્યો. મહમદને સાંભળવા સૌ ઉત્સુક બન્યા. મહમદે એની તોછલી જબાનમાં બોલવા માંડ્યું, "અલકા કોણ છે—એ વાતને ને તમારે શું નિસ્બત છે? હું તમને પૂછું છું કે તમારે ખાતર શું એણે મુસીબતો ઉઠાવી નથી? તમારી હડતાલમાં, બિહારીની ગેરહાજરીમાં, તમને કોણે મદદ કરી હતી? તમારા લત્તાઓમાં રાત્રીશાળાઓ કોણે ખોલી? તમારાં ઘરબાર કોણે સુધાર્યા? તમારા મહોલ્લાઓમાં રાતદિન કોણ ભટકતું હતું? રમખાણમાં એ કોને માટે ઘૂમતી હતી? શા માટે એ તમારા વિસ્તારમાં આવીને રહી? મારી બાળકીને આગમાં ઝંપલાવીને એણે શા માટે બચાવી? શું એણે તમારે માટે કંઈ નથી કર્યું?"

"ઘણું ઘણું કર્યું છે, એ વાતની કોણ ના કહે છે? એમનો ઉપકાર ભૂલાય તેમ નથી." સભાના એક ભાગમાંથી અવાજ આવ્યો. સૌનાં હૃદય અંદરથી અલકાને ધન્યવાદ આપતાં હતાં. ત્યારે તેઓ શા માટે એને બહારથી ધિક્કારતા હતા? એક નાચનારી હોય માટેજને! મહમદ સભાના માનસને ફેરવતો હતો. મહમદના ભાષણની અસર લોકો પર જબરી થઈ હતી. હવે સુમિત્રાને તક મળી. એની ધીમી પણ સચોટ વાણી સભા પર અસર કરતી એ ધીમે ધીમે ઉગ્ર બનતી હતી, સુમિત્રા બોલતી હતી, "અલકા નર્તકી છે. એ ખરું છે, પરંતુ તમારે એની સાથે શું નિસ્બત છે? ઇતિહાસનાં પાનાં કહે છે કે નર્તકીઓએ તો દેશની ઉથલપાથલમાં મહાન ફાળો આપ્યો છે. ક્રાંતિનાં આંદોલનોમાં ભાગ લીધો છે. નર્તકીઓએ રાજ ચલાવ્યાં છે અને ખોવડાવ્યાં છે. નર્તકીનું સ્થાન કોણે હલકું કર્યું છે? કોણે એને પતિત અને અસ્પૃશ્ય બનાવી છે? શા માટે એ

નર્તકી બની ? જેના સારુ તમારા હૃદયમાં ઘૃણા છે, એ ધંધો એણે શા માટે અપનાવ્યો ? તમારા અંતર તપાસો, એની જવાબદારી કોને શિરે છે ?–સમાજને જ શિર છે.” સુમિત્રાએ જવાબ આપ્યો. એની વાણીનો વેગ વધતો હતો. એના શબ્દોમાંથી આખી સમાજરચના સામે બળવો ઝરતો હતો. સુમિત્રા કામદારોને પડકારતી હતી:—“તમારે તો આખી સમાજરચના ઉથલાવવાની છે. ક્રાંતિ વિના એ શક્ય નથી. નવી સમાજરચનામાં અલકા જેવી સ્ત્રીઓના કરુણ ઇતિહાસ નહિ આલેખાય; એમાં બધાંને સરખા હક અને સમાનતા હશે. ત્યારે અલકા જેવી સ્ત્રીઓ સમક્ષ તમારું માથું ઝૂકતું હશે. ત્યારે સમાજનું કલેવર બદલાયું હશે. નર્તિકા હલકી નહીં પણ સંસ્કારી મનાતી હશે. નૃત્યનો ધંધો એ સમાજના વિલાસનું નહિ પણ સ્વાભાવિક કુદરતનું અંગ બન્યું હશે. અલકા આપણા સૌના કરતાં મહાન છે. મારા અને તમારા કરતાં બલ્કે બિહારી કરતાં એ મહાન છે. એનું તમે જેટલું સન્માન કરો તેટલું ઓછું છે. એ તો રાજીખુશીથી રાજીનામું આપી તમારાથી છૂટી થવા માગે છે. તમારાથી દૂર રહીને પણ એનાથી બનતી સેવા કરી છૂટશે. પણ એને તમે સામાન્ય નાચનારી ન માનતા. અલબત્ત એ નર્તકી છે. પણ એનું દિલ તમારું છે. મજૂરો સિવાય એણે કોઈને એનું દિલ સોંપ્યું નથી.” સુમિત્રાના શબ્દોની આખી સભા ઉપર તીવ્ર અસર થઈ હતી. સભામાંથી પોકારો સંભળાતા હતા, “અમારે રાજીનામું નથી જોઈતું અલકા ભલે અમારી આગેવાન રહે.” સુમિત્રાના મોં પર ઉલ્લાસ ચમકતો હતો. એને સંતોષ થયો હતો. અલકા પ્રત્યેનું થોડું ઘણું ઋણ અદા કરતી હોય એમ એને લાગ્યું. તે આખી સભાને સમજાવી શકી હતી, એનો તેને આનંદ હતો.

*

થોડા સમય બાદ સુમિત્રાને જેલમાંથી બિહારીનો પત્ર મળ્યો. સુમિત્રા દ્વારા એણે મજૂરો પર સંદેશો પાઠવ્યો હતો. બીજો પત્ર

સુમિત્રાનો હતો. સુમિત્રાએ બિહારીનો પત્ર વાંચ્યો. ફરી ફરી વાંચ્યો. એણે પોતે જ વિચાર કર્યો. “શું અલકા પોતાના કરતાં મહાન ન હતી ?” જેણે જાતે પોતાની ખાતર બિહારીને છોડયો. નિર્મળાના હિત માટે જગતાપને છોડયો. મજૂરો માટે સુખની શય્યા છોડી. થોડા દુઃખની સમાધિ સાધી. પરાયા જાન માટે પોતાનો જાન આગમાં હોમ્યો ! એ બધું શું બતાવતું હતું ? સુમિત્રાનું હૃદય પોકારતું હતું. અલકા તેના કરતાં કંઈકિ દરજ્જે મહાન હતી. બિહારીનો પત્ર અલકાને સુપ્રત કરવા અગાઉ ફરીથી ઉકેલ્યો. એમાં બિહારીએ લખ્યું હતું, “સુમિત્રા ! યાદ છે ? તને એક દિવસ મેં લખ્યું હતું કે, અલકા, તારા અને મારા કરતાં—બધાય કરતાં—મહાન છે. તારું અંતર હવે તો એ સત્ય કબૂલ કરતું હશે. અલકા મને કેવી રીતે મળી એનો તો લાંબો ઇતિહાસ છે. કદાચ અલકાએ તને કહ્યું હશે. તું તો હવે એની સાથી જેવી બની ગઈ છે. અત્યારે કદાચ એની પાસે જ હોઇશ. એને મળવા આતુર છું. પણ તું જાણે છે કે મારી આસપાસ તો કાળી દિવાલોની વાડ ઊભેલી છે. મારા તરફથી અલકાને તું એટલું કહેજે કે, ‘તું મહાન છે.’ સુમિત્રાએ એ દિવસે બિહારીનો પત્ર અલકાના હાથમાં મૂકયો, ત્યારે અલકા કંઈ બોલી નહિ. પત્ર વાંચીને એણે જવાબ ન આપ્યો. સુમિત્રાએ જોયું, અલકાની બંને આંખોમાં પાણી ભરાઈ આવ્યાં હતાં. સુમિત્રાએ એના રૂમાલથી અલકાનાં આંસુ લૂછયાં અને અલકાએ તેનું માથું સુમિત્રાના ખોળામાં નાખી દીધું. અલકાના વાળની લટોમાં સુમિત્રાનો હાથ ફરતો હતો અને એ વખતે જ સુમિત્રાની આંખમાંથી પણ બે ઉનાં આંસુ ટપકીને અલકાના ગાલ પર પડયાં, અને એકબીજાના હૃદયમાં સમાતાં હતાં.

અલકા પથારીમાંથી ઊઠે છે

પ્રકરણ ૨૧ મું

અલકાને હવે આરામ થઇ ગયો હતો. સુમિત્રા અને નિર્મળાની સતત સુશ્રુષા અને કાળજીના પરિણામે અલકાની તબિયતમાં ઝડપી સુધારો થયો હતો. અલકા હવે ઊઠી શકતી હતી, હરીફરી શકતી હતી. સુમિત્રા અને નિર્મળાએ એની જિંદગી બચાવવા માટે રાતદિન એની શય્યા સમક્ષ બેસીને સારવાર કરી હતી. સુમિત્રા હવે અલકાને બિહારીને ત્યાં લઈ આવી હતી. અલકાના મજૂર વિસ્તારમાંના પોતાના નિવાસસ્થાને જઇને રહેવાના સતત્ આગ્રહ છતાં સુમિત્રાએ એનું કહ્યું માન્યું નહતું અને બળજબરી કરીને પણ તે અલકાને બિહારીને ત્યાં લઈ આવી હતી. મા પણ હવે પથારીમાંથી ઊઠી હતી અને ઘરમાં હરીફરી શકતી હતી. રમા અને અનિલ પણ અલકા સાથે ખૂબ લાડ કરતાં હતાં. બિહારીના ઘરમાં હવે બે સ્ત્રીઓ આવીને વસી હતી. એક તો સુમિત્રા અને બીજી અલકાઃ અલકા પ્રત્યે હવે કોઇના દિલમાં ઘૃણાને તો સ્થાનજ ન હતું બલ્કે સૌ કોઇ એને ખૂબ ચાહતાં હતાં. સુમિત્રાનાં માતાપિતા પણ એને મળી ગયાં હતાં. નિર્મળા પણ બે ત્રણ દિવસે આવ્યા વિના રહેતી નહિ. બિહારીના મકાનમાં જો કે બિહારી તો નહતો, પરંતુ બિહારીના કુટુંબીઓ બનીને સૌ રહેતાં હતાં. માને તો આથી અપાર આનંદ થયો હતો. ઘરમાં સૌ કોઈ માની કાળજી રાખતાં હતાં. અનિલ અને રમાનો

અભ્યાસ પણ સારી રીતે આગળ વધતો હતો. સુમિત્રા એ માટે કાળજી રાખતી હતી. સુમિત્રાનાં માબાપે પણ હવે બિહારી સાથે એનું ભાવિ જોડવાનો નિર્ણય કર્યો હતો. માને પણ ખાત્રી થઈ ચૂકી હતી.

અલકાને બિહારીને ત્યાં આવ્યે લગભગ મહિનો થઈ ગયો હશે. એ હવે તેને ઘેર જવા માંગતી હતી, એને હવે આરામ તો થઈ ગયો હતો. એનું હૃદય પુનઃ મજૂરોના લત્તાઓમાં ઘૂમતું હતું. અલકાને આરામ થયા પછી, મજૂરોની એક મોટી સભા બોલાવવામાં આવી હતી. એ સભામાં પહેલવહેલી સૌએ અલકાને નવા સ્વરૂપમાં જોઈ. એ હવે પહેલા જેટલી સુંદર દેખાતી ન હતી. સૌની આંખ એનું સૌંદર્ય જોવા માટે તડપતી નહતી. પરંતુ સૌ એના અંતરમાંથી ધોધની માફક વહેતાં સ્નેહ સૌંદર્યનું પાન કરતા હતા. કામદારોએ એને ભારે ઊમળકા સહિત વધાવી લીધી. જાણીતા આગેવાનો અને કાર્યકરોએ એના ત્યાગને અંજલિ આપી. મજૂર કાયકરોએ એની આજ સુધીની સેવાઓને યાદ કરી. મજૂરોના હૃદયમાં એનું કેટલું સ્થાન છે, તેનું વર્ણન કર્યું. અલકા આ બધું બરદાસ્ત કરી શકતી નહતી, એને લાગ્યું કે આ બધી પ્રશંસાને તે યોગ્ય ન હતી. એને વિચાર આવ્યો, "બિહારી પોતાના જીવનમાં પ્રવેશ્યો નહોત, બિહારીએ પોતાને આકર્ષી નહોત અને મારા જેવી એક નાચિઝ ઓરત માટે માર્ગ ખુલ્લો કર્યો નહોત તો તે આ માનને યોગ્ય થાત ખરી કે? આટલી હદ સુધી એનું સ્થાન ઉચ્ચ બન્યું હતું, એ કોને આભારી હતું! બિહારીનેજસ્તો." બિહારી એના હૃદયના ખૂણેખૂણામાં વસ્યો હતો, એ બિહારીને ભૂલી શકતી નહિ, બિહારી પર તો એણે સુમિત્રાનો હક્ક સ્થાપિત કર્યો હતો તો પછી શા માટે તે એને ચાહતી હતી! એના હૃદયમાં વિચારોનું તુમુલ યુદ્ધ ચાલતું હતું, "સુમિત્રા બિહારીને ચાહે છે, તો ભલે ચાહે. એ શા માટે ન ચાહી શકે? એક પુરુષને

એ સ્ત્રીઓ ચાહે તો એમાં ગુનો શો?" બિહારીનું વિસ્મરણ એના માટે અશક્ય હતું ખરું! અલકાના હૃદયમાંથી અવાજ ઊઠતો, "એ અશક્ય છે." એ જે કંઈ કરતી તે બિહારીને માટે જ કરતી હતી. બિહારી એના અંગમાં અણુએઅણુમાં આવીને વસ્યો હતો. એ મજૂરોના લત્તાઓમાં ઘૂમતી. મજૂરોની સભામાં હાજરી આપતી. કોમી હુલ્લડ દરમિયાન મજૂરોને ભયાનક આગમાંથી બચાવવા માટે રાતદિન ભટકતી હતી, ત્યારે એની પાસે કોણ ખડું રહેતું હતું? કોણ એને પ્રેરણા આપતું હતું? એણે આગમાં ઝંપલાવ્યું. ત્યારે એની નજર આગળ કોની મૂર્તિ રમતી હતી? એને ખાત્રી થઈ હતી કે તેના કાર્યથી બિહારીને આનંદ થશે. બિહારી ખુશ થશે. એટલા માટે તેણે આગમાં ઝૂકાવ્યું. ત્યારે શું તે બધું બિહારીને માટે કરતી હતી? બિહારીને ખુશ કરવા કરતી હતી? બંનેનો આનંદ અને સુખ અન્યોઅન્યમાં સમાયો હોવાથી તે આ બધું કરતી હતી. અલકાને કંઈ સમજ પડી નહિ. પરંતુ એટલું તો ચોક્કસ હતું કે કોઈપણ કાર્ય કરવા જ્યારે એ બહાર પડતી હતી ત્યારે બિહારી જેલની દિવાલો પાછળથી એના અંતરને પ્રેરણા આપતો હતો. દૂર દૂર હોવા છતાં એ અલકાની નજીક આવતો. અલકા એની મૂર્તિને હૃદયમાં રાખીને બહાર પડતી હતી, જેલમાંથી બિહારીએ પાઠવેલા પત્રે પણ એના પર ખૂબ અસર કરી હતી— "તું મહાન છે." બિહારીનો એ સંદેશો હતો. એને લાગ્યું, બિહારી એને ખૂબ પ્રેમ કરે છે. એના હૃદયમાં આભાર અને સ્નેહની લાગણીઓ ઉભરાતી હતી. બિહારી એના હૃદયમાંથી ખસતો ન હતો અને છેલ્લા કેટલાક વખતથી એનું સ્મરણ એના દિલની લાગણીઓને હચમચાવી નાંખતું હતું. બિહારીનો વિરહ પણ હવે તો એને અસહ્ય લાગવા માંડયો હતો. એક દિવસ એણે સુમિત્રાને પૂછયું હતું: "બિહારી કયારે છૂટશે?" શા માટે તેણે આમ પૂછયું હતું? શું બિહારી વિના એને ચેન પડતું ન હતું? વાત સાચી હતી.

અલકાનું અંતર અને દેહ બંને બિહારીનો મેળાપ માંગતાં હતાં. પરંતુ બિહારીને તો એણે સુમિત્રાને સુપ્રત કર્યો હતો. સુમિત્રા જાણે તો એને શું થાય? અલકાની વિચારધારા આગળ વધતી હતી. "તો પછી મારું સ્થાન ક્યાં?" સુમિત્રાના હૃદયમાં મારું સ્થાન રહે ખરું કે?" બિહારીને ત્યાં આવ્યા પછી એની દબાયલી લાગણીઓ બહાર આવતી હતી. એના અંતરનો અણુએ અણુ બિહારીને પૂકારતો હતો. એનું દિલ બિહારીને ઝંખતું હતું. સુમિત્રા પણ ઘણી વખત અલકાની બેચેનીનો અર્થ કળી શકતી નહિ. પરંતુ એક રાતે સુમિત્રાએ નિદ્રાવસ્થામાં અલકાને અસ્પષ્ટ શબ્દોમાં કંઈ બોલતાં સાંભળી, "બિહારી! તું મને છોડી તો નહિ જાયને?" સુમિત્રાએ એ શબ્દો સાંભળ્યા હતા. અલકાની બેચેની હવે તે કંઇક અંશે કળી શકતી હતી. બિહારીનું સતત્ સ્મરણ એને સતાવતું હોય એમ લાગ્યું. સુમિત્રાના હૃદયનાં પડળ ખૂલતાં હતાં. એના દિલના તાર ઝણઝણાતા હતા, "શા માટે મારે વચમાં આવવું જોઈએ? અલકા બિહારીને ચાહે છે તો ભલે એમ જ થાય, એ ભલે સુખી થતી." એના અંતરમાં યુદ્ધ ચાલતું હતું, "તો પછી શા માટે અલકાએ બિહારી પરનો એનો હક્ક ઉઠાવી લીધો? શું હવે એ હક્ક ફરી સ્થાપિત કરવા માંગે છે? એમ તો ન જ બને." સુમિત્રાને ખાત્રી થતી હતી, "હું જ કમજોર છું, બિહારીની યાદ તેને સતાવે એ સ્વાભાવિક છે. મારી પણ એવી સ્થિતિ ક્યાં નથી? બિહારીનું સ્મરણ કરે એમાં શા સારું મારે શંકા કરવી જોઇએ? આખરે એના પર એનોએ હક્ક તો છે ને?" સુમિત્રાએ આખરે એના મનથી સંતોષ માન્યો. અને બીજે દિવસે એ વાતને તે ભૂલી ગઈ હતી. પરંતુ અલકાના વદન પર ચમકતી વિષાદની રેખાઓ તે બરોબર જોઈ શકી હતી.

બિહારીના ઘરનું બન્ધન

પ્રકરણ ૨૨ મું

અલકાને બિહારીને ત્યાં આવે ઘણા દિવસ વહી ગયા હતા. સુમિત્રા, બિહારીની મા, રમા અને અનિલ એ બધાના સહવાસમાં અલકાને ખૂબ મજા પડી હતી. બિહારીના ઘરનું સૌમ્ય વાતાવરણ અલકાને ગમતું હતું. સુમિત્રા અને અલકા બંને બહેનપણીઓ એમના ભાવિ જીવનની ઇમારતો રચતી ઉલ્લાસે દિવસો વ્યતિત કરી રહી હતી. રમા અને અનિલ પણ અલકાના સ્નેહબંધનમાં જકડાઈ ગયાં હતાં. એક દિવસ અલકા ઓચિંતી દોડતી આવી અને બિહારીની મા આગળ આવીને કહ્યું, "મા! હવે મને રજા આપો તો સારું." પરંતુ એ પહેલાંજ રમા બોલી ઊઠી, "નહિ, બા! જો તું અલકા-બહેનને જવા દઈશ તો હું પણ તેમની સાથે જ જઈશ." નાનો અનિલ તો અલકાની કોટે વળગી પડયો અને સાડીનો પાલવ ખેંચતો બોલ્યો, "નહિ જવા દઈએ, જાઓ તો ખરાં, બારણાં બંધ કરી દઈશ." અલકાએ બાળકો પ્રતિ સ્મિત કરતાં ઉમળકાથી બંનેને પોતાની સોડમાં ખેંચ્યાં અને માના સામું જોઈ કહ્યું, "આ છોકરાંએ ખૂબ જબરાં લાગે છે." બિહારી ગમતો હતો. પરંતુ કેટલાક દિવસથી કોઈ અકથ્ય વેદના અલકાને ઘર છોડવા માટે પ્રેરતી હતી. એ વેદના શી હતી, શાથી એમ થતું હતું, એની એને પણ સમજ પડતી

નહિ. સુમિત્રા એને લઇને બહાર નીકળતી હતી. મજૂર વિસ્તારમાં પણ ઘૂમતી હતી. પણ રાત પડતાં અલકાને લઈને ભિખારીને ત્યાં તે આવતી.

એના દિલમાં કોઈ અગમ્ય તોફાનનો વંટોળ વાતો હતો. એ તોફાનથી તે મુક્ત થવા માંગતી હતી. સુમિત્રા પણ ઘણીવાર એના મનોભાવ કળી શકતી નહિ, એક દિવસ એ નિર્ણય કરીને મા પાસે આવી અને માને કહ્યું, "મા ! હવે તો હું જઈશ."

"હું ક્યાં ના કહું છું ? સુમિત્રા હા પાડે તો જા."

"સુમિત્રા બહેન તો હા પાડે છે."

અલકાએ સુમિત્રાની ગેરહાજરીમાં જ જવાબ આપ્યો, રમા આ વાત સાંભળતી હતી. એવામાં જ બહારથી સુમિત્રા આવી પહોંચી એટલે રમાએ એને વળગી પડતાં પૂછ્યું, "અલકાબહેનને તમે જવાની રજા આપી છે કે ?" સુમિત્રા આશ્ચર્ય પામીને જોઈ રહી હતી. એણે હસતાં હસતાં માને કહ્યું "આ શું છે મા ? તારી દીકરી જૂઠું બોલતાં ક્યારથી શીખી ?" અલકાએ શરમની મારી નજર નીચી નાખી દીધી. પરંતુ તરત જ સુમિત્રા પાસે આજીજી કરતી હોય એ રીતે એણે કહ્યું, "પણ બહેન ! હું ક્યાં સુધી અહીં રહું ? મારું અહીં રહેવું એ ઠીક નથી." અલકાનો ચહેરો દયાર્દ્ર બનતો હતો.

"શા માટે ? લોકો અમારી નિંદા કરે એ માટેને ! લોકો આંગળી ચીંધે એ માટેને ?" સુમિત્રાના ગૌર મુખ પર રતાશ તરી આવી. અલકા નિરુત્તર રહી. બીજી જ પળે સુમિત્રાની આંખ ખેંચાઈ. એણે અલકા પર ગુસ્સો ઠાલવતી હોય એ રીતે કહ્યું, "તું ક્યાં સુધી આવી રહીશ ? ક્યાં સુધી આ અન્યાયનો બોજો માથે ઉઠાવીને ફરીશ ? લોકો નિંદા કરે છે ? લોકો શું નથી કરતા ? તેઓ ઘડીમાં એક વ્યક્તિને હથેળીમાં નચાવે છે, તો બીજી જ પળે એને લાત મારે

છે, તું ગમે તેટલું સહન કરીશ, ગમે તેટલો ભોગ કે સેવા આપીશ, તારી જાતને લોકોને માટે સમર્પણ કરીશ, તો પણ લોકો તો એના એ જ છે. થોડીજવારમાં એ તને ભૂલી જવાના છે. ”

સુમિત્રાના ભાષણની જાણે એના પર કંઈ અસર ન થઈ હોય એ રીતે અલકાએ કહ્યું, “ મારે અહીં રહેવું ઊચિત નથી. હું જઈશ. સુમિત્રા ! મને ન રોક. ” અલકાની વાણીમાં નમ્રતા હતી, ગુસ્સો નહિ પણ આજીજી હતી. આથી સુમિત્રા કંઈ બોલી નહિ, છતાં એનો ગુસ્સો શાંત થયો નહિ, એ છણકાઇને બોલી ઊઠી, “ મા ! તું સમજાવ હવે આ તારી નવી દીકરીને; હું તો હવે થાકી. ” એમ કહી એ જરા દૂર જઈ બેઠી. પરંતુ એવામાં જ રમાએ દોડતાં દોડતાં આવીને અલકાને હાથ તાળી આપતાં કહ્યું, “ હવે કયાંથી જશો ? કહો, બહારથી અનિલે તાળું માર્યું છે. બિહારીની મા હસી પડી. અલકાને ભારે આશ્ચર્ય થયું. એણે દૂર બેઠેલી સુમિત્રા સામે જોયું. સુમિત્રા સાલ્લાના છેડાથી મોં દબાવી હસતી હતી. અલકાએ મોં ચડાવી માને ફરિયાદ કરી, “ મા ! આ બધું નાટક એણે જ કર્યું છે.” એટલું કહીને અલકાએ બિહારીની માના ખોળામાં માથું મૂકી રડતી હોય એવો ઢોંગ કર્યો. સુમિત્રા પણ દોડતી આવીને માને વળગી પડી અને પોતાનો બચાવ કરતાં કહ્યું, “ મા ! જોને કેટલું જૂઠું બોલે છે ! જાય, જવું હોય તો. અહીં કોણ રોકવા નવરું છે ! ” અલકાએ એ શબ્દો સાંભળ્યા અને એ માની પાસેથી ઊઠી ઝડપથી પગથિયાં ઉતરી નીચે આવી બારણાં ખખડાવતાં એણે અનિલને બૂમ મારી, “ અનિલ ! બારણાં ખોલ. હું તને રૂપિયો આપીશ. ” અનિલે બહારથી જ જવાબ આપ્યો, “ રૂપિયો બુપિયો કંઈ નહિ. આ ઘરનાં માલિક સુમિત્રા બહેન છે. એમનો પાસપોર્ટ લાવો. ” અલકાએ ઊંચે દષ્ટિ ફેંકી તો વચલે માળથી દાદર પર ઊભી ઊભી સુમિત્રા હસતી હતી. અનિલે બારણાં ઉઘાડયાં નહિ અને અલકા ધમધમ કરતી તમામ ગુસ્સો પગથિયાં પર ઠાલવતી રોષે ભરાઈને

ઉપર આવી. સુમિત્રાએ મજાક ઉડાવતાં કહ્યું:–" દાદર પર ધીમેથી ચડો, ઘર માલિકને નવાં પગથિયાં કરાવવાં પડશે " અલકાએ ફરીથી " મા "નો આશરો લેતાં કહ્યું–" મા ! શું આ ઘરની માલિક એ છે ?" અલકાની રીસ, સુમિત્રાની મજાક અને બાળકોના તોફાનમાં મા પણ ડૂબી ગઈ હતી. અલકાને એણે વહાલથી પોતાની સોડમાં ખેંચી મમતાભર્યો હાથ ફેરવતાં કહ્યું, " તમે બંને મારે તો બિહારી, અનિલ અને રમા જેવાં છો. " અલકા વર્ષો પછી માની હૂંફ અનુભવતી હતી. બિહારીની "મા"માં એણે સૌની જનની જોઈ. " મા "નું માતૃત્વ છલકાતું હતું અને એને લપાઈ વળ્યાં હતાં અલકા, સુમિત્રા, અનિલ અને રમાઃ ચારે પર માનો વહાલસોયો હાથ ફરતો હતો. એની સોડમાં સૌ સુખ અનુભવતાં હતાં. અલકાએ એ સોડમાં અપૂર્વ એવી શાંતિ અનુભવી.

જેમાં બિહારીની યાદ સતાવે છે. પ્રકરણ ૨૩મું

અલકાએ બિહારીનું ઘર છોડવાના અનેક પ્રયાસો કર્યાં હતા છતાં એ હજી સુધી જઈ શકી ન હતી; સુમિત્રાએ એને છટકવા દીધી ન હતી. પરંતુ કોણ જાણે અલકા હ્રદયમાં એક પ્રકારની અકથ્ય વેદના અનુભવતી હતી. અલકાનું અંતર બિહારીને ઝંખતું હતું. બિહારીની યાદ એને સતાવતી હતી. એના દિમાગમાં વારંવાર ઉભરાતી એક કલ્પના એને ખૂબ સતાવતી હતી, "બિહારી ઓચિંતો છૂટશે તો?" બિહારીના છૂટકારાની આગાહી અખબારોમાં આવતી હતી. હડતાળનો અંત આવે લાંબો સમય થઈ ગયો હતો. એટલે બિહારીને સરકાર કદાચ હવે છોડી દેશે એવી આગાહીઓ ચોમેરથી થતી હતી અલકાનું દિલ પોકારતું હતું,–"બિહારીથી તે દૂર રહે એજ એને માટે ઈષ્ટ છે." તો શું એનું હૃદય કમજોર બન્યું હતું? બિહારી વિના એ જીવી શકે તેમ ન હતી? એ સત્ય હતું. એના હ્રદયના ખૂણામાંથી છૂપો અવાજ આવતો. અંતરાત્મા સાક્ષી પૂરતો હતો. જેમ જેમ દિવસો જતા હતા તેમ તેમ બિહારીની યાદ એના હ્રદયમાં તોફાન મચાવતી હતી. બિહારી એને ગમતો હતો અને બિહારીના બાહુપાશમાં લપેટાવવાના એને કોડ હતા. પરંતુ સુમિત્રાને અર્પેલું દાન એ પાછું લેવા માંગતી ન હતી. આમ છતાં દિલની કમજોરી અર્પેલા દાન પર સત્તા જમાવતી હોય એમ એને લાગ્યું. આમ તો સુમત્રા પણ એના

હૃદય પર કબજો જમાવીને બેઠી હતી. સુમિત્રાનું સ્થાન સાહેલી કે બહેન કરતાં વિશેષ બની ગયું હતું. સુમિત્રાનો એ દ્રોહ પણ શી રીતે કરી શકે ? અલકાના દિલમાં ચિરંતન આગ જલતી હતી. એને સાલતી હતી એના દિલની કમજોરી; અને એટલા માટે જ તે બિહારીનું ઘર છોડવા માંગતી હતી.

*

આકાશમાં વીજળીઓ ઝબૂકિયાં કરતી હતી. ગાજવીજ અને વટોળના તોફાનથી વાતાવરણ કાંપતું હતું. બારી બારણાં બંધ કરી બધાં સૂઈ ગયાં હતાં. પ્રકૃતિએ રમણે ચઢવા માંડયું હતું, સુસવાટા મારતો સમીર એની તાકાત અજમાવતો હતો. બારી બારણાં પવનના તોફાને ધમધમતાં હતાં, બહાર તો આખી કુદરત જાણે હિલોળે ચઢી નૃત્ય કરતી હોય એમ લાગતું હતું. આ વાતાવરણમાં અલકા એની સ્વપ્નદુનિયામાં મસ્ત હતી. બિહારીની પડખે એ લપાઈને બેઠી હતી. એ રેશમી લટો સાથે બિહારી રમત રમતો હતો અને આંખમાંથી સ્નેહનાં અમી વેરતો એનો પ્રીતમ એના અંકમાં મસ્તક નાખીને સૂતો હતો. બિહારીના વાંકડીઆ ઝૂલફાઓમાં અંગુલિઓ નૃત્ય કરી રહી હતી. પળવારમાં વીજળીનો આંચકો લાગે એમ એ સ્વપ્નમાં જ ઝબકીને જાગી ઊઠી. એણે શું જોયું ? બિહારીના દેહની સાથે એ વેલની માફક લપેટાઈને પડી હતી. બિહારીના દેહસ્પર્શની હૂંફ અનુભવતી અલકા શાંતિ અને સંતોષ પ્રાપ્ત કરતી હતી; પરંતુ અચાનક આંખો ખોલતાં થોડીજવાર પહેલાં જે પુરુષનો સ્પર્શ અને ચુંબન એને ગમ્યાં હતાં, એ સ્વપ્નની દુનિયા પર અલકા વિચાર કરવા લાગી. એની ધડકતી છાતી નીચે ફક્ત ઓસીકું ભીડાયલું હતું. ત્યાં બિહારી ન હતો, ફક્ત એની સ્મૃતિ હતી. અલકા જાગી ગઇ. બાજુમાં સુમિત્રા સૂતી હતી, પથારીમાંથી ઊઠી એ બારીએ આવી. પરંતુ બારીનાં દ્વાર ખૂલતાં વર્ષાની છોળો એના દેહ સાથે અથડાઈ. અલકાએ હૃદય પર હાથ મૂક્યો, એનું હૃદય ધડકતું હતું.

એ કંપ શાનો હતો ? શાથી એનું દિલ ધડકતું હતું. બારીએ ઊભાં ઊભા અલકાને સાંભર્યો બિહારી, અને એનો પોતાનો ભૂતકાળ: આંખમાં પાણી ભરાયાં અને ગળે ડૂમો આવ્યો. બારીમાંથી દૃષ્ટિ સંકેલી પાછળ જોયું તો સુમિત્રા ઘસઘસાટ ઊંઘતી હતી. અલકાની નજર આગળ તમામ ચિત્રો એક પછી એક ખડાં થતાં હતાં. એણે પોતાની દૃષ્ટિ સમક્ષ નર્તકી અલકાને નાચતી જોઈ અને એની આંખમાંથી આંસુની ધાર ચાલી. એકાએક મન સાથે નિર્ણય કર્યો અને એના પગ ઝડપથી દાદર તરફ વળ્યા, પરંતુ દાદર આગળજ પડેલા પ્યાલાને ઠેસ વાગતાં પ્યાલો ગબડતો ગબડતો–અવાજ કરતો નીચે ગયો. સુમિત્રા સફાળી જાગી ઊઠી. અલકા ઝડપથી પગથિયાં ઉતરતી હતી. અલકાની પથારી ખાલી જોઈ સુમિત્રા બારણા તરફ દોડી અને અલકા ઘરની બહાર નીકળે એ પહેલાં તો હાથ પકડી તેને ઉપર ખેંચી લાવી. સુમિત્રાએ પોતાની પથારીમાં અલકાને સોડમાં ખેંચતાં ગદ્‌ગદિત કંઠે કહ્યું, "કેમ નાસી જવું હતું કે? મારો વિચાર પણ તને ન આવ્યો!" કંઠે આવેલું રુદન અલકાની આંખોમાંથી વહેવા લાગ્યું. સુમિત્રાએ એને પોતાના દેહ સાથે ભીડાવી દીધી. અલકાનું દિલ અને એની વ્યથા એ સમજી શકતી હતી. બંને એકમેકનાં આંસુથી ભીંજાયાં. અચાનક થયેલા કોલાહલથી મા પણ જાગી ઊઠી હતી. પથારીમાં પડયાં પડયાં જ માએ પૂછ્યું, "શું થયું ? કેમ જાગો છો ?" સુમિત્રાએ જવાબ આપ્યો: "અલકાનું માથું દુ:ખે છે, જરા દબાવી દઉં છું." એ રાતના સુમિત્રા અને અલકા એકબીજાની હૂંફ મેળવતાં કોટે વળગીને સૂઈ રહ્યાં. બંને એકબીજાને સારી પેઠે સમજતાં હતાં.

બિહારીની મુક્તિ

પ્રકરણ ૨૪મું

વર્તમાનપત્રોમાં થતી આગાહીઓ આખરે ખરી પડી હતી. સરકારે બિહારીના છૂટકારાનો હુકમ કર્યો હતો. છેલ્લા કેટલાક વખતથી મજૂર આંદોલનો પણ શાંત પડયાં હતાં. પરિણામે સત્તાવાળાઓએ ભારે વિચારણાના અંતે બિહારીની મુક્તિનો નિર્ણય કર્યો હતો. અલકા એના ઓરડામાં એક પુસ્તકમાં મોં ઘાલી તલ્લીન બની આરામચેરમાં પડી હતી. એવામાં બહારથી સુમિત્રા આવી. એના હાથમાં એક મોટું છાપું હતું. આવતાની સાથે જ એણે અલકાના હાથમાં પુસ્તક છીનવી લીધું અને નજીકના ટેબલ પર પછાડતાં કહ્યું, "આખો દિવસ કોણ જાણે શું વાંચ વાંચ કરે છે! બહેનને બીજો કંઈ કામ ધંધો જ નથી." સાંભળીને અલકા ખડખડાટ હસતી હતી. ને દિગ્મૂઢ બનીને સુમિત્રાને નીરખી રહી હતી. એણે સુમિત્રાનો હાથ પકડતાં કહ્યું, "પણ કહે તો ખરી, શું થયું છે તે આમ નાચવા લાગી છે!"

"હું નાચું છું કે તું નાચે છે? નાચનારી તો સુમિત્રા નથી, અલકા છે."

અલકાનો ચહેરો ફીકો પડી ગયો. જાણે એના મોં પરની લાલી અચાનક હવામાં વિલીન થઈ ગઈ. 'નાચનારી' શબ્દે એના હૃદયના મર્મ ભાગ પર ઘા કર્યો હોય એમ એને લાગ્યું. અલકાના ગળાની આસપાસ સુમિત્રાએ બંને હાથ વિંટાળતાં એની આંખો સામે તાકીને કહ્યું, "મને આ લાડ પસંદ નથી. વાતવાતમાં રિસાય છે શાની?

આજ સુધી તો નાચ કરતી હતી. સાચી વાત કહેવામાં યે બ્હેનને ખોટું લાગે છે! મારે શું! હું તો આ ચાલી." એટલું કહીને સુમિત્રાએ પણ રીસ ચઢાવી અને ટેબલ પરથી છાપું ઉપાડી ત્યાંથી ચાલવા માંડયું. જતાં જતાં એણે અલકાનું હૃદય વાંચવા મોટેથી કહ્યું, "હું તો આવી હતી સારા માટે, પણ બ્હેનને તો ફુરસદ જ ક્યાં છે! જરાજરામાં તો મોં ચઢાવીને બેસે છે! એ તો સુમિત્રા જ સાંખી લે: બીજું કોઈ હોત તો..."

"બીજું કોણ હોય! તારા સિવાય આ બધાં તોફાન મસ્તી કોને સૂઝે?" સુમિત્રા ફરીથી પગ ધમધમાવતી એની પાસે આવી અને કાનમાં ફૂંક મારતાં કહ્યું, 'બિહારીને સૂઝે.' બિહારીનું નામ સાંભળતાં જ અલકાના ગૌર વદન પર લાલ સુરખી છવાઈ ગઈ. એના ગાલમાં શરમના શેરડા પડયા. એણે સુમિત્રાને ઠપકો આપતી હોય એ રીતે કહ્યું, "તને પણ આવી મશ્કરી કરતાં લજ્જા આવતી નથી?"

"સાચી વાત કહેવામાં શરમ કેવી?" બિહારી હમણાં અહીં હોત તો ખબર પડત. અલકા ખુરશીમાંથી ઊભી થઈ ગઈ. અને ચિઢાયેલી હાલતમાં સુમિત્રાના મોં પર હાથ દાબી બોલી, "ચિબાવલી!"

"હું ચિબાવલી! કોને કહે છે?"

"તને તને"

"લે ને હું તો આ ચાલી. હું ચિબાવલી છું તો ભલે રહી. આવતી'તી તો ખુશ ખબર આપવા, પણ બ્હેનને સાંભળવાની ફુરસદ ન હોય તો મારે ઓછી જ ગરજ છે," સુમિત્રાએ હાથમાંનું છાપું હલાવતાં કહ્યું, "કંઈ જાણ્યું કે?"

"શું?" અલકાએ આતુરતાથી પૂછ્યું.

"કંઈ નહિ. હું તો અમસ્તીજ કહેતી હતી." હવે અલકાની આતુરતા વધતી હતી. એ સુમિત્રાની નજીક ગઈ અને એના ખભે

હાથ મૂકતાં કહ્યું, " કહે તો ખરી ? છાપામાં શું આવ્યું છે ? મને પણ નહિ કહે."

" શું કરવા ? ચિબાવલીનું તારે શું કામ છે ? " સુમિત્રા એનાથી દૂર ખસીને ઊભી રહી. અલકાએ બંને હાથ જોડી પગે લાગતાં કહ્યું, " તોબાહ તારાથી ! હવે હાથ જોડું છું. તું જીતી અને હું હારી. હવે તો કહે શું આવ્યું છે ? "

સુમિત્રાએ દૂરથી જ કહ્યું, " બિહારીનો છૂટકારો. "

અલકા એની લગોલગ દોડી ગઈ અને છાપું ખૂંચવવાનો પ્રયાસ કરતાં કહ્યું, " ખોટું જોવા દે તો ! " " ભલે ખોટું રહ્યું. અહીં આવ ત્યારે તો સાચું માનીશને ? " અલકાના હ્રદયની આતુરતા વધતી હતી. એણે સુમિત્રા પાસેથી અખબાર લેવાનો ફરીથી પ્રયાસ કર્યો. એનું દિલ સાક્ષી પૂરતું હતું કે બિહારી જરૂર છૂટી ગયો છે. છતાં સુમિત્રાએ છાપું ન આપ્યું. એ દૂર હઠી ગઈ અને ટેબલ પર ચઢી ભાષણ આપતી હોય એ રીતે બોલવા માંડ્યું, " બહેનો અને ભાઈઓ " અરે અહીં તો કોઈ નથી ! એની બૂમ સાંભળીને મા પણ ઉપર આવી પહોંચી. બાજુના ખંડમાંથી રમા અને અનિલ પણ આવી પહોંચ્યાં. માએ પૂછ્યું.

" આ શું નાટક માંડ્યું છે સુમિત્રા ? " છતાં સુમિત્રાએ ન ગણકાર્યું. એનું ભાષણ ચાલુ હતું; " સાંભળો, જાણીતા મજૂર આગેવાન શ્રી બિહારીને સરકારે આગ્રા જેલમાંથી છોડી મૂક્યા છે અને તેઓ ત્યાંથી સીધા તેમના વતનમાં જવા ઉપડી ગયા છે. પરંતુ સ્ટેશન પર જ તેમના પર રાજકિય કે મજૂર આંદોલનોમાં ભાગ લેવાનો પ્રતિબંધ કરતી નોટિસ બજાવવામાં આવી છે. વધુમાં એવા સમાચાર મળે છે કે શ્રી બિહારી ટૂંક સમયમાં જ નોટીસનો ભંગ કરી ગિરફ્તારી વહોરી લેશે. એમ તેમણે છાપાના પ્રતિનિધિની મુલાકાતમાં જણાવ્યું છે. કારણ કે આવો હુકમ કોઈપણ સ્વમાની હિંદી બરદાસ્ત ન કરી શકે એમ તેમનું માનવું છે. બિહારીની મુક્તિના

સમાચારે મા, અલકા, સુમિત્રા, રમા, અને અનિલ સૌના ચહેરા પર હર્ષ પ્રગટાવ્યો હતો. પરંતુ બિહારી ફરી ગિરફતારી વ્હોરી લેનાર છે એ બિનાએ સૌના ચહેરા પર ઘેરી ચિંતા છવાઇ ગઈ. પરંતુ થોડા સમયને માટે તો બિહારીનું પુનર્મિલન સૌના સંતોષ માટે પૂરતું હતું. બિહારીના છૂટકારાએ આખાએ ઘરનું વાતાવરણ પલટી નાખ્યું હતું. રમા અને અનિલ આનંદમાં આવીને નૃત્ય કરતાં હતાં અને "મોટાભાઈ આવશે" કહીને અલકા તેમજ સુમિત્રા સાથે ગેલ કરતાં હતાં. મૃત્યુશય્યા પરથી ઊઠેલી મા ફરી એના લાડકાને છાતીએ ચાંપશે. એ સ્મરણમાત્ર "મા"ની આંખમાં નવીન ઓજસ અને હર્ષ ચમકાવતાં હતાં. સુમિત્રા અલકાને ચીઢવતી હતી પણ એના અંતરમાં એ જ સ્નેહ અને હર્ષની ભરતી આવી રહી હતી. જેલના સળિયા પાછળથી પિયુ મળવા આવતો હતો. સુમિત્રાને પણ પિયુમિલનની હોંશ હતી. પરંતુ બિહારીની મુક્તિ અને આગમને એક અલકાના હૃદયમાં કંપ ઊભો કર્યો હતો. બિહારીનું મિલન પણ એને માટે સુખદ હતું. તો પછી શા માટે તેના હૃદયના ધબકારાનો વેગ વધ્યો હતો ? શા માટે એ ગેલમાં આવી નૃત્ય કરતી ન હતી ? પડોશમાં રહેતી રાધાના આનંદનો પણ પાર ન હતો. એનો બાળપણનો ભેરુ જેલમુક્તિ પામી ઘેર આવતો હોવાથી એ પણ એનાં ઓવારણાં લેવા તૈયાર થઈ હતી. રાતના પથારીમાં પડખું ઘસતાં ઘસતાં અલકા વિચાર કરતી હતી, બિહારીનું પુનર્મિલન એ શું સુખદ નથી ! તો પછી હૃદયમાં છૂપો થડકાર શાનો હતો ? તે સંયમ તો નહિ ખોઈ બેસેને ? અલકા આખી રાત જાગતી સૂઈ રહી. બિહારીનો ખ્યાલ એના હૃદયમાં સતત્ રમતો રહ્યો હતો. બીજી બાજુ સુમિત્રાની પણ એવી જ દશા હતી. "અલકાની આજ કેટલી મશ્કરી કરી પણ એની શી હાલત હતી ?" બિહારીની મુક્તિથી એનું દિલ ક્યાં હિલોળા નહોતું લેતું ! એ તો એને મળવા તડપતી હતી. એ રાત બંનેએ અર્ધ તોફાન અવસ્થામાં જ ગાળી હતી.સવારમાં શય્યા છોડી બહાર આવી ત્યારે બંનેની આંખો લાલ હતી. બંને અન્યોઅન્યનાં સાક્ષી હતાં. બંને સમજતાં કે એમનું જાગરણ શાને આભારી હતું.

સુમિત્રા શું જુએ છે.

પ્રકરણ ૨૫ મું

બિહારી ઘેર આવી ગયો હતો અને સૌનાં દિલ આનંદથી નાચી ઊઠયાં હતાં. જે દિવસે બિહારીએ ઘરમાં પગ મૂકયો એ દિવસ આખોએ વાતોમાં પૂરો થયો. સુમિત્રાએ તમામ પ્રસંગોનો ચિતાર બિહારી સમક્ષ રજૂ કર્યો. એમાં એણે અલકાની જીવનઘટના પણ કહી સંભળાવી. બિહારીએ આમ તો અલકા વિષે જેલના સળિયા પાછળથી ઘણુંએ સાંભળ્યું હતું. પરંતુ સુમિત્રાના મોઢે અને અલકાની હાજરી સમક્ષ આ બધી હકીકત સાંભળવામાં અતિ આનંદ આવ્યો. સુમિત્રા આખોય વૃત્તાંત કહે જતી હતી અને અલકા બિહારીની સામે જ નીચું મોં રાખીને બેઠેલી હતી. છતાં સુમિત્રા જોઈ શકતી હતી કે ક્ષણેક્ષણે મળતી બંનેની દષ્ટિ એમના અંતરના ભાવો વ્યકત કરતી હતી. "મારી સામે શું જુઓ છો ?"

મેડા પર બિહારીના સૂવાના ઓરડામાં અલકા અને બિહારી એકલાં બેઠાં હતાં. અલકાએ ટગર ટગર તાકી રહેલી બિહારીની આંખોને સવાલ કર્યો, "તારું રૂપ" બિહારીએ જવાબ આપ્યો. અલકા ખડખડાટ હસી પડી.

"હવે એમાં કંઈ રહ્યું છે ખરું કે? બિહારીએ પ્રશ્ન કર્યો"

"બહુ રહ્યું છે."

"હું હવે કેવી સુંદર લાગું છું!"

"ઘણી; પહેલાં કરતાં પણ વિશેષ." બિહારીએ ઉત્તર આપ્યો.

"આગની ઝાળ લાગવાથી ચહેરો સહેજ કદરૂપો બન્યો છે." અલકાએ ઊભી થઈ બિહારીનો હાથ એના ગાલ પર ફેરવતાં કહ્યું. "જોને હવે. કેટલી કરકશ છે! રેશમની મુલાયમતા હવે નથી." અલકાના ગાલ પર બિહારીએ એનો હાથ ફરવા દીધો. હસતાં હસતાં એણે કહ્યું, "સાચું કહું છું, તું મને પહેલાં કરતાં ખૂબ સુંદર લાગે છે. રખેને કોઈ અપહરણ કરી ન જાય!"

"અપહરણ કરવા જેવું હવે છે પણ શું?"

"બહુએ છે!" એ તો રૂપના પૂજારીઓને પૂછજે.

"પણ રૂપ હોય તો ને?" અલકા દીવાલ પર ટાંગેલા આયના સમીપ ગઈ. આયનામાં એના ચહેરાનું પ્રતિબિંબ જોયું. આગની જ્વાળાઓથી ચહેરા પરની વળી ગયેલી ચામડીનાં ચિહ્નો પણ જોયાં અને એ હસી પડી. "ઓ બાપ રે! આ રૂપ તો ભારે છે. તું ખરું કહે છે બિહારી! અપ્સરાઓને પણ લજવે એવું રૂપ છે પછી તારો તો શો હિસાબ?" અલકાએ મોં ઉપર હાથ દબાવી હસવા માંડયું. બિહારીને અચાનક કંઈ યાદ આવતાં પૂછયું, "સુમિત્રા કયાં છે?"

"એમને ઘેર ગયાં છે રાતના મોડા આવવાનું કહી ગયાં છે." અલકાથી વાત છૂપી ન હતી, કે સુમિત્રા શા માટે ઘેર ગઈ છે? તે સારી પેઠે જાણતી હતી, કે બિહારી એને એકાંતમાં મળી શકે એ માટે જ સુમિત્રા ઘરનું બહાનું કાઢી ગઈ હતી."

"અલકા એક વાત માનીશ?"

"હા, માનવા જેવી હશે તો."

"મારે તારું નૃત્ય જોવું છે!"

"અહીં? આ સ્થળે! પણ એ ધંધો તો મેં છોડી દીધો ને."

"હું જાણું છું છતાં આગ્રહ કરું છું."

" હવે એ રૂપ અને જોબન પણ નથી "

" મારે તારું રૂપ નહિ; તારું નૃત્ય જોવું છે. "

" પણ મા કે સુમિત્રા બહેન આવી ચઢશે તો !" અલકાએ સંકોચ વ્યક્ત કરતાં કહ્યું.

" ભલે આવે, તે પણ જોશે. " બિહારીએ જવાબ આપ્યો. અલકાને બિહારીના આગ્રહ આગળ નમવું પડયું. એણે ડાબા પગની ઠેકી લઈને નૃત્ય આરંભ્યું. શંકર સમક્ષ ભીલડી નૃત્ય કરે એ રીતે, શરમાતી સંકોચાતી અલકાના નૃત્યમાં ધીમેધીમે વેગ આવતો હતો. આખરે તો એ એક નર્તકી હતી. નૃત્ય એ એની કલા અને ધંધો હતે આસ્તે આસ્તે કદમ ભરતી અલકાના અંગમરોડમાં સૌંદર્ય ઝબકતું હતું. નૃત્યના તાલ સાથે વાતાવરણ પલટાતું હતું. એનાં હાથ પગ અને કટિ નૃત્ય કરતાં હતાં એની સાથે અંગેઅંગ નૃત્યમા તરબોળ બનતાં હતાં. જેલના સળિયા પાછળથી પાછો ફરેલો બિહારી અલકાનું નૃત્ય નીરખતો હતો. ધીમેધીમે અલકાના માથા પરની સાડી સરકીને પીઠ પર પથરાઈ અને પીઠ પરથી જમીન સાથે ગેલ કરવા લાગી. બિહારીએ જોયું, અલકાના નૃત્યમાં અદ્‌ભુત એવું લાલિત્ય ઉભરાતું હતું; એના હસ્ત, અભિનય અને નાગની ફણા માફક ડોલન કરતા કટિ પ્રદેશ સાથે અલકાનો નાજુક દેહ નૃત્યની અદ્‌ભુત છટાથી દીપી રહ્યો હતો, એણે પ્રત્યેક અંગ અન્યોઅન્ય સાથે નિકટતા અનુભવતા હોય એ રીતે બિહારીની આંખો સામે અલકાએ જોયું. પહેલીજ વખત એ દૃષ્ટિમાં એણે નશો જોયો. બિહારીનું દિલ નૃત્ય કરતી અલકાને છાતી સાથે કચડવા ઝંખતું હતું અલકાએ એ દિલ પણ પારખ્યું. અને એણે નૃત્યની દિશા બદલી. બિહારીએ નૃત્યમાં અચાનક આવેલો ફેરફાર જોયો. બે ગુંડાઓ સામસામી છરીઓ લઈને એક-બીજાની સામે ઘૂરકતા હતા. બંને એકબીજા પર ખંજર ચલાવવા ઉત્સુક

બન્યા હતા. અલકાએ અભિનય દ્વારા એ દૃશ્ય બતાવ્યું. ત્યાં તો વચ્ચે એક સ્ત્રી આવી અને બંનેની વચમાં ઊભી રહી બંને તરફ હાથ લંબાવી એણે છૂરીઓ મ્યાન કરવાની વિનંતિ કરી લડતા અટકાવવા માટે આડા હાથ ધર્યા; છતાં બનેની છૂરીઓ ચમકતી રહી એમાંથી કોઈ શાંત પડતું ન હતું. પેલી સ્ત્રીએ બંનેને હાથ જોડયા. આજીજીઓ કરી, એમના પગે પડી; છતાં ગુંડાઓની છૂરી મ્યાન થતી ન હતી. આખરે પેલી સ્ત્રી એક ગુંડા સામે ધસી ગઈ. એણે બળ કરીને વીજળી વેગે છૂરી આંચકી લીધી અને પોતાની છાતીમાં ખોસી દીધી. પેલી સ્ત્રીના હૃદયમાંથી લોહીનો ફુવારો ઉડયો. અને એ નિશ્ચેતન બનીને જમીન પર પડી. પેલા ગુંડાઓ પણ ખંજર નાખીને એને પકડવા દોડયા. બિહારીએ જોયું, અલકા જમીન પર પડેલી હતી. અલકાના નૃત્યે એના હૃદય પર જબરી અસર કરી હતી. કોમી હુલ્લડમાં ગાંધીજીએ દર્શાવેલાં જાત બલિદાનનો એ અભિનય હતો! આવા બલિદાનમાં એ માનતો ન હતો અને જાતે મરી ફીટવાનો આદર્શ એની વિચાર–સરણીને રૂચ્યો પણ ન હતો. પરંતુ એ જ ચિત્ર જ્યારે એણે અલકાના નૃત્યમાં નિરખ્યું, ત્યારે એના હૃદય પર ચોટ લાગી હતી એ કબૂલ કર્યા વિના એનો છૂટકો ન હતો નૃત્ય કરતાં કરતાં જમીન પર પડેલી અલકાને બિહારીએ ઊંચકીને ખાટલામાં સુવાડી. બિહારી એની લગોલગ એના દેહને સ્પર્શીને બેઠો હતો. અલકાએ આંખો ખોલી. બિહારીના મોં પર સ્મિત ફરક્યું. એ સ્મિતમાં અલકાએ નશો નહિ પણ સ્નેહ છલકાતો જોયો. બિહારીના નયનમાં અલકાએ પ્રેમનાં અશ્રુ ભાળ્યાં. એણે બિહારીનો હાથ પોતાના હાથમાં લીધો. એની કોમળ હથેલી વચ્ચે દબાયેલા સખ્ત હાથે સ્નેહની અનુકંપા અનુભવી. અલકાએ ધીમેધીમે એ હાથને ઉરપ્રદેશ પર ખેંચ્યો અને હૃદય સરસો ચાંપી દીધો. બિહારીનો દેહ અલકા પ્રતિ ખેંચાતો હતો. બંનેની આંખમાં સ્નેહનો જામ છલકાતો હતો. અલકાએ બિહારીનો હાથ જોરથી ખેંચ્યો અને બિહારીનો દેહ

લકાના દેહ સાથે ભીડાવ્યો. આંખો, અધર અને હૃદય એકબીજાનું ાનિધ્ય સાધી એકબીજામાં સમાયાં હતાં. અલકાએ બિહારીનો હાથ ઈને આંખોએ અડાડયો અને તેની આંખો પર બિહારીનો હાથ કી એણે નયન બીડયાં. અનંત સ્નેહથી જકડતી હોય એ રીતે એણે ોહારીના દેહને પોતાના દેહ સાથે જોરથી બીડાવ્યો અને બંનેના ધર એકબીજાને સ્પર્શી રહ્યા.

અચાનક સુમિત્રાની બૂમે બંને ઝબકીને જાગી ઊઠયાં. સુમિત્રાએ ેયું, અલકા અને બિહારી એકબીજાના દેહમાં સમાઈ ને પડયાં હતાં. બારણામાં જ થંભી ગઈ અને પાછી ફરી, અલકા સફાળી જાગી ઠી અને એણે બૂમ મારી, " સુમિત્રા, સુમિત્રા ! " પરંતુ ત્યાં જવાબ ાપવા કોઈ હાજર ન હતું. બિહારીએ અલકા પ્રતિ દૃષ્ટિ ફેંકી તો ણે એના ચહેરા પર વિષાદની ઘેરી રેખાઓ અંકિત થયેલી જોઈ. ેક પળમાં એકાએક શું થઈ ગયું, એની બિહારીને સમજ પડી નહિ. ક્ત અલકા અને સુમિત્રા એ ફેરફાર સમજી શકયાં હતાં !

અલકા બિહારીનું ઘર છોડે છે.

પ્રકરણ ૨૬ મું

અલકાની મનોવ્યથાનો પાર ન હતો. છેલ્લા બે ચાર દિવસથી તો અલકા અને સુમિત્રાનું વર્તન સૌને નવાઈ પમાડે એવું લાગતું હતું. બિહારી પણ આ ફેરફારનું કારણ સમજી શકયો ન હતો. આમ તો બંને સાથે બેસતાં હતાં, ફરતાં હતાં અને જમતાં હતાં. પણ સુમિત્રા આજ પર્યંત જે લાડ કરતી ચીઢવતી હતી, અલકાની મજાક કરવામાં એને જે આનંદ આવતો હતો, તે બધું અદૃશ્ય થયું હતું. માના સમજવામાં પણ આ પરિવર્તન આવ્યું નહિ, બિહારીએ પ્રતિબંધનો ભંગ કરવાનો નિર્ણય તો કર્યો હતો, પરંતુ થોડો સમય રાહ જોવાનું એણે ઉચિત માન્યું હતું. સુમિત્રાના ચહેરા પર છવાયેલી વિષાદની રેખાઓથી અલકાનું અંતર રડતું હતું. પોતે ગુનેગાર હોય એ રીતે એનું હૃદય ડંખતું હતું. સુમિત્રાને એ વારંવાર બોલાવતી હતી. પરંતુ સુમિત્રા કામ પૂરતી જ વાત કરતી હતી અને લાંબી ચર્ચામાં ઉતરતી નહિ. તે મેડા પર જઈને પુસ્તક વાંચવામાં તલ્લીન બનતી. બિહારી સાથે સુમિત્રા છૂટથી વાત કરતી. ચર્ચા કરતી. અને હસી મજાક પણ ઉડાવતી હતી. પણ અલકા હાજર હોય એ દરમ્યાન તે પ્રશાંત સાગરની માફક ધીર અને ગંભીર બની જતી. એની મસ્તી અને તોફાન ઊડી જતાં હતાં. એક દિવસ બિહારીએ હસતાં હસતાં પ્રશ્ન કર્યો, "કેમ અલકા સાથે હવે હાસ્ય મજાક નથી કરતી?"

" અમસ્તાં જ; નથી ગમતું એટલે."

" હવે મોટી થઈ એટલે કે ?"

" હા, મને લાગે છે કે બહુ તોફાન મસ્તી સારાં નહિ." બિહારી એને વધારે પૂછતો નહિ. પણ અલકા સુમિત્રાનો એકએક શબ્દ સમજી શકતી હતી, એને હવે આ ઘર શૂન્ય ભાસતું હતું. આમ તો સૌ એની સાથે બોલતાં હતાં. બિહારીની મા, રમા, અને અનિલ સૌ કોઈ એને પોતાની ગણતાં હતાં. સુમિત્રા પણ જરૂર પડે એની પાસે આવીને વાત કરતી. પરંતુ જ્યારે જ્યારે સુમિત્રા અને એની આંખો એક થતી ત્યારે બંને એકબીજાને જોઈ રહેતાં. બંને અન્યોઅન્યને શંકાની નજરે જોતાં હતાં. જે સહાનુભૂતિ, જે સ્નેહ અને મસ્તી સુમિત્રાની આંખમાં આજ પર્યંત અલકાએ જોયાં હતાં, તેને બદલે હવે એ આંખોમાં દિલની વેદના અને આછો તિરસ્કાર જણાતાં હતાં. અલકાના દિલમાં તરેહતરેહના વિચારો ઉભરાતા હતા. એને વિચાર આવ્યો, બિહારી પ્રતિબંધનો ભંગ કરશે એ ચોક્કસ છે. એની છેલ્લી મુલાકાત સુધી અહીં રોકાવું કે નહિ ?' વળી વિચાર આવ્યો, ' પરંતુ આ સ્થિતિમાં શી રીતે રહેવું ? બિહારીનો મોહ ત્યજ્યા વિના છૂટકો નથી. બિહારી પરનો હક્ક તો મેં ઉઠાવી લીધો છે. તો પછી શા સારૂ મારે સુમિત્રા અને બિહારીના માર્ગમાં રુકાવટ કરવી જોઈએ !' વિચારોનો પ્રવાહ અટકતો ન હતો. એનું હ્રદય પૂકારી ઊઠ્યું, ' એક પુરુષને બે સ્ત્રીઓ ન ચાહી શકે ? જરૂર ચાહી શકે.' એને અંતરનો જવાબ મળ્યો. ' પરંતુ મેં તો સુમિત્રા અને બિહારીના લગ્નના મનોરથ રચ્યા છે. મારી જ આકાંક્ષાઓ અને ઊર્મિઓને હું તોડી રહી છું. શા માટે ? મારા પોતાના જ માટે ?' એનું મગજ ભમી ગયું હતું. એક પછી એક દૃશ્યો નજર સમક્ષ આવીને વિખરાતાં હતાં, તે દિવસે સુમિત્રાની હાજરીમાં મેં બિહારી એને દાનમાં અર્પ્યો છે. મારા સ્વાર્પણની ભાવનાએ હું એક

નાચનારી હોવા છતાં સુમિત્રાના હૃદયમાં કેટલું મહાન સ્થાન પ્રાપ્ત કર્યું હતું ! એ સ્થાન શું હું જાતે જ ગુમાવી રહી નથી ? બિહારીનો મોહ મારે છોડવો જ જોઈએ. એના પર સુમિત્રાનો હક્ક મેં રાજી-ખુશીથી આપ્યો છે. સ્નેહથી આપ્યો છે. હું જ સુમિત્રાને બિહારીને સોંપીને જતી રહું, એ જ શ્રેષ્ઠ રાહ છે.' અલકાએ નિર્ણય કરી નાંખ્યો. એની મનોવ્યથાનો અંત આવ્યો. સુમિત્રાને બિહારીના હાથમાં સોંપીને ઘર છોડવાનો એણે નિર્ણય કર્યો. અલકા જમી પરવારી મેડા પર ચઢતી હતી. દાદરનાં પગથિયાં પર સુમિત્રા મળી એનો હાથ પકડી સ્નેહભર્યાં નયને પૂછ્યું, "ક્યાં જાય છે બહેન ?"

"બહાર જાઉં છું. અમારા મહિલામંડળની મિટિંગ છે."

"બહુ ઉતાવળ છે ?"

"હા મોડું થઈ ગયું છે."

"થોડી વાર ઉપર આવીશ ? તને વાત કરવી છે."

"અત્યારે મને સમય નથી, જે કહેવું હોય તે બિહારીને કહેજે." સુમિત્રાએ ટાણો માર્યો. અલકાના મર્મ ભાગ પર ચોટ લાગી. એનું હૃદય ભરાઈ આવ્યું.

"પણ તને જ કહેવા જેવું હોય તો ?"

"મને કંઈ કહેવા જેવું નથી." એટલું કહી સુમિત્રા પગથિયાં ઉતરી ગઈ. અલકાની આંખમાં ભરાઈ આવેલાં પાણીનાં ટીપાં દાદરનાં પગથિયાં પર ટપક્યાં. સુમિત્રાએ જતાં જતાં પાછળ જોયું. ત્યારે અલકા દયાર્દ્ર વદને દાદરમાં જ ઊભી હતી.

"સુમિત્રા, અલકા ક્યાં ગઈ છે. કંઈ ખબર છે ?"

"ના મને ખબર નથી." રાત પડવા આવી છતાં અલકા ઘેર આવી ન હતી. આમ તો એ બિહારીના આગમન પછી બહુ બહાર પણ જતી નહિ. ઘરમાં સૌ કોઈ એની ચિંતા કરતાં હતાં. મા તો

બિચારી બાવરી બની ગઈ હતી. રાત વધતી હતી. છતાં અલકા ઘેર પાછી આવી ન હતી. બિહારીએ માને પૂછ્યુ. જવાબ મળ્યોઃ– "બહાર ફરવા જાઉં છું, હમણાં પાછી આવીશ"–કહીને અલકા ઘરની બહાર ગઈ હતી. બિહારીની અધિરાઈ વધતી હતી. એણે ઓળખીતાં મંડળો, યુનિયનની ઑફિસો, મજૂરલત્તાઓમાં તેમજ નિર્મળાને ત્યાં ખબર કઢાવી. ક્યાંએ અલકાનો પત્તો લાગ્યો નહિ. સુમિત્રા ધીમેધીમે ભાનમાં આવતી હતી. બપોરના દાદરનાં પગથિયાં પર ઊભાં ઊભાં એણે અલકાને જે જવાબ આપ્યો હતો તે દૃશ્ય યાદ આવ્યું. અલકાની આંસુભીની આંખ પણ એણે જોઈ હતી. ખૂબ શોધ કરવા છતાં અલકાનો ક્યાંય પત્તો ન લાગ્યો, સુમિત્રા પણ હવે મૂંઝાતી હતી. તેનું દિલ પૂકારતું હતું. અલકા ઘર છોડીને ચાલી ગઈ છે. અને તે માટે તેજ કારણભૂત હતી. અલકા, શૂન્ય ઘરમાં અલકાનાં જૂનાં સ્મરણો એની આંખ આગળ રમવા લાગ્યાં. સુમિત્રાને લાગ્યું, અલકા તેને છોડીને ચાલી ગઈ છે. બિહારીની સાથે એ પણ એની શોધમાં નીકળી. જાણકાર સ્થળોએ પૂછપરછ કરી. સુમિત્રાએ જાતે કેટલીક સંસ્થાઓ, મંડળો અને બીજાં સ્થળોએ તપાસ કરી, પણ એનો પત્તો ન લાગ્યો. બિહારી અલકાના અસલ નિવાસસ્થાને પહોંચ્યો. એણે વિચાર્યું, કદાચ કંટાળીને જ ત્યાં પાછી ગઈ હશે. પણ ત્યાં તો કોઈ ન હતું. સુમિત્રાએ નિર્મળાને પૂછ્યું. નિર્મળા અને એ બંને પણ બહાર ફરી આવ્યાં. જગતાપ અને બિહારીએ પણ જૂદેજૂદે સ્થળે ભાળ કાઢી પણ અલકાનો પત્તો ન લાગ્યો. બધા નિરાશ વદને ઘેર આવ્યા, 'મા'એ બિહારીને પૂછ્યું, "કેમ પત્તો લાગ્યો કાંઈ?"

"ના." બિહારીએ નિરાશાના ઉદ્‌ગાર કાઢ્યા. બિહારીને ચોક્કસ એ વાતની પ્રતીતિ થઈ હતી, "કારણ વિના અલકા આમ જતી ન રહે." "મા"ની આંખમાંથી દડદડ આંસુ ટપકતાં હતાં. અલકાના જવાથી એને કૂખની દીકરી ખોવાઈ હોય એટલું દુઃખ

થયું. સુમિત્રાનું અંતર પણ રડતું હતું. અલકા એની બહેન જેવી અલકાના ચાલી જવાથી એ બધું ભૂલી ગઈ. એ શાથી ચાલી ગઈ હશે એનું કારણ કંઈક અંશે સુમિત્રા સમજતી હતી. એટલે એ સૌથી વધુ ગમગીન હતી.

"લે, વાંચ." સુમિત્રા ઉપર આવી એટલે બિહારીએ પત્ર એના હાથમાં મૂક્યો. એ પત્રના હસ્તાક્ષર એણે ઓળખ્યા. પત્ર તો અલકાનો હતો. સુમિત્રાએ વિહ્‌વળ દૃષ્ટિએ બિહારી સામે જોયું અને એણે પત્ર ખોલી વાંચવા માંડયો. પત્ર બિહારી પર લખાએલો હતો. રાતના સૂવાના સમયે મેડા પર આવીને બિહારીને કબાટ ઉઘાડવા જતા પહેલાં ખાનામાંથી અલકાનો પત્ર મળ્યો, એ પત્ર એણે વાંચ્યો. એવામાં સુમિત્રા ઉપર આવી અને એને પણ તે આપ્યો. સુમિત્રાએ એ પત્ર વાંચવા માંડયો. જેમજેમ એ પત્ર વાંચતી ગઇ, તેમતેમ મુખ પર ભાવ બદલાતા હતા. પત્ર વાંચતાં વાંચતાં બિહારીએ જોયું તો સુમિત્રાની આંખો ભરાઇ આવી હતી અને જેમજેમ એ પત્ર વાંચતી ગઈ, તેમતેમ એનું હૃદય હાલી ઊઠયું. અલકાનો પત્ર વાંચીને એની સ્થિતિ અતિ કરુણ બની હતી. બિહારીએ કહ્યું, "કેમ, હજુ અલકાને ઓળખી કે નહિ?" સુમિત્રાએ કંઈ જવાબ ન આપ્યો. પરંતુ પત્ર લઈને જ એ ખાટલામાં બેસી ગઈ. અલકા વિષે એણે થોડા સમય પૂર્વે બાંધેલો ખ્યાલ હવામાં ઊડી ગયો. હવે તો એનું અંતર અલકાને પૂકારવા લાગ્યું.

"બિહારી! તું એને ગમે ત્યાંથી શોધી લાવ."

"હવે એ અશક્ય છે."

"કારણ?"

"હું માનું છું કે હવે એ પાછી નહિ ફરે."

"તને મળવા પણ નહિ આવે?"

"ના." સુમિત્રાથી હવે વધુ બોલાયું નહિ. એનો કંઠ ભરાઈ આવ્યો, અલકાના પત્રે એના હૃદય પર ભારે આઘાત કર્યો હતો. અલકાના સ્વાર્પણ સમીપ તે સાવ તુચ્છ લાગતી હતી. ખાટલામાં પડયાં પડયાં બે હાથે મોં ઢાંકીને રુદન અટકાવવાને તે પ્રયાસ કરતી હતી. પણ એ રીતે એનું રુદન અટકયું નહિ. નજીકમાં ઊભા ઊભા બિહારીએ એનાં ડૂસકાં સાંભળ્યાં. એ એની પાસે ગયો. એના માથે હાથ ફેરવવા લાગ્યો. સુમિત્રા એને વળગી પડી. એની છાતી પર માથું નાખી હૃદય હલકું કર્યું. બિહારીનું પહેરણ એનાં આંસુથી ભીંજાઈ ગયું. સુમિત્રાને હૃદય સાથે ચાંપી આશ્વાસન આપ્યું. અલકાએ બપોરના દાદરનાં પગથિયાં ઉતરતાં સુમિત્રાને બોલાવી છતાં સુમિત્રાએ એને સંતોષ થાય એવો જવાબ ન આપ્યો. મેડા પર આવીને એ ખૂબ રડી. અંતે એણે બિહારીનું ઘર છોડવા નિર્ણય કર્યો. એમાં એને બિહારી, સુમિત્રા, અને પોતાનુ સુખ જણાયું. એણે ઝડપથી બિહારી પર એક પત્ર લખી નાંખ્યો. અને કબાટના ખાનામાં મૂકી "મા"ને મળીને ઘર છોડી ચાલી ગઈ. પત્રમાં અલકાએ લખ્યું હતું:—

બિહારી! હું કદાચ હવે પાછી નહિ ફરું. તમારા બધાનો પ્યાર છોડીને જતાં દિલના અણુએઅણુ તૂટે છે. તને હું ભૂલી શકતી નથી અને તારો મોહ મને લોહચુંબકની માફક વળગ્યો છે. એ મોહ ત્યાં રહું તો ઘટે નહિ પણ વૃદ્ધિ જ પામે. સુમિત્રા મારાથી કેમ જૂદી થઈ ગઈ છે એ હું સમજતી નથી. એની વેદનાઓ સમજી શકું છું. મારાથી જાણ્યે અજાણ્યે એને અન્યાય થયો હોય તો કહેજે કે માફ કરે. મેં તને સુમિત્રાને સોંપી દીધો છે. એ ભેટ તો મેં રાજીખુશીથી તું જેલમાં હતો ત્યારની આપી દીધી છે. તારા પરથી મારો હક્ક ઉઠાવી લીધો છે અને એ હક્ક સુમિત્રાને બક્ષિસમાં આપ્યો છે. સુમિત્રા મારી તો બહેન છે. રુઠે એનો મને રંજ નથી. મારી બહેનને

હું તને સોંપું છું. તેનું જીવની પેઠે જતન કરજે. સુમિત્રાને એટલું કહેજે કે અલકાને જે આઘાત થયો છે, જે વેદના થઈ છે, એ બધુંએ વિસરી જવા એ તમને બધાને છોડી ચાલી નીકળી છે. બાકી સુમિત્રાનું સુખ એ જ મારૂં સુખ છે. "મા" સમક્ષ અસત્ય ઉચ્ચારીને ઘરનો ત્યાગ કર્યો છે. "મા" રમા અને અનિલ, તું અને સુમિત્રા એ બધાને છોડીને જતાં પગ ધ્રૂજતા હતા, દિલ કાંપતું હતું અને આંખે અંધારાં આવતાં હતાં, છતાં કિસ્મતને ભરોસે હાલ નીકળી છું. દૂરના એક ગામડામાં નાનપણમાંની સાહેલી છે, એને ત્યાં જવાનો વિચાર છે. ફાવી જશે તો ત્યાં જ ગામડાને જીવન અર્પણ કરીશ. ફરી કયારે મળીશું એ નક્કી નથી. સુમિત્રાને કહેજે—મને માફ કરે.

તારી અલકા

આખી રાત, અલકા વિષે વાતો કરતાં અને ચિંતામાં બંનેએ ગાળી. સવારમાં બિહારીને મજૂર વિસ્તારમાંથી સમાચાર મળ્યા. "અલકા રાત્રે ચંદનને ત્યાં સૂઈ ગઈ હતી અને સવારની ટ્રેન પકડી ગામડે જવા રવાના થઈ ગઈ છે." બિહારી અલકાના વિચાર કરતોજ ઊઠયો હતો. સુમિત્રાએ કંઈ આશાનું કિરણ પ્રત્યક્ષ થતું હોય એમ પૂછ્યું, "અલકાનું સરનામું ખબર છે?"

"ના, લખતી ગઈ નથી." સુમિત્રાના વદન પર એ જ વખતે ફિક્કાશ તરવરી ઊઠી અને એની હૃદયવ્યથાના ભાવો ચહેરા પર ચમકી ઊઠયા.

અલકા ગામડામાં થાણું નાખે છે. પ્રકરણ ૨૭ મું

અલકા સાત વર્ષના અંતે શાંતાને મળી. બાળપણની સાહેલીને અચાનક મળતાં શાંતાને ખૂબ આનંદ થયો. શાંતા અને અલકા બંને એકજ ગામમાં રહેતાં હતાં. બાળપણની સખીઓ શાંતાનું લગ્ન થતાં એકબીજાથી વિખૂટી પડી હતી. ત્યારપછી તો અલકાનો મોટો ઇતિહાસ રચાયો. સાતવર્ષના અંતે શાંતાના ગામડે આવીને બારણામાં પગ મૂકતાં અલકાએ પૂછ્યું, "અંદર આવવાની રજા છે કે?" રસોડામાંથી બહાર આવીને શાંતાએ જોયું. ચાર આંખો એક થઇ. એકબીજાને ઓળખ્યાં. "અલકા, મારી બહેન" કહી શાંતા એને ભેટી પડી. સ્નેહપૂર્વક એનો હાથ પકડીને અંદર લઈ આવી. શાંતાની પાસે થોડીવારમાં "બા, બા," કરતાં બે બાળકો દોડતાં આવ્યાં. એકની ઉમર ચાર વર્ષની તો બીજાની ત્રણ વર્ષની હતી. બંનેનાં નામ કુસુમ અને કમલ હતાં. અલકાએ એ બાળકોને સમીપ ખેંચીને ખોળામાં બેસાડયાં. કુસુમે પૂછ્યું, "બા, આ કોણ છે?" "માશી." શાંતાએ જવાબ આપ્યો. થોડીજવારમાં બંને બાળકો "માશી–માશી આવી" કહીને કલ્લોલ કરવા લાગ્યાં. થોડીવારમાં રજનીકાંત આવ્યો. માથાપર અણીદાર ગોઠવેલી ખાદીની ટોપી અને પગથી તે માથા સુધીની ખાદીનાં વસ્ત્રોમાં સજ્જ થયેલા રજનીકાંતને અલકા જોઇજ રહી.

"એમને ઓળખો છો? મારી બાળપણની સાહેલી છે, એનું નામ અલકા છે."

"અલકા ! નામ તો સાંભળ્યું છે. અરે ! ભૂલ્યો. વર્તમાન-પત્રોમાં કોઈ અલકા નામની સ્ત્રી વિષે બહુ આવતું હતું. હિંદુ-મુસ્લિમ રમખાણમાં જેણે આગમાં પોતાની જિંદગી હોમી હતી. કહે છે કે એક નાચનારી હતી. છતાં એનાં કાર્યોએ એને ઉચ્ચ સ્થાન આપ્યું છે. તમે એ તો નહિ હો !"

અલકા નિરુત્તર રહી એટલે રજનીકાંતને વધારે શંકા ગઈ. એણે ધારી ધારીને અલકાના ચહેરા પ્રતિ જોયું. કંઈ ઓળખાણ પણ હોય એમ લાગ્યું. અખબારના પ્રગટ થયેલા ચિત્રને હૂબહૂ મળતો આવતો ચહેરો જોઈને રજનીને ખાતરી થઈ, "તેજ આ સ્ત્રી હોવી જોઈએ." રજની એની પાસે ગયો અને ચરણરજ લેવા જતો હોય એમ નીચા પડીને કહ્યું, "મેં તમને ઓળખી કાઢ્યાં છે. આજે હું અને શાંતા બન્ને પાવન થયાં." અલકાએ રજનીના હાથ પકડી લીધા ને ગદ્‌ગદ કંઠે બોલી, "હું એ માનને યોગ્ય નથી. રજની ભાઈ!" પછી તો શાંતા, રજની અને અલકા ત્રણે સાથે જમ્યાં. ખૂબ વાતો કરી. અલકાની રોમાંચિત કહાણી શાંતા અને રજનીએ સાંભળી. વાતો દરમિયાન શાંતાના મોઢે અલકાએ એના માતા પિતા કોલેરામાં મૃત્યુ પામ્યાના સમાચાર સાંભળ્યા. હૃદય પર સહેજ આંચકો લાગ્યો. પણ તરત જ એની અસર જતી રહી. મા-બાપને છોડીને વર્ષોથી ચાલી નીકળેલી અલકાને એમના અવસાનથી બહુ દુ:ખ થયું નહિ.

શાંતાએ રજનીને કહ્યું, 'એમનો વિચાર આપણા ગામમાં થાણું નાખવાનો છે. તેઓ અહીં જ રહેવા માંગે છે અને આમ્યજનોની સેવામાં બાકીની જિંદગી ગાળવાનો વિચાર છે."

"એ તો ઘણો જ ઉમદા ખ્યાલ છે. આપણે ખુશીથી તેમને મદદ કરીશું"

અલકાએ પહેલી જ નજરે રજની પર એની પ્રતિભા પાડી હતી. રજની પણ આવી સ્ત્રી અહિંયાં સેવાનું થાણું નાંખે એ વાત

સાંભળી ખુશ થયો. રજનીકાંતે બી. એ. સુધી અભ્યાસ કર્યો હતો. શરૂઆતથી જ એને ગામડાં પર આકર્ષણ હતું. એની દૃઢ માન્યતા હતી કે હિંદનાં સાત લાખ ગામડાંઓના ઉદ્ધાર વિના સ્વરાજ શક્ય નથી. ગામની અંગ્રેજી શાળાનો એ મુખ્ય શિક્ષક હતો. એ ઉપરાંત ગામની અન્ય પ્રવૃત્તિઓ જેવી કે સામાજિક પ્રગતિ વ્યાયામ, ગ્રામ્ય સફાઈ, ગ્રામ્ય સુધારણા, કેળવણી તેમજ રાજકીય આંદોલનો એ બધામાં રજનીકાંતનો મુખ્ય ફાળો હતો. ગામનો એ આદર્શ શિક્ષક હતો. ગામ લોકો પણ એને ખૂબ ચહાતા હતા. અલકાનો સંકલ્પ એને ખૂબ ગમી ગયો હતો. અલકા જેવી નિઃસ્વાર્થ અને ત્યાગી સ્ત્રીના સહકારથી એ ગ્રામ્ય ઉદ્ધારનાં સ્વપ્ન રચવા લાગ્યો. થોડા જ સમયમાં એને ગામ લોકોનો સહકાર મળી ગયો અને અલકાની પ્રેરણાથી " ગ્રામ્ય સેવામંડળ "ની સ્થાપના કરવામાં આવી. અલકા અને રજની એનાં પ્રાણ બની ગયાં. શાંતા એમની સહાયક તરીકે બની રહી. શાંતાનું ગામ હવે અલકાનું પોતાનું બની ગયું હતું. ગામના લોકો એના પ્રતિ ભારે આદરની નજરે જોતા હતા. ગામની સ્ત્રીઓ તો વાતવાતમાં " અલકાબહેન " કહીને એની પાસે પહોંચી જતી. અલકા સૌ કંઈ ભૂલીને ગામ લોકોની સેવામાં તનતોડ મહેનત ઉઠાવતી હતી. એણે આવીને ગામની અભણ સ્ત્રીઓને ભણતી કરી. નિરક્ષરતાનિવારણ માટે તેણે આંદોલન ઊભું કરી ઠેરઠેર શાળાઓ ખોલી. એણે લોકોને ગ્રામ્ય સફાઈ અને ખાદીનો સંદેશો આપ્યો. એણે અસ્પૃશ્યતાને અપનાવવાનો આદેશ કર્યો. એણે કોમકોમ વચ્ચેની એકતા સમજાવી અને હિંદુ મુસ્લિમ કુટુંબનો ભાઈભાઈનો સંબંધ સમજાવી કજિયાનો અંત આણ્યો. એણે કુરિવાજો, કન્યાવિક્રય, વરાઓ અને રૂઢિ સામે ઝંડો ઉઠાવ્યો. આખું ગામ નવી જિંદગી અનુભવતું હતું. રામપુરનો આત્મા સડી ગયેલું કલેવર ફેંકી દઈને નૂતન દેહમાં પ્રવેશતો હતો. થોડા સમયમાં આસપાસના જિલ્લામાં રામપુરની મધુર ભાવના પ્રસરી ગઈ. રામપુરની જનતામાં સેવા

ભાવનાનું નવું સર્જન થયું. અલકાએ રામપુરને આદર્શ ગામડું બનાવ્યું. રામપુરમાં ઘેરઘેર સ્ત્રીઓ રેંટિયો ફેરવતી થઈ. રામપુરમાંથી વિદેશી વસ્તુઓને દેશવટો મળ્યો અને એની જગ્યાએ કંચન જેવી સાફ અને સ્ફટિક જેવી સફેદ ખાદી ઘરઘરમાં પ્રસરી ગઈ. આખા ગામની પ્રજામાં નવું જીવન અને જોમ આવ્યાં. અલકાના આનંદનો પાર ન હતો. રામપુરને પોતાનું થાણું બનાવ્યું હતું રજનીને સાથે લઈ એ ગામમાં ઘૂમતી હતી. સાજા માંદાઓની એ સંભાળ લેતી હતી. હરિજનોના મહોલ્લામાં ફરતી હતી. પ્રૌઢ શિક્ષણના વર્ગો બરાબર ચાલે છે કે નહિ એની તપાસ રાખતી હતી. એણે પણ લીધું હતું કે બે વર્ષની અંદર આ ગામમાં કોઈ નિરક્ષર ન રહેવો જોઈએ. રજનીની પાસે પણ અલકાએ પણ લેવડાવ્યું હતું. એ ગામડાના કિસાનોને પણ મળતી હતી. ખોટા રિવાજો, વહેમ, રૂઢિ અને લગ્નનાં આકરાં બંધનોમાં એ ક્રાંતિની ચિનગારી ફેંકતી હતી. રજનીને સાથે લઈ એ ખેડૂતની ઝૂંપડીઓમાં ફરતી હતી. લીલાં હરિયાળાં ખેતરો અને અનાજના ઢગલાઓને આતુર નયને એ જોઈ રહેતી. અને તોએ "હિંદનો કિસાન ભૂખ્યો મરે છે!" એ પ્રશ્ન વારંવાર એના હૃદયમાં અથડાતો હતો. આર્થિક અસમાનતા અને શાહુકાર તેમજ સરકાર બંનેની વચમાં ભીંસાતો કંગાળ ખેડૂત અલકાએ જોયો. એણે ખેડૂતોને જાગ્રત કર્યા. શાહુકાર અને સરકારના અન્યાય સામે માથું ઉંચકવાનો આદેશ આપ્યો. અન્યાય સામે સ્વમાનથી ખડા રહેવાનું એણે ખેડૂતોના ઘરઘરમાં ફરીને સમજાવ્યું. અલકાની પ્રેરણાએ કિસાનો જાગ્યા. નાનકડું રામપુર પ્રવૃત્તિથી ગાજી રહ્યું. શાહુકાર અને સરકાર બંનેનો એને ડર લાગ્યો. સત્તાધારી વર્ગ ગામમાં આ નવી આવેલી સ્ત્રીથી ડરવા લાગ્યો. કેટલાકને વિચાર સ્ફુર્યો, "એનાં કાંઈ છિદ્રો હાથ આવે તો સારું; ગામમાંથી કાઢીએ."

"બીજાએ જવાબ આપ્યો, "હવે હું એને ઓળખું છું એ તો નાચનારી છે પણ મુંબઈમાં જબરું કામ કર્યું હતું; હિંદુ મુસ્લિમ રમખાણ વખતે કહે છે કે આ સ્ત્રીએ જીવના જોખમે કામ કર્યું હતું અને ત્યાંના મજૂરોની એ મોટી આગેવાન છે."

અને ગામના વિઘ્નસંતોષીઓના હાથમાં વાત આવી એટલે એમણે વિરોધી પ્રચાર શરૂ કર્યો. "અલકા એક નાચનારી છે. આખા ગામને નાચતા કરશે, બહેન દીકરીઓને વંઠાવશે. એ નાચ-કણને ગામ બહાર કાઢો."

છતાં ગામ એના પર ફિદા હતું. ગામની તમામ સ્ત્રીઓ, યુવતિઓ અને કુમારીકાઓ અલકાની પડખે હતી ગામનો જુવાનવર્ગ એમની સાથમાં હતો. એક દિવસ આખું ગામ ભેગું થયું. ગામની તમામ જનતા ચોરામાં ઉભરાઈ હતી. ગામમાં પોતાના વિષે ચાલતી ચર્ચાનો અલકાએ જવાબ આપ્યો. માથા પર વીજળી પડતી હોય એમ સૌએ સાંભળ્યું, "હા. એ ખરું છે. હું એક નાચનારી છું. પણ એથી લોકસેવાનો મારો હક્ક કોઈ છીનવી શકે તેમ નથી. આ ગામ મને રાખવા માંગશે તો રહીશ. નર્તકી તરીકેના મારા જીવન-માંથી મને જે નવી જિંદગી મળી છે, એનો પ્રચાર હું બેધડક કરતી રહીશ. હું કોઈ ને અહીં નચાવવા આવી નથી. અલબત્ત સમાજ સામે મારી તો એ લડત પણ ઊભી જ છે. જેણે એક નહિ પણ હજારો નર્તકીઓનો અને પતિતાઓનો અસ્પૃશ્ય સમાજ ઊભો કર્યો છે; હજારો સ્ત્રીઓએ રૂપની હાટડીઓ બાંધી છે અને દેહનાં લીલામ કરીને જેઓ જીવનનિર્વાહ કરે છે, એની જવાબદારી પણ સમાજની છે. અનેક સ્ત્રીઓ એક યા બીજી ભૂલના કારણે એ દુનિયામાં પડેલી છે. એમાંની કોઈ ને પતિએ તરછોડી છે, કોઈ ને વેચીને એના પૈસા ઉપજાવ્યા છે, તો કોઇએ દલાલીમાં સોંપી છે, તો કોઈ દરબદર વખાની મારી જીવન ગુજારા માટે પતિતા બની છે. નર્તકીઓ અને પતિતાઓનો

સર્જક પણ સમાજ છે. આપણામાંના જ જેઓ એમને તિરસ્કારે છે, તેઓ જ મધરાતની રોશનીમાં દામ લઈને આવે છે. સમાજે ઊભી કરેલી એમની દુનિયાનું પોષણ પણ સમાજ કરે છે. રૂપનું બજાર એ પણ ગુલામીનો અંશ છે. સમાજે તરછોડેલી, પદદલિત કરેલી અભાગી સ્ત્રીઓના બધા રસ્તા પછીનો આ છેલ્લો રસ્તો છે. નર્તકી તરીકે મેં આ બધું જોયું છે અને અનુભવ્યું છે. ગુલામીથી સબડતી આ દુનિયામાંથી માર્ગ બતાવનાર મને મળી ગયો. એણે મને બહારનું નહિ પણ મૂળ દર્દ બતાવ્યું. સડી ગયેલા વૃક્ષને મૂળમાંથી ઉખેડી ફેંકવાની દિશા બતાવી, ત્યારથી મારો રસ્તો ખુલ્લો થયો છે. નર્તકી તરીકેની મારી કમાણીમાંથી મજૂરોની હડતાલો ચાલી છે. મજૂર લત્તાઓમાં શિક્ષણકેન્દ્રો ખૂલ્યાં છે. મારા પૈસાનો મજૂરોની સેવામાં સદ્‌ઉપયોગ થયો છે. એ કમાણી તમે નીતિની કહો કે અનીતિની, પણ મને તો એકજ વાતનો સંતોષ છે, કે મારી કમાણી બર આવી છે. હજારો કામદારોની હડતાળ એના પર ટકી હતી અને એમના જ હિતમાં એ પૈસાનો વ્યય થયો છે. એનાથી વિશેષ મને બીજો કોઈ આનંદ નથી. મારા નૃત્ય પર ફિદા બનીને પગમાં દોલત પાથરનારાઓની લક્ષ્મીનો મેં મજૂર ચળવળ અને મજૂરોના હિતમાં ઉપયોગ કર્યો છે. અને મને કોઈ જમીનદાર આવીને કહે કે "મારે તારો નાચ જોવો છે," અને જો મારા નાચથી હજારો કિસાનોને રાહત મળતી હોય તો હું આ પ્લેટફોર્મ પર નાચ કરતાં પણ અચકાઉં નહિ. બે પ્રસંગો હું મારા જીવનમાં ધન્ય ગણું છું. એક તો "બિહારી"ના મિલનનો કે જેણે મને નવી દિશા આપીને મારી દોલત પીડિત જનતાના આંદોલનોમાં વાપરી અને બીજો પ્રસંગ તે "નર્તકી"નોઃ જો હું નર્તકી ન બની હોત તો આજે જે રીતે ઊભી રહી છું, તેમ ઊભી ન રહેત. મારે કોઈને નાચનારી બનાવવી નથી કે નચાવવાં નથી. હું તો ગુલામીનું મૂળ કાઢવા આ ગામને પ્રયોગશાળા બનાવવા માગું

છું. મારે તો બધી ગુલામી કાઢવી છે. આર્થિક, સામાજિક અને રાજકીય: આ ગામમાં રહીને મારી છેલ્લી કામના પૂરી કરવા દેશો તો ગામની જીવનભર ઋણી રહીશ."

લોકોની મેદનીના એક ખૂણામાંથી કોઈ વૃદ્ધનો અવાજ આવ્યો. "ધન્ય છે. આ તો બિલ્વમંગળને તારનારી ચિંતામણિ છે." અલકાના વદન પર આનંદ પ્રગટયો.

કોઇ બીજાએ પૂછ્યું, "બિહારી કોણ છે?" એટલામાં તો રજની ઊભો થયો. એણે સચોટ પણ તીખી આગ ઝરતી વાણીમાં અલકા સામે ધૂળ ઉડાડનારાઓને ચાબખા માર્યા અને અલકાનો રોમાંચિત ઈતિહાસ ગામલોકો આગળ રજૂ કર્યો. ગામલોકો તો આ બધું સાંભળીને દિગ્મૂઢ બની ગયા. વિરોધીઓના હાથ હેઠા પડયા. ગામલોકોએ અલકાની તરફદારી કરી, એટલુંજ નહિ પણ એની સગવડો સાચવવાની કબૂલાત આવી. અલકાના કંઠપ્રદેશમાં સૂતર અને પુષ્પની હારમાળા પથરાઈ હતી. અલકા અને રજની બંને આનંદથી પુલકિત થઈ ઊઠયાં હતાં. ગામલોકોની અપૂર્વ મમતાએ અલકાના હૃદય પર ઊંડી અસર કરી.

રામપુરમાં અલકાએ થાણું નાખ્યે હજુ થોડો જ સમય થયો છે, ત્યાં તો રામપુરની કીર્તિસુવાસ ચોમેર પ્રસરતી હતી. આસપાસના જિલ્લાઓમાં રામપુર આદર્શ ગામડા તરીકે વિખ્યાત બન્યું: અને રાષ્ટ્રભરના નેતાઓ, સરકારી અધિકારીઓ, પ્રવાસીઓ તેમજ અખબારોના પ્રતિનિધિઓ અલકાએ સર્જેલા "નૂતન ગ્રામ"નાં દર્શન માટે આવતા હતા.

*

અલકાનું જીવન ધન્ય બન્યું હતું. થોડા જ સમયમાં "અલકા"ને હાથે રામપુરનું નવસર્જન થતું સૌએ જોયું. રામપુરનો આત્મા અને

દેહ નવેસરથી ઘડાતો હતો. રામપુર રચનાત્મક ક્રાંતિને પંથે હતું. રામપુરના ઘરઘરમાં ઉદ્યોગશાળાઓ, અને હાથરેંટિયાઓ ચાલુ થયા. રામપુરનો આત્મા જાગ્રત થયો. "નિરક્ષરતાનિવારણ"નું પ્રચંડ આંદોલન અલકાએ શરૂ કર્યું. કુરિવાજો અને અસંસ્કારિતા સામે બંડ પૂકાર્યું. દૂર બેઠાં બેઠાં બિહારી અને સુમિત્રાએ અલકાની કીર્તિનાં યશોગાન સાંભળ્યાં, પરંતુ ફરીથી તા. ૨૬ મી જાન્યુઆરી આવી. આ દિવસ હિન્દુસ્તાનની આઝાદીના પૂજનનો હોઈ શહેરે-શહેર અને ગામડેગામડે આગેવાનોની ધરપકડ થઈ. આ વખતે સૌથી પ્રથમ અલકા ગિરફતાર થઈ. રામપુરે અલકાને ભાવભીની વિદાય આપી. એના દેહને ફૂલોથી નવાજ્યો.

એજ દિવસે બિહારી અને સુમિત્રા ઝડપાયાં. કારાવાસમાં "ત્રણ હૈયાં" પુનઃ ભેગાં મળ્યાં. ત્રણેના દિલમાં અવાજ ઊઠ્યો, "કોણ મહાન?" દરેકનું અંતર જૂદા પડઘા પાડી રહ્યું.

'ઇન્કિલાબ — ઝિંદાબાદ.'

JACKET PRINTED BY LOROKIN PRINTERY, AHMEDABAD